પાના ૮, કિંમત રૂ.૨, તા. ૨૧-૦૫-૨૦૨૬-ગુરુવાર, સુરત

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૧ ● અંક : ૧૩૬ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in | pratapdarpan_official | pratapdarpansrt@gmail.com | pratapdarpan_official11

# વિદેશથી પાછા ફરતા જ મોદીની તાકિદની બેઠકથી સસ્પેન્સ

■ **કેબીનેટથી માંડીને રાજયકક્ષાના મંત્રીઓને હાજર રહેવા તથા દિલ્હી ન છોડવા સુચના અપાતા ભારે રાજકીય ઉત્તેજના**

**નવી દિલ્હી, તા. ૨૧**

પાંચ દેશોના પ્રવાસેથી પરત ફરતાની સાથે જ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે તાકિદની બેઠક બોલાવી છે. તમામ મંત્રીઓને હાજર રહેવાની સુચના અપાતા રાજકીય સસ્પેન્સ સર્જાયું છે. પશ્ચિમ એશિયાના યુધ્ધના સંકટ વચ્ચે આર્થિક પગલાઓની ચર્ચા હશે કે સરકારમાં કેબીનેટ ફેરબદલની વાત હશે તે વિશે અટકળો અને તર્કવિતર્કો વ્યક્ત થઈ રહ્યા છે.

પાટનગરના સેવાતિર્થ ખાતે આ બેઠક બપોરે ચાર વાગ્યે છે અને તેમાં તમામ કેબીનેટ, સ્વતંત્ર હવાલો ધરાવતા ઉપરાંત રાજ્યકક્ષાના મંત્રીઓને પણ ઉપસ્થિત રહેવા કહેવાયું છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી પોતાના વિદેશ પ્રવાસ પરથી ભારત પરત ફરતાની સાથે જ એક અત્યંત મહત્વપૂર્ણ અને હાઈ-લેવલ બેઠકની અધ્યક્ષતા કરશે. આ બેઠકમાં કેબિનેટ કક્ષાના તમામ વરિષ્ઠ મંત્રીઓથી લઈને તમામ જુનિયર (રાજ્યકક્ષાના) મંત્રીઓ પણ ફરજિયાતપણે સામેલ થવાના છે.

અચાનક તમામ મંત્રીઓને આગામી દિવસોમાં દિલ્હીની બહાર ન જવા અને રાજધાનીમાં જ ટકેલા રહેવાનો આદેશ મળતાં આ મીટિંગને લઈને સસ્પેન્સ અને ઉત્સુકતા ચરમસીમાએ પહોંચી છે. વૈશ્વિક અને આંતરિક પરિસ્થિતિઓને જોતા આ બેઠકમાં દેશની સુરક્ષા અને આર્થિક સ્થિતિ સાથે જોડાયેલા મહત્વપૂર્ણ પાસાઓ પર મંત્રીઓ સમક્ષ વિસ્તૃત વિગતો રાખવામાં આવશે.

આ બેઠકનો સૌથી મોટો એજન્ડા અમેરિકા-ઈરાન વચ્ચે ચાલી રહેલો તણાવ અને હોર્મુઝની ખાડીનું સંકટ છે. સરકાર સતત એ વાત પર નજર રાખી રહી છે કે આ યુદ્ધ જેવી સ્થિતિની ભારતમાં કાચા તેલની કિંમતો, વૈશ્વિક સપ્લાય ચેઈન અને સ્થાનિક મોંઘવારી પર શું અસર પડશે.

પીએમ મોદીના વિદેશ પ્રવાસ દરમિયાન રક્ષામંત્રી રાજનાથ સિંહની આગેવાનીમાં એક હાઈ-પાવર ગ્રુપ બનાવવામાં આવ્યું છે, જેમાં ગૃહમંત્રી અમિત શાહ, નાણામંત્રી નિર્મલા સીતારમણ અને હરદીપ સિંહ પુરી સામેલ છે, જેઓ ૨૪ કલાક સ્થિતિ પર નજર રાખી રહ્યા છે.

જો કે, રક્ષામંત્રીએ દેશને ભરોસો આપ્યો છે કે ભારતમાં ક્રૂડ અને એલપીજીનો પૂરતો સ્ટોક ઉપલબ્ધ હોવાથી ગભરાવાની જરૂર નથી. રાજકીય ગલિયારાઓમાં સૌથી મોટી ચર્ચા એ વાતની છે કે આગામી ૧૦ જૂને મોદી સરકાર ૩.૦ ના શાસનનું એક વર્ષ પૂર્ણ થઈ રહ્યું છે.

આ પૂર્વે જૂનના બીજા સપ્તાહમાં કેબિનેટમાં બહુ મોટો ફેરબદલ અથવા વિસ્તરણ જોવા મળી શકે છે. અનેક મંત્રીઓના વિભાગો બદલાય તેવી પ્રબળ શક્યતા છે. આથી, આજે યોજાનારી આ હાઈ-લેવલ બેઠકને આગામી કેબિનેટ વિસ્તરણની પૂર્વતૈયારી અને મંત્રીઓના રિપોર્ટ કાર્ડની સમીક્ષા સાથે જોડીને જોવામાં આવી રહી છે.



## બંગાળના મદરેસાઓમાં વંદે માતરમ ગાવું ફરજિયાત

### ગૌહત્યા પર પ્રતિબંધ, સીએએ લાગુ અને બીએસએફ ફેન્સિંગ થશે : ૧૨ દિવસમાં સરકારના ૧૨ નિર્ણયો



**નવી દિલ્હી, તા. ૨૧**

પશ્ચિમ બંગાળ સરકારે રાજ્યના લઘુમતી બાબતો અને મદરેસા શિક્ષણ વિભાગ હેઠળ આવતી તમામ મદરેસાઓમાં 'વંદે માતરમ' ગાવું ફરજિયાત કર્યું છે.

૧૯ મેના રોજ જારી કરાયેલા આદેશ મુજબ, આ નિયમ સરકારી મોડેલ મદરેસાઓ, સરકારી સહાયતા અને બિન-સહાયતા માન્યતા પ્રાપ્ત મદરેસાઓ પર તાત્કાલિક લાગુ પડશે.નવા આદેશ બાદ હવે વર્ગ શરૂ થાય તે પહેલાં સવારની પ્રાર્થના સભા (એસેમ્બલી)માં વંદે માતરમ ગાવું ફરજિયાત રહેશે.આ પહેલાં મદરેસાઓમાં સવારની પ્રાર્થના દરમિયાન રાષ્ટ્રગાન 'જન ગણ મન' અને કવિ ગુલામ મુસ્તફાનું 'અનંત અસીમ પ્રેમમય તુમી' (બંગાળી ગીત) ગાવામાં આવતું હતું. હવે તમામ મદરેસાઓએ આ આદેશનો અમલ કર્યા બાદ તેનો રિપોર્ટ પણ વિભાગને સુપરત કરવો પડશે.પશ્ચિમ બંગાળ સરકારે ૧૩ મેના રોજ રાજ્યની તમામ સ્કૂલોમાં સવારની એસેમ્બલીમાં 'વંદે માતરમ' ફરજિયાત કર્યું છે. તમામ વિદ્યાર્થીઓએ તેમાં ભાગ લેવો પડશે.આ ઉપરાંત, સરકારે ગોહત્યા સંબંધિત ૧૯૫૦ના કાયદા અને ૨૦૧૮ના કલકત્તા હાઈકોર્ટના આદેશનો ઉલ્લેખ કરતા એક નોટિસ જારી કરી છે. આ નોટિસમાં કહેવામાં આવ્યું છે કે 'ફિટનેસ સર્ટિફિકેટ' વિના કોઈપણ પશુ-ભેંસની હત્યા સંપૂર્ણપણે પ્રતિબંધિત છે.

કેન્દ્ર સરકારે ૧૧ ફેબ્રુઆરીએ રાષ્ટ્રગીત 'વંદે માતરમ' બાબતે નવી માર્ગદર્શિકા જાહેર કરી હતી. આદેશમાં સ્પષ્ટ લખ્યું હતું કે જો રાષ્ટ્રગીત 'વંદે માતરમ' અને રાષ્ટ્રગાન 'જન ગણ મન' સાથે ગાવામાં આવે કે વગાડવામાં આવે, તો પહેલા વંદે માતરમ ગાવામાં આવશે. આ દરમિયાન ગાનારા કે સાંભળનારાઓએ સાવધાન મુદ્રામાં ઊભા રહેવું પડશે.

આદેશ મુજબ તમામ સ્કૂલોમાં દિવસની શરૂઆત રાષ્ટ્રગીત વગાડ્યા પછી જ થશે. નવા નિયમો અનુસાર, રાષ્ટ્રગીતના તમામ ૬ અંતરા ગાવામાં આવશે, જેની કુલ સમય ૩ મિનિટ ૧૦ સેકન્ડ છે. અત્યાર સુધી મૂળ ગીતના પહેલા બે અંતરા જ ગાવામાં આવતા હતા.

## પશ્ચિમ બંગાળમાં ફાલતા બેઠક પર શાંતિપૂર્ણ મતદાન

### એક માત્ર બેઠક પર ફેર મતદાન માટે ભારે સુરક્ષા

નવી દિલ્હી, તા. ૨૧

પશ્ચિમ બંગાળના ફાલતા વિધાનસભા મતવિસ્તારમાં આજે ફરીથી મતદાન થઈ રહ્યું છે. સવારે ૯ વાગ્યા સુધીમાં, ૨૦.૪૭% મતદાન નોંધાયું છે. કુલ ૨૮૫ મતદાન મથકો બનાવવામાં આવ્યા છે.

અહીં સાંજે ૬ વાગ્યા સુધી મતદાન થશે. છેલ્લી વાર ૨૯ એપ્રિલે મતદાન થયું હતું. આરોપ હતો કે કેટલાક બૂથ પર EVMમાં ભાજપના બટન પર ટેપ ચોંટાડવામાં આવી હતી. અન્ય ઘણા બૂથ પર EVMમાં ગડબડીના સમાચાર આવ્યા હતા. આ પછી ચૂંટણી પંચે ફરીથી મતદાનનો આદેશ આપ્યો. પરિણામ ૨૪ મેના રોજ આવશે.

ચૂંટણી પંચે આ વખતે બૂથ પર બમણી સુરક્ષા કરી દીધી છે. પહેલા જ્યાં દરેક બૂથ પર ૪ જવાન તૈનાત હતા હતા. આ વખતે આઠ જવાનોની ડ્યુટી લગાવવામાં આવશે.

ફાલતામાં મુખ્ય મુકાબલો TMC અને ભાજપ વચ્ચે છે. જોકે TMC ઉમેદવાર જહાંગીર ખાને બે દિવસ પહેલા ઉમેદવારી પાછી ખેંચવાની જાહેરાત કરી હતી. જોકે EVMમાં તેમનું નામ અને પાર્ટીનું સિમ્બોલ રહેશે.૨૯ એપ્રિલે મતદાન પછી ફાલતા વિસ્તારમાં તણાવ ઘણો વધી ગયો હતો. તે દિવસે ઘણા બૂથો પરથી ફરિયાદો મળી હતી કે ઈફસ પર ભાજપના સિમ્બોલ પર ટેપ ચોંટાડવામાં આવી હતી. તત્કાલીન ઓબ્ઝર્વર સુબ્રત ગુપ્તાએ પોતે મતવિસ્તારની મુલાકાત લીધી અને તપાસ કરી. ઓછામાં ઓછા ૬૦ બૂથમાં છેડછાડના પુરાવા મળ્યા.EVMમાં કથિત હેરાફેરી ઉપરાંત, તપાસમાં એ પણ સામે આવ્યું કે ઘણા મતદાન કેન્દ્રો પર લાગેલા વેબ કેમેરામાં ફૂટેજ સાથે પણ છેડછાડ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

અનુસંધાન પાના ૭ પર

## વડાપ્રધાન મોદીને એસ્ટોનિયા પધારવા આમંત્રણ અપાયું

### ભારત અમારા માટે મહત્વપૂર્ણ ભાગીદાર : માર્ગુસ

નવી દિલ્હી, તા. ૨૧

એસ્ટોનિયાના વિદેશ મંત્રી માર્ગુસ ત્સાહકનાએ ભારત સાથે સંબંધો મજબૂત કરવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પોતાના દેશમાં આવવાનું આમંત્રણ આપ્યું છે. તેમણે કહ્યું કે એસ્ટોનિયા ભારતને ખૂબ જ મહત્વપૂર્ણ ભાગીદાર માને છે અને બંને દેશો વચ્ચે વેપાર, છૈં, IT અને સંરક્ષણ ક્ષેત્રે સહયોગ ઝડપથી વધી રહ્યો છે.

રાજધાની તાલિનમાં PTIને આપેલા ઈન્ટરવ્યુમાં ત્સાહકનાએ કહ્યું, "એસ્ટોનિયા ખૂબ ખુશ થશે જો PM મોદી અમારા દેશ આવે. વિદેશ મંત્રી એસ. જયશંકરનું પણ સ્વાગત છે. જેટલી વધુ ઉચ્ચ-સ્તરીય મુલાકાતો થશે, તેટલું સારું રહેશે."

તેમણે કહ્યું કે ભારત વિશ્વનો સૌથી મોટો લોકતંત્ર છે અને વૈશ્વિક સ્તરે તેની ભૂમિકા સતત વધી રહી છે. એસ્ટોનિયા ભારતીય કંપનીઓ માટે યુરોપિયન યુનિયનના બજારોનો પ્રવેશદ્વાર બની શકે છે.

ત્સાહકનાએ કહ્યું કે સંરક્ષણ ઉદ્યોગ, IT અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ જેવા ક્ષેત્રોમાં સહયોગની મોટી સંભાવનાઓ છે. તેમણે એસ્ટોનિયાના ઈ-રેસિડેન્સી પ્રોગ્રામનો ઉલ્લેખ કરતા કહ્યું કે ભારતીય કંપનીઓ તેનો ઉપયોગ કરીને યુરોપમાં પોતાનો કારોબાર વધારી શકે છે.

વિદેશ મંત્રીએ કહ્યું કે એસ્ટોનિયા ૨૦૨૭માં યુક્રેન

અનુસંધાન પાના ૭ પર

## ઉત્તર પ્રદેશમાં ૪૮, મધ્ય પ્રદેશ અને મહારાષ્ટ્રમાં ૪૭ ડીગ્રી તાપમાન

### ચોમાસું ત્રણ દિવસની આંદામાન-નિકોબારની આસપાસ અટવાયું

**નવી દિલ્હી, તા. ૨૧**

૨૫ મેથી નૌતપા શરૂ થઈ રહ્યા છે, પરંતુ તે પહેલા જ તાપમાન ૪૮°C પર પહોંચી ગયું છે. આ આંકડો ઉત્તર પ્રદેશના બાંદામાં નોંધાયો. તાપમાનની દ્રષ્ટિએ ૨૦ મેના રોજ બાંદા વિશ્વનું ત્રીજું સૌથી ગરમ શહેર રહ્યું.બાંદા કરતાં વધુ તાપમાન ફક્ત ઈજિપ્તના અસવાનમાં ૪૯.૪C અને સાઉદી અરેબિયાના અરાફાતમાં ૪૮.૪C નોંધાયું. વિશ્વભરમાં સૌથી વધુ તાપમાનની યાદીમાં ખજુરાહો ૪૭.૪C સાથે ચોથા નંબર પર રહ્યું.બુધવારે ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ, રાજસ્થાન, હરિયાણા, દિલ્હી, પંજાબ, ઓડિશા અને મહારાષ્ટ્રના ૧૬ શહેરોમાં પણ તાપમાન ૪૬°C થી વધુ રહ્યું.હવામાન વિભાગ મુજબ પાકિસ્તાનના બલુચિસ્તાન અને થાર રણમાંથી આવતી સૂકી અને ગરમ હવાઓ સીધી ઉત્તર ભારતના મેદાની વિસ્તારોમાં પહોંચી રહી છે. આનાથી મેના છેલ્લા અઠવાડિયા કે જૂન જેવી ગરમી અત્યારથી જ અનુભવાઈ રહી છે.મહારાષ્ટ્રના વર્ધામાં ૪૭.૧°C, હરિયાણાના રોહતકમાં ૪૬.૯°C, મહારાષ્ટ્રના નાગપુરમાં ૪૬.૬C અને મધ્ય પ્રદેશના નૌગાંવમાં પણ પારો ૪૬.૬C સુધી પહોંચી ગયો.

એમ્સ દિલ્હીમાં મેડિસિન વિભાગના પ્રોફેસર ડો. નીરજ નિશ્ચલના મતે સવારે ૧૦ વાગ્યાથી બપોરના ૩ વાગ્યા સુધી તડકાથી બચો. વૃદ્ધો, બાળકો અને પહેલાથી બીમાર લોકોને આવી ગરમીથી વધુ જોખમ છે. જ્યારે તરસ ન પણ લાગે, ગળું ન સુકાય હોય, તો પણ પાણી પીતા રહો. દિવસભરમાં ૪ લિટર પાણી પીવો. અત્યંત ગરમીના કલાકો દરમિયાન કોઈ પણ સખત શારીરિક શ્રમ ન કરો. ઢીલા અને હળવા રંગના કપડાં જ પહેરો.

ચોમાસાની આગળ વધવાની ગતિ પણ અટકી ગઈ છે. હાલ તે ત્રણ દિવસથી એક જ સ્થળે આંદામાન-નિકોબાર અને કોલંબોની

અનુસંધાન પાના ૭ પર

## થાણેના કોમ્પ્લેક્સમાં આગ ફાયરમેન, ગાર્ડ જીવતા ભૂંજાયા

### આગ બૂઝાવવાનો પ્રયાસ કરનાર બે ફાયરકર્મીઓ પણ દાઝયા

થાણે, તા. ૨૧

અત્રે રેલ્વે સ્ટેશન પાસે આવેલ એક ગામદેવી માર્કેટ કોમ્પ્લેકસમાં આજે વહેલી સવારે ભયાનક આગ લાગી હતી. પોતાના જીવની પરવાહ કર્યા વગર આગ બુઝવવાનો પ્રયાસ કરનાર એક સુરક્ષા કર્મી અને ફાયરબ્રિગેડના ફાયરમેનનું આગમાં દાઝી જવાથી મૃત્યુ થયું હતું. જયારે બે ફાયર કર્મીઓ દાઝી જતા તેમને સારવાર માટે હોસ્પિટલે ખસેડાયો હતો.

આગ વહેલી સવારે ૩-૪૫ વાગ્યે લાગી હતી. કોમ્પ્લેકસમાં કાપડ, ફળ, શાકભાજી દુકાનો અને સ્ટોલ આવેલા છે. આગે જોત

જોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કરતા જવાળાઓ ઉપર ઉઠવા લાગી હતી અને આકાશ ધુમાળાથી છવાઈ ગયું હતું.

જેના કારણે પુરા વિસ્તારમાં અફડાતફડી મચી ગઈ હતી. કોમ્પ્લેક્ષામાં મોટી માત્રામાં કપડાની દુકાન અને અન્ય જવલનશીલ સામગ્રી હોવાથી આગ બુજાવવામાં જહેમત ઉઠાવવી પડી હતી.

## ઈરાન પર હુમલા અંગે ટ્રમ્પ અને નેતન્યાહુ વચ્ચે મતભેદ

### ઈરાન પરનો હુમલો અટકાવવો અમેરિકાની ભૂલ છે : ઈઝરાયેલ

નવી દિલ્હી, તા. ૨૧

ઈરાન યુદ્ધને લઈને અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુ વચ્ચે મતભેદ ખુલ્લેઆમ સામે આવ્યા છે. ઝહ્રદ્નના રિપોર્ટ અનુસાર, નેતન્યાહુ ઈચ્છે છે કે ઈરાન પર હુમલા ચાલુ રહે, જ્યારે ટ્રમ્પ હાલમાં વાતચીત અને ડીલને તક આપવા માંગે છે.

રિપોર્ટ અનુસાર, મંગળવારે બંને નેતાઓ વચ્ચે લગભગ એક કલાક સુધી ફોન પર વાતચીત થઈ. અમેરિકી અધિકારીએ જણાવ્યું કે નેતન્યાહુએ ટ્રમ્પને કહ્યું કે ઈરાન પર પ્રસ્તાવિત હુમલા રોકવા એ ભૂલ છે અને સૈન્ય કાર્યવાહી ચાલુ રહેવી જોઈએ.CNN અનુસાર, ટ્રમ્પે રવિવારે નેતન્યાહુને જણાવ્યું હતું કે અમેરિકા ઈરાન પર નવા ટાર્ગેટેડ હુમલાની તૈયારી કરી રહ્યું છે.આ ઓપરેશનને 'ઓપરેશન સ્લેજહેમર' નામ આપવામાં આવવાનું હતું. પરંતુ લગભગ ૨૪ કલાક પછી ટ્રમ્પે જાહેરાત કરી દીધી કે મંગળવાર માટે નિર્ધારિત હુમલાઓને હાલ પૂરતા રોકી દેવામાં આવ્યા છે. ટ્રમ્પે કહ્યું કે કતાર, સાઉદી અરેબિયા અને UAE જેવા ખાડી દેશોની અપીલ પર આ નિર્ણય લેવામાં આવ્યો.



અમેરિકામાં ઈરાન યુદ્ધ વિરુદ્ધ વિરોધ તેજ બન્યો છે. વોશિંગ્ટન ડીસીમાં અમેરિકી કેપિટલની બહાર પૂર્વ સૈનિકો અને તેમના સમર્થકોએ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની સૈન્ય કાર્યવાહી વિરુદ્ધ પ્રદર્શન કર્યું.

પ્રદર્શનમાં મોટી સંખ્યામાં પૂર્વ સૈનિકો સામેલ થયા. ડેમોક્રેટ સાંસદ ટેમી ડકવર્થ અને ટિમ કેન પણ પ્રદર્શનમાં પહોંચ્યા. તાજેતરના દિવસોમાં અમેરિકી કોંગ્રેસ અને પૂર્વ સૈનિક જૂથોમાં ટ્રમ્પની ઈરાન નીતિને

અનુસંધાન પાના ૭ પર

## તા.૨૯મીએ ભારતનું પ્રથમ હવામાન એક્સચેંજ શરૂ થશે

### રેઈન મુંબઈમાં દાવ લગાવી શકાશે, અનુમાન વેચી નાણા કમાઈ શકાશે

નવી દિલ્હી, તા. ૨૧

નૈઋત્યનું ચોમાસુ જેમ નજીક આવી રહ્યું છે તો હવામાન વિભાગની સાથે લોકોની પણ આશા-ઉતેજના વધી છે. હાલ દેશના મોટા ભાગના વિસ્તારો ભારે ગરમી હેઠળ છે અને ધમધોકાર વરસાદ જે તેમાં રાહત આપી શકશે પણ આ ચોમાસાએ જબરો સસ્પેન્સ પણ આગાહીઓની નેગેટીવથી સર્જાયા છે.

તે વચ્ચે તમો હવે શેરબજારની જેમ રેન બજાર કે સેન્સેકસની જેમ રેન ઈન્ડેકસ પર પણ સતાવાર રીતે પૈસા દાવ પર લગાવી શકશો. દેશનું પ્રથમ 'રેન મુંબઈ' અથવા તો કહો દુનિયાનું પ્રથમ આ પ્રકારે વરસાદ આધારીત ઈન્ડેકસ તા.૨૯ મે થી શરૂ થશે.

તેમાં વ્યક્તિગત રોકાણકારોની કંપનીઓ દાવ લગાવી શકશે. નેશનલ કોમોડીટી એન્ડ ડેરીવેટીવ્સ એકસચેંજ જે એનસીડીઈએકસ તરીકે ઓળખાય છે તે આ નવો પ્રયોગ કરવા જઈ રહી છે. આ એકસચેંજ સાથે વરસાદથી જે જે ક્ષેત્ર તે અસર થાય છે તે દાવ લગાવી શકશે.

જેમાં વ્યક્તિગત રોકાણકાર વિજળી કંપનીઓ, એગ્રી પ્રોસેસીગ યુનિટ અને અન્ય પણ સામેલ છે. આ એકસચેંજ તા.૩૦ સપ્ટેમ્બર એટલે કે ભારતમાં નૈઋત્યના ચોમાસાના વિદાયની જે સતાવાર તારીખ છે ત્યાં સુધી કાર્યરત રહેશે. દુનિયાનું આ પ્રથમ રેનફોલ ઈન્ડેક્સ છે.

જો કે શિકાગોમાં મર્કન્ટાઈલ

અનુસંધાન પાના ૭ પર

## કેદરાનાથમાં વિશાળ ભેખડ ધસી પડતા હજારો યાત્રાળુઓ ફસાયા

### સતત વરસાદ વચ્ચે રાત્રે દુર્ઘટના સર્જાતા યાત્રાળુઓ ભયભીત

દેહરાદુન, તા. ૨૧

ઉતરાખંડ સ્થિત પવિત્ર ચારધામ યાત્રામાં હજારો-લાખો લોકો ઉમટી રહ્યા છે. જયારે કેદારનાથના માર્ગે પ્રચંડ ભૂસ્ખલન થતાં ૧૦૦૦૦થી વધુ યાત્રાળુઓ ફસાઇ ગયા હતા. સરકારી તંત્ર દ્વારા યુધ્ધના ધોરણે રાહત-બચાવ કામગીરી હાથ ધરીને તમામને સુરક્ષિત બહાર કાઢવામાં આવ્યા હતા.

સતાવાર સુત્રોએ કહ્યું કે રૂદ્ર પ્રયાગમાંથી ૧૦૪૫૦ યાત્રાળુઓને સુરક્ષિત બહાર કાઢવામાં આવ્યા હતા. સોનપ્રયાગ તથા ગૌરીકુંડ વચ્ચે ભારે વરસાદ બાદ ભૂસ્ખલન સર્જાયું હતું. કાટમાળના ઢગલાને કારણે મુખ્ય ધોરીમાર્ગ બંધ થઇ ગયો હતો અને હજારો યાત્રાળુઓ ફસાઇ ગયા હતા.



ગાઢ અંધકારમાં ભારે વરસાદ વચ્ચે સતત પથ્થરો પડતા હોવાથી અધવચ્ચે અટવાઇ પડેલા મુસાફરોમાં ગભરાટ અને ભયનો માહોલ સર્જાયો હતો. ડીઝાસ્ટર મેનેજમેન્ટની ટીમોને તત્કાળ દોડાવવામાં આવી હતી. યુધ્ધના ધોરણે ઓપરેશન હાથ ધરીને ૧૦૪૫૦ યાત્રાળુઓને સુરક્ષિત બહાર કાઢવામાં આવ્યા હતા.

# પ્રાકૃતિક ખેતીથી ડાંગના ખેડૂતોએ કરી ૮ લાખ સુધીની કમાણી

## ડાંગ બન્યું ગુજરાતનું સ્ટ્રોબેરી ડબ : વિન્ટર ડોન, અર્લી વિન્ટર , કમેરોઝા, સ્વીટ ચાર્લી, નાભિલા સહિત ૯ જાતની થાય છે ખેતી

સુરત, તા.૨૧

ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને વર્તમાન વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના કાર્યકાળમાં ગુજરાતનું કૃષિ અને બાગાયત ક્ષેત્ર અભૂતપૂર્વ પરિવર્તનનું સાક્ષી બન્યું છે. ખેડૂત-કેન્દ્રિત નીતિઓ, સિંચાઈની સુવિધાઓ અને ટેક્નોલૉજીના સમન્વયથી રાજ્યમાં ખાસ કરીને બાગાયતી ખેતીને ઘણું પ્રોત્સાહન મળ્યું છે. ખેડૂતો પરંપરાગત ખેતીને બદલે બાગાયત પાકોની ખેતી કરીને મબલખ કમાણી કરી રહ્યા છે. ગુજરાતના સ્ટ્રોબેરી હબ તરીકે ઊભરેલા ડાંગ જિલ્લાએ આ પરિવર્તનનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. અનુકૂળ આબોહવા, પ્રાકૃતિક ખેતી અને વધતી બજાર માંગને કારણે જિલ્લામાં સ્ટ્રોબેરીની ખેતીમાં સતત વધારો થયો છે. વર્ષ ૨૦૨૨-૨૩માં જ્યાં ૨૦ હેક્ટરમાં સ્ટ્રોબેરીની ખેતી થતી હતી, તે હવે ૨૦૨૫-૨૬માં વધીને અંદાજે ૩૩ હેક્ટર સુધી પહોંચવાની શક્યતા છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ડાંગને દેશનો પ્રથમ પ્રાકૃતિક કૃષિ કરતો જિલ્લો જાહેર કરવામાં આવ્યો છે. પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન મળવાથી ખેડૂતોએ સ્ટ્રોબેરી ઉત્પાદનમાં નોંધપાત્ર સફળતા મેળવી છે. સ્ટ્રોબેરીનું ઉત્પાદન વર્ષ ૨૦૨૨-૨૩ના ૧૪૦ મેટ્રિક ટનથી વધીને ૨૦૨૪-૨૫માં ૧૯૬ મેટ્રિક ટન સુધી પહોંચ્યું છે. જ્યારે વર્ષ ૨૦૨૫-૨૬માં આ આંકડો ૨૩૩ મેટ્રિક ટન સુધી પહોંચવાનો અંદાજ છે.ડાંગ જિલ્લાની આબોહવા અને જમીન સ્ટ્રોબેરીની ખેતી માટે અનુકૂળ માનવામાં આવે છે. આ પાક પાણીનો યોગ્ય નિકાલ કરી શકતી, સેન્દ્રિય તત્ત્વોથી ભરપૂર, રેતાળ અને ગોરાડુ જમીનમાં સારી રીતે ઊગે છે. આ જમીનનો પીએચ ૫.૫ થી ૭.૦ વચ્ચે હોય છે અને તે નુકસાનકારક સૂક્ષ્મજીવોથી મુક્ત માનવામાં આવે છે. ઉપરાંત, અનુકૂળ વરસાદ અને શીતળ વાતાવરણ સ્ટ્રોબેરીની ખેતી માટે વધુ લાભદાયી બને છે. સ્ટ્રોબેરી ટૂંકા ગાળાનો પાક હોવાથી તેને ફૂલ આવવામાં અને ફળ બનવા માટે ૮ થી ૧૨ કલાક સૂર્યપ્રકાશ આવશ્યક છે, જ્યારે દિવસ દરમિયાન ૨ ૨ઞ થી ૨૫ઞ અને રાત્રે ૭ઞ થી ૧૩ઞ તાપમાન આ પાક માટે આદર્શ માનવામાં આવે છે.

### પ્રાકૃતિક ખેતીથી ખેડૂતો માણી રહ્યા છે સ્ટ્રોબેરીની મીઠાશ

ગુજરાત સરકારના બાગાયત વિભાગ દ્વારા તાલીમ શિબિરોના આયોજન અને માર્ગદર્શન મળવાના કારણે ખેડૂતો પ્રાકૃતિક ખેતી તરફ વળી રહ્યા છે. ડાંગને પ્રાકૃતિક જિલ્લો જાહેર કરાયા બાદ અહી પ્રાકૃતિક પદ્ધતિથી થતી સ્ટ્રોબેરીની ખેતીને નવી ઓળખ મળી છે. અહીં ખેડૂતો વિન્ટર ડૉન, અર્લી વિન્ટર, કેમેરોઝા, સ્વીટ ચાર્લી, નાભિલા, નાબાડી, સેલ્વા, બેલરૂબી અને પજેરો જેવી ૯ જાતોની સ્ટ્રોબેરીની ખેતી કરી રહ્યા છે. તેમાં પણ 'વિન્ટર ડૉન' ખેડૂતોમાં સૌથી લોકપ્રિય છે, કારણ કે ડિસેમ્બરથી લઈને ફેબ્રુઆરી-માર્ચ સુધી તેની સારી ઉપજ મળે છે.ડાંગમાં ગ્રામ્યસ્તરે સ્ટ્રોબેરીની ખેતીના વિશિષ્ટ ક્લસ્ટર વિકસ્યા છે. આહવા તાલુકામાં ભૂરાપાણી, બોરીગવઠા, ગલકુંડ, કોટમદાર, માલેગાંવ, ડભાસ, સોનુનિયા અને વનર ગામોમાં મોટા પાયે સ્ટ્રોબેરીની ખેતી થાય છે. જ્યારે વઘઈ તાલુકામાં કંચનપાડા, ઘોડવહાલ, મુરંબી અને આસપાસના ગામોમાં સ્ટ્રોબેરીની ખેતી નોંધપાત્ર પ્રમાણમાં થઈ રહી છે.

### રાજ્ય સરકાર ખેડૂતોને આપે છે ૫૫ થી ૭૫ ટકા સુધી સહાય

કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા સ્ટ્રોબેરીના રોપા તથા અન્ય ખેતી ખર્ચ પર ૫૫ થી ૭૫ ટકા સુધી સહાય આપવામાં આવે છે. આ ઉપરાંત, પ્લાસ્ટિક કવર, મલ્ચિંગ મટિરિયલ, પ્લાસ્ટિક ક્રેટ, પેકિંગ મટિરિયલ તેમજ મિની ટ્રેક્ટર, રોટાવેટર, કલ્ટિવેટર અને ટ્રોલી જેવા કૃષિ યાંત્રિક સાધનો માટે પણ સહાય ઉપલબ્ધ કરવામાં આવે છે. બાગાયત વિભાગ દ્વારા યોજાતા તાલીમ કાર્યક્રમો અને શૈક્ષણિક મુલાકાતોથી ખેડૂતો આધુનિક ખેતી પદ્ધતિઓ અપનાવી વધુ ઉત્પાદન મેળવી રહ્યા છે.

#### સ્ટ્રોબેરીની ખેતીથી ખેડૂતોને હેક્ટર દીઠ ૭ થી ૮ લાખ સુધીની આવક થઈ રહી છે

ડાંગના ઘણાં ખેડૂતો આજે સ્ટ્રોબેરીની ખેતી કરીને આર્થિક પ્રગતિ કરી રહ્યા છે. પહેલાં આ ખેડૂતો નજીકના ઔદ્યોગિક વિસ્તારો અને મહારાષ્ટ્રના ખેતરોમાં મજૂરી કામ કરીને આર્થિક ગુજરાન ચલાવતા હતા. સ્થાનિક સ્તરે તેઓ ડાંગર, નાગલી, અડદ અને વરાઈ જેવા પરંપરાગત પાકોની ખેતી કરતા હતા, જેમાં આવક મર્યાદિત હતી. પરંતુ, સ્ટ્રોબેરીની ખેતી તરફ વળ્યા બાદ ખેડૂતોને હવે હેક્ટર દીઠ દર વર્ષે અંદાજે ?૭ થી ?૮ લાખ સુધીની કમાણી થઈ રહી છે. શરૂઆતમાં સાપુતારા અને આહવા જેવા સ્થાનિક બજારોમાં વેચાતી સ્ટ્રોબેરી હવે અમદાવાદ, સુરત અને ભરૂચ જેવા મોટા બજારો સુધી પહોંચી રહી છે. સાથે જ, સ્થાનિક લોકોને મોસમી રોજગારની તકો પણ મળી રહી છે.



# સન ફાર્મા કંપની દ્વારા ૧૦૪ બહેનોને સર્ટીફીકેટ અપર્ણ

### તાલીમ મેળવનાર બહેનોને સિલાઈ મશીન, અને બ્યુટી પાર્લરની કીટનું વિતરણ

અંકલેશ્વર, તા.૨૧

આજ રોજ દહેજ વિસ્તાર ના સુવા ગામ ખાતે સન ફાર્મા કંપની દ્વારા ૧૦૪ બહેનો ને સર્ટીફીકેટ તેમજ સિલાઈ મશીન, અને બ્યુટી પાર્લર ની કીટ આપવા માં આવી. આ બહેનો ને રોજગારી મળે અને આત્મનિર્ભર બને એમના બાળકો ને સારું ભવિષ્ય આપી અને ઘર માં મદદરૂપ થાય એ હેતુસર સુવા, કલાદરા, જોલવા, રહિયાદ અને નદેરા ગામ ની ભેગી મળી ને ટોટલ ૧૦૪ બહેનો ને ૯૦ દિવસ ની બ્યુટી પાર્લર (આસિસ્ટન્ટ બ્યુટી થેરાપિસ્ટ) કોર્ષ તેમજ સિલાઈ કામ (સેલ્ફ એમ્પ્લોઈડ ટેલરિંગ) કોર્ષ ની તાલીમ આપવામાં આવી અને તાલીમ આપ્યા બાદ બહેનોને સર્ટિફિકેટ, સિલાઈ મશીન, બ્યુટી પાર્લર કીટ આપવામાં આવી. આ પ્રસંગે કંપની ના સાઈટ હેડ ભોજુસીંગ ગીરાસે એ ખાસ જણાવ્યું હતુ કે બહેનો આત્મનિર્ભર બને તો સમાજ ખૂબ પ્રગતિ કરી શકે. અને સન ફાર્મા કંપની સતત પ્રયત્ન કરશે કે બહેનો આત્મનિર્ભર બને. સાથે જ એચ.આર. હેડ બલજીત શાહ મેડમે પણ બહેનો ને પ્રોત્સાહન પૂરું પાડતા જણાવ્યું હતું કે આજ ના યુગ ની નારી ખૂબ શસ્કત છે એક સાથે ઘર, જોબ, અને બાળકો ને સાચવી શકે છે. સાથે જ ક્વોલિટી હેડ રવિ નારાયણ સર, એન્જિનરિંગ હેડ નરેન્દ્ર ઉપાધ્યાય સર, સી.એસ.આર લીડ સેજાદ બેલીમ સર તેમજ સાઈટ એચ.આર કુંદન ગુપ્તા સર હાજર રહ્યાં હતાં. અને કાર્યક્રમ સફળ બનાવ્યો હતો.

# પોદાર પ્રેપ જહાંગીરાબાદ દ્વારા સમર કેમ્પ ૨૦૨૬નું ભવ્ય આયોજન

### સમર કેમ્પમાં અન્ય શાળાના બાળકો પણ જોડાયા

સુરત, તા.૨૧

જહાંગીરાબાદઃ બાળકોના સર્વાંગી વિકાસ અને તેમની આંતરિક શક્તિઓને પ્રોત્સાહન આપવાના હેતુથી, જહાંગીરાબાદ સ્થિત જાણીતી પ્રિ-પ્રાઈમરી સ્કૂલ 'પોદાર પ્રેપ' દ્વારા વાર્ષિક સમર કેમ્પ ૨૦૨૬ નું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્ષે કેમ્પની વિશેષ થીમ "લાઈફ સ્કિલ્સ એડવેન્ચર કેમ્પ – ફન ઇન એવરી સ્ટેપ" રાખવામાં આવી હતી. ૧૧ મે ૨૦૨૬ ના રોજ સંપન્ન થયેલા આ કેમ્પમાં ૨ થી ૭ વર્ષની વયના ૩૫ થી વધુ બાળકોએ ભારે ઉત્સાહ સાથે ભાગ લીધો હતો, જેમાં પોદાર પ્રેપ ઉપરાંત અન્ય શાળાઓના બાળકો પણ જોડાયા હતા.



બાળકોના માનસિક અને શારીરિક વિકાસને ધ્યાનમાં રાખીને કેમ્પ દરમિયાન દરરોજ ઇન્ડોર અને આઉટડોર પ્રવૃત્તિઓનું સુંદર સંતુલન રાખવામાં આવ્યું હતું. આ મલ્ટી-ડે કેમ્પમાં બાળકોને નીચે મુજબની રચનાત્મક પ્રવૃત્તિઓ કરાવવામાં આવી હતી:

આર્ટ, ચિત્રકામ અને પેઈન્ટિંગ.બૌદ્ધિક અને શારીરિક વિકાસઃ પઝલ્સ, બ્રેન એક્ટિવિટીઝ (મગજને કસરત આપતી રમતો) અને શારીરિક ક્ષમતા વધારતી રમતો.

વાર્તા કથન (સ્ટોરીટેલિંગ) અને નૃત્ય (ડાન્સ).આ વૈવિધ્યસભર પ્રવૃત્તિઓના કારણે બાળકોના આત્મવિશ્વાસ અને સામાજિક કૌશલ્યોમાં અદ્ભુત વધારો જોવા મળ્યો હતો. વેકેશનના સમયનો આવો રચનાત્મક ઉપયોગ જોઈને વાલીઓમાં પણ ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. કેમ્પની સફળતાથી પ્રભાવિત થઈને અનેક વાલીઓએ શાળા પ્રશાસનને આગામી વર્ષોમાં

અનુસંધાન પાના ૭ પર



### શ્રી સૌરાષ્ટ્ર પટેલ સમાજ સેવા સમાજ નિર્મિત

# જમનાબા વિદ્યાર્થી ભવનનું રવિવારે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના હસ્તે લોકાપર્ણ

### કેશુભાઈ પટેલ ઓડિટોરિયમનું કેન્દ્રીય મંત્રી મનસુખભાઈ માંડવીયાના હસ્તે ઉદ્ઘાટન

સુરત, તા.૨૧

શ્રી સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ સુરત તરફથી સુરત ખાતે નિર્માણ થયેલ જમનાબા વિદ્યાર્થી ભવનનું આગામી તારીખ ૨૪-૦૫-૨૦૨૬ રવિવારના રોજ લોકાર્પણ થનાર છે. સુરતના પ્રવેશ દ્વારે ૧૦૦૦ વિદ્યાર્થીઓની હોસ્ટેલ વ્યવસ્થા સાથે અનેકવિધ વ્યવસ્થાઓ સાથે જમનાબા વિદ્યાર્થી ભવનનું નિર્માણ થયું છે. પટેલ સમાજના ડ્રીમ પ્રોજેક્ટ એવા આ ભવનમાં ૧૦૦ વ્યક્તિઓ રહી શકે તેવા શ્રીમતી રાધાબેન હરજીભાઈ ઘેલાણી અતિથિભવન તૈયાર થયું છે. ૪૨૫ બેઠકની ક્ષમતાવાળુ કેશુભાઈ પટેલ ઓડિટોરિયમ તૈયાર થયું છે. કેન્દ્રીયમંત્રી મનસુખભાઈ માંડવીયા તથા રાજ્યસભાના સાંસદ ગોવિંદભાઈ ધોળકિયા કેશુભાઈ પટેલ ઓડિટોરિયમને ખુલ્લુ મુકશે. સુરતના મુખ્ય પ્રવેશ દ્વારે ૧૩ માળ અને ૩ લાખ ચોરસ ફૂટના બાંધકામ વાળા ભવ્ય જમનાબા વિદ્યાર્થી ભવનના પરિસરમાં ૩૧ ફૂટ ઊંચી અને ૯ ટન વજનની ભારત રત્ન સરદાર સાહેબ વલ્લભભાઈ પટેલની કાંસ્ય પ્રતિમા મૂકવામાં આવી છે. રાજ્યના નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવી સરદાર સાહેબ પ્રતિમાનું અનાવરણ કરશે. ઉપરાંત ૫૧ ફૂટ ઊંચા સ્થંભ ઉપર રાષ્ટ્રધ્વજનું આરોહણ પણ કરવામાં આવશે.

શ્રી સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ સુરત તરફથી સુરતમાં ૧૦૦૦ વિદ્યાર્થીઓ માટે હોસ્ટેલ સુવિધા માટે ફેઝ વન પ્રોજેક્ટ પૂર્ણ કર્યો છે. અને હવે ફેસ ટુ માં ૫૦૦ દીકરીઓ માટે કિરણ મહિલા ભવનનું લોકાર્પણ

અનુસંધાન પાના ૭ પર

# જન સુનાવણી માટે પલસાણા તાલુકાના ૨૬ ગામોમાં પદયાત્રા

### જન સુનાવણી કાર્યક્રમ હેઠળ ગ્રામજનોનાં પ્રશ્નોનું સ્થળ પરજ નિરાકરણ કરાશે

સુરત, તા.૨૧

આદિમજૂથોના સર્વાંગી વિકાસ અને સશક્તિકરણ માટે દેશવ્યાપી ચાલી રહેલા 'જન ભાગીદારી-સબસે દૂર, સબસે પહેલે' અભિયાન અંતર્ગત સુરત જિલ્લાના દરેક તાલુકાઓમાં વિવિધ કામગીરી કરાઈ રહી છે. જેમાં પલસાણા તાલુકાના ૨૬ ગામોમાં પદયાત્રા યોજી ગામ સંપર્ક જાગૃતિ પ્રવૃત્તિ કરાઈ હતી. પલસાણા તાલુકા વિકાસ અધિકારીના માર્ગદર્શન હેઠળ ગ્રામ પંચાયતના સભ્યો, તાલુકાના વિવિધ યોજનાકીય શાખાઓના કર્મચારીઓ, આદિ કર્મયોગી તેમજ ગામની વિવિધ હિતકારી સંસ્થાઓ અને દ્વર્ધ્નાં કર્મચારીઓ દ્વારા પદયાત્રામાં સહભાગી થઈ ગામેગામ યોજાનારા જન સુનાવણીનાં કાર્યક્રમનો પ્રચાર કરવામાં આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે, તા.૨૧ થી ૨૩ દરમિયાન ગામે ગામ યોજાનારા જન સુનાવણી કાર્યક્રમ હેઠળ ગ્રામજનોનાં પ્રશ્નો અને સમસ્યાઓનો સ્થળ પર તાત્કાલિક નિકાલ કરવામાં આવશે. વધુમાં તા.૨૧/૫/૨૦૨૬ એ સવારે ૯:૦૦ વાગ્યાથી પલસાણા તાલુકાની માખીગા પ્રા.શાળા ખાતે સેવાસેતુ કેમ્પ યોજાશે. જેમાં કણાવ, વંઝોળીયા, અમલસાડી, મલેકપોર, સિયોદ, પારડીપાતા, લાખણપોર, પુણી, અંભેટી, દસ્તાન, ગાંગપુર, જેતપોર, બારાસડી, સોયાણી, તુંડી, ધામડોદ, પીસાદ, વણેસા, એના, સાંકી, એરથાણ, વડદલા, સેઢાવ, લીંગડ, ઇઢ઼ ળવા અને માખીગા સહિતના ૨૬ ગામના લોકોને વિવિધ સરકારી યોજનાઓના લાભ આપવામાં આવશે.





# ઉમરપાડા ચવડા પ્રા.શાળામાં સેવાસેતુ કાર્યક્રમ

### સેવા સેતુ કેમ્પમાં ૨૪૨ લાભાર્થીઓ લાભાન્વિત

સુરત, તા.૨૧

આદિજાતી સમુદાયના સર્વાંગી વિકાસ માટે દેશવ્યાપી ચાલી રહેલા જનજાતિય ગરીમા ઉત્સવ અંતર્ગત સુરત જિલ્લાના ઉમરપાડા તાલુકાની ચવડા પ્રા.શાળા ખાતે યોજાયેલા સેવા સેતુ કેમ્પનો મોટી સંખ્યામાં લોકોએ લાભ લીધો હતો. આ કેમ્પમાં વડપાડા, વડગામ, ઉમરદા, હરીપુરા, મોટીદેવરૂપણ, ડોંગરીપાડા, રૂંઢીગવાણ, ઝરાવાડી, ચકરા, નવા ચકરા, ખૌટારામપુરા, ચવડા, વક્રાંત આંબા, નાના સુતખડકા અને બરડીપાડા સહિતના ગ્રામજનોને સ્થળ પર જ યોજનાકીય લાભનું વિતરણ કરાયું હતું. તાલુકા વિકાસ અધિકારી-ઉમરપાડાના મારાગદર્શન હેઠળ યોજાયેલા કેમ્પમાં વિવિધ સરકારી વિભાગો દ્વારા અપાયેલ લાભોમાં આધારકાર્ડ અપડેટ-૨૬, આયુષમાન કાર્ડ-૫, પી.એમ.કિસાન સન્માન નિધિ-૧૧, જાતિ પ્રમાણપત્ર-૧૯, રેશનકાર્ડ સુધારા-૧૯, પોષણ કિટ નિદર્શન-૩૫, પી એમ સોલાર ઉર્જા-૮ તેમજ આરોગ્ય તપાસણીના ૫૮ મળી કુલ ૨૪૨ લાભાર્થીઓ લાભાન્વિત કરાયા છે.




# આજ કાલ સંબંધો જોબ જેવા થઈ ગયા છે

### સારી ઓફર મળતા જ નોકરી બદલાય જાય છે : યશોવર્મસૂરીજી

સુરત, તા.૨૧

થોડા જ દિવસ પહેલા નિઓન લેબોરેટરીઝના અધિકારીઓ મળવા આવેલા સત્સંગ પછી મને કહે આજતક હમારી કંપનીમેં સે કોઈ લેબર છૂટા નહિ હુઆ હૈ ઔર આજતક સર ને કીસીકો નૌકરી સે નિકાલા નહિ.. આગળ કહે.. ઓફેરો તો બડી-બડી કંપનીઓ સે આતી હી રહેતી હૈ - પેકેજ ઔર સેલરી ખૂબ જ્યાદા મિલ શકતી હૈ મગર હમારે મેં સે કિસીને કંપની નહિ છોડી, મેં કહ્યું કેમ! મને કહે ગુરૂમહારાજ હમારે રિશ્તે કોઈ મતલબી નહિ મગર બાપ બેટે જૈસે હૈ... બેટા જ્યારે બાપને છોડીને જુદા ફ્લેટમાં ચાલ્યા જાય છે ત્યારે,ને વૃદ્ધાશ્રમમાં મા-બાપને મુકી આવે ત્યારે લાગે કે સંબંધો કેટલા સ્વાર્થ પૂર્ણ બની રહ્યા છે. વધુ પગાર મળતા અધવચ્ચે નોકરી છોડનારા ને પાત્ર મળતા મા-બાપને છોડનારા બંને ગદ્દારો છે. સંબંધો સ્નેહપૂર્ણ બનાવો સ્વાર્થપૂર્ણ નહિ...

અંકલેશ્વર જૈન સંઘ ના શિખરબંધી જિનાલયની ભવ્ય પ્રતિષ્ઠા કરનારાને બે ઉપાશ્રય આદિ ધર્મ સંકુલના પ્રેરણા કરનારા ને ધર્મના સંસ્કારના વાવેતર કરનારા જૈનશાસનના મહાન પ્રભાવક પૂજ્યપાદ શ્રધ્ધેય ગુરૂદેવ જૈનાચાર્ય શ્રીમદ્ વિજય યશોવર્મસૂરીશ્વરજી મહારાજા ગચ્છાધિપતિ બન્યા પછી પ્રથમવાર સંઘમાં પધારતા આખુંય અંકલેશ્વર હેલે ચડયું હતું. પર્યુષણ જેવો માહોલ સર્જાયો હતો. જબરજસ્ત ઉત્સાહ ને ઉલ્લાસ જમ્યો હતો. ભવ્ય સામૈયા સાથે નગરપ્રવેશ કરાવી વધામણા કર્યા હતા ને પ્રવચનમાં ઉમટેલી જંગીજનમેદની ભાવુક બની સંકલ્પબધ્ધ થયા હતા ને ગુરૂપૂજન વધામણાનો ચડાવો અ.સૌ. રચનાબેન ભરતભાઈ ચોક્સી પરિવારને કામળી વ્હોરાવાનો ચડાવો અ.સૌ. વિમલાબેન પારસમલજી ચૌધરી પરિવારે ઉંચી બોલી બોલીને લીધો હતો. ને આજે સવારે વહેલી પરોઢે બ્રાહ્મમુહૂર્તે ૬ ક. વાજતે ગાજતે પ્રવેશ સાથે પુષ્યમાંગલિક જાપ ને નવકાર અક્ષરપદ પૂજન ગુરૂપુષ્યામૃત સિધ્ધિયોગમાં થશે બહારગામથી સાધકો પધારશે સાધુ-સંતો પણ ઉપસ્થિત રહેશે આ સમગ્ર કાર્યક્રમ રાધેપાર્ક સોસાયટીમાં અ.સૌ. રિંકુ પરેશ હિંગડના નૂતન બંગલે ગૃહાંગણે થશે.

# જિલ્લા કલેકટર તેજસ પરમારનો સ્વ-ગણતરીમાં જોડાવા અનુરોધ

### વસ્તી ગણતરી માત્ર આંકડાની પ્રક્રિયા નહીં, વિકાસનો આધારસ્તંભ છે : જિલ્લા કલેકટર

સુરત, તા.૨૧

ભારત સરકાર દ્વારા રાષ્ટ્રના ભાવી વિકાસ અને સુવ્યવસ્થિત આયોજન માટે 'સ્વ વસતી ગણતરી - ૨૦૨૭' ની પ્રક્રિયાને સૌથી મહત્વપૂર્ણ રાષ્ટ્રીય અભિયાનની શરૂઆત થઈ છે. ભારત સરકારના વિશેષ ડિજિટલ સુવિધા 'સ્વ-ગણતરી' અભિયાન અંતર્ગત સુરત જિલ્લા કલેક્ટર કચેરી ખાતેથી જિલ્લા કલેક્ટરશ્રી તેજસ પરમારે અભિયાનના ચોથા દિવસે કલેકટર કચેરીથી ઓનલાઈન પોર્ટલ પર પરિવારની વિગતો ભરીને આ રાષ્ટ્રીય કાર્યમાં પોતાની સક્રિય ભાગીદારી નોંધાવી હતી.

આ અવસરે જિલ્લા કલેક્ટરશ્રી તેજસ પરમારે જણાવ્યું હતું કે, વસ્તી ગણતરી માત્ર વહીવટી પ્રક્રિયા નહીં પરંતુ દેશના વિકાસનો મહત્વપૂર્ણ પાયો છે. ગુજરાતમાં તા.૧૭ મે ૨૦૨૬થી ૩૧ મે ૨૦૨૬ દરમિયાન 'સ્વ-ગણતરી' અભિયાન શરૂ ચાલશે. જેના માધ્યમથી નાગરિકો પોતાના ઘરેથી લેપટોપ, ડેસ્કટોપ અથવા સ્માર્ટફોન દ્વારા સરળતાથી પોતાની વિગતો નોંધાવી શકે છે.

તેમણે જણાવ્યું હતું

અનુસંધાન પાના ૭ પર

### સાંસદ પ્રભુભાઈ વસાવાના હસ્તે દિવ્યાંગ લાભાર્થીને ઈલેક્ટ્રિક મોપેડ એનાયત

સુરત, તા.૨૧

સમાજના છેવાડાના અને જરૂરિયાતમંદ વર્ગ સુધી સરકારી યોજનાઓના લાભો પહોંચાડવાના આશય સાથે માંડવી સ્થિત સાંસદ કાર્યાલય ખાતે સેવા કાર્યક્રમ યોજાયો હતો. સાંસદશ્રી પ્રભુભાઈ વસાવાની સાંસદ ગ્રાન્ટ અંતર્ગત દિવ્યાંગજન કલ્યાણના હેતુસર દિવ્યાંગ લાભાર્થી હિતેષભાઈ મોહનભાઈ ચૌધરીને ઈલેક્ટ્રિક મોપેડ અર્પણ કરવામાં આવી હતી.

આ આધુનિક ઈલેક્ટ્રિક મોપેડની સહાય મળવાથી લાભાર્થીને પોતાના રોજિંદા જીવનમાં અવરજવર માટે અન્ય પર નિર્ભર રહેવું નહી પડે અને

અનુસંધાન પાના ૭ પર

# અંકલેશ્વર શહેર ત્રીજી આંખ સીસીટીવી કમેરાથી સુસજ્જ

### નગરના પ્રવેશ દ્વાર સહિતના માર્ગો પર કેમેરા વડે પોલીસની બાજ નજર

અંકલેશ્વર, તા.૨૧

ઔદ્યોગિક નગરી અંકલેશ્વર શહેર અને જીઆઈડીસી વિસ્તારમાં સુરક્ષા વ્યવસ્થાને વધુ સઘન બનાવવા માટે પોલીસ તંત્ર દ્વારા એક પ્રશંસનીય પગલું ભરવામાં આવ્યું છે. તમામ મુખ્ય પ્રવેશ માર્ગોને હવે આધુનિક સીસીટીવી કેમેરાના નેટવર્કથી સજ્જ કરી દેવામાં આવ્યા છે, જેનાથી ગુનાખોરી પર લગામ કસાશે અને ટ્રાફિક વ્યવસ્થા વધુ સુઘડ બનશે.

અંકલેશ્વર એ ગોલ્ડન કોરિડોર ગણાતા નેશનલ હાઈવે નંબર ૪૮ અને વ્યસ્ત રેલવે સ્ટેશન સાથે ખૂબ જ નજીકથી જોડાયેલું છે. આ ભૌગોલિક કનેક્ટિવિટીના કારણે અહી વાહનો અને અજાણ્યા લોકોની અવરજવર સતત રહે છે. આ સંજોગોમાં સુરક્ષા અને કાયદો-વ્યવસ્થા જાળવી રાખવા માટે આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ અનિવાર્ય બન્યો હતો.

પોલીસ તંત્ર દ્વારા વ્યૂહાત્મક રીતે અંકલેશ્વરના પ્રવેશદ્વાર સમાન તમામ મુખ્ય પોઈન્ટ્સ પર કેમેરા ગોઠવવામાં આવ્યા છે, જેમાં મુખ્યત્વે શહેર વિસ્તારમાં ચૌટાનાકા, ભરૂચનાકા, હાંસોટ રોડ અને રેલવે સ્ટેશન વિસ્તાર સહિતના વિસ્તારોનો સમાવેશ થયા


અનુસંધાન પાના ૭ પર

# આપણા બિઝનેસમેન બિલ ગેટ્સ જેવા કેમ નથી બનતા

વાસ્તવમાં કંપનીના પ્રમોટર્સ વચ્ચે થતાં ઝઘડાની અસર કંપનીના દેખાવ પર પડે છે. શેરહોલ્ડર્સ અને કંપનીના કર્મચારીઓ હતાશ થાય છે. તેમને કોઇ દિશા સૂચન કરનારું પણ નથી હોતું. મેનેજમેન્ટમાં તેમના પ્રશ્નોના જવાબ આપનારા કોઈ નથી રહેતા.

થોડા વર્ષો પહેલાં દેશના દવા નિર્માતા સેક્ટરમાં રેનબક્સી ફાર્માનો દબદબો હતો. તે દેશની ટોચની ફાર્મા કંપની પૈકીની એક કંપની હતી. પરંતુ જોતજોતામાં કંપની ખતમ થઇ ગઇ. રેનબક્સીના સ્થાપક ભાઈ મોહનસિંહનો પરિવાર એકબીજા સાથેના કંકાસમાં ફસાતો જ ગયો. સૌ પ્રથમ ડો.મોહનસિંહે પુત્ર પરવિન્દરસિંહે પોતાના પિતાને જ કંપની મેનેજમેન્ટમાંથી દૂર કરી દીધા. આગળ જતાં પરવિન્દરસિંહના બંને પુત્રો મલવિન્દર અને શિવીન્દરસિંહે પોતાના કુટુંબની ફ્લેગશિપ કંપનીને ખોટા તથ્યો આધારે જાપાનની દાઈચી નામની કંપનીને વેચી દીધી. બંને બંધુઓએ રેનબક્સીમાંથી પોતાની પૂરી ભાગીદારીને વેચી હતી ત્યારે ભારતના ઉદ્યોગજગતમાં તેમની આકરી ટીકા થઇ હતી. બધાનું કહેવું હતું કે જે ગ્રૂપને તેમના દાદા ભાઈ મોહનસિંહે બનાવ્યું. સિંચ્યુ તેને આ રીતે વેચવું નહોતું જોઈતું. મલવિન્દર અને શિવીન્દરસિંહે રેનબક્સીને વેચ્યા પછી ફોર્ટિસ હોસ્પિટલની ભારેખમ ચેન શરૂ કરી હતી. પરંતુ તેમાં પણ દગો થયો. અંતે તેમને તે કંપનીના મેનેજમેન્ટ બોર્ડમાંથી પણ કાઢી મૂકવામાં આવ્યા. હવે તે બંને ભાઈ એકબીજા પર મારપીટ સુધીના આક્ષેપ કરી રહ્યા છે. કેટલાક સ્થાને તો મોટાભાઈની ઘાયલ અવસ્થામાં તસવીરો પણ છવાઇ.સોશિયલમીડિયા પર તે તસવીરને વાઇરલ પણ કરવામાં આવી. પરંતુ રેનબક્સી, રેલિગિયર

અને ફોર્ટિસ જેવી ફાર્મા અને હેલ્થ સેક્ટરની ટોચની પ્રતિષ્ઠિત કંપનીઓના પ્રમોટર રહેલા ભાઈઓ રામ લક્ષ્મણના સંબંધોમાંથી કાંઈક શીખ્યા નથી. બંને ભાઈ ખૂબ નિમ્ન રસ્તે જતા રહ્યા. આમ તો કહી શકાય કે આ બંને ભાઈ બિલ ગેટ્સ કે માર્ક ઝુકરબર્ગ જેવા બિઝનેસમેન બનવા જ નથી માગતાં. તેમના સપનાં કદાચ ખૂબ નાના હતા. તેથી જ તેમણે પોતાની અને કુટુંબની શાખ ધૂળમાં મેળવી દીધી. વાસ્તવમાં કંપનીના પ્રમોટર્સ વચ્ચે થતાં ઝઘડાની અસર કંપનીના દેખાવ પર પડે છે. શેરહોલ્ડર્સ અને કંપનીના કર્મચારીઓ હતાશ થાય છે. તેમને કોઈ દિશા સૂચન કરનારું પણ નથી હોતું. મેનેજમેન્ટમાં તેમના પ્રશ્નોના જવાબ આપનારા કોઈ નથી રહેતા. આવી સ્થિતિ આપણે વારંવાર જોઈ છે. ઈન્ફોસિસમાં સીઇઓ વિશાલ સિક્કા અને તેમના મેનેજમેન્ટ વચ્ચે ખેંચતાણ થતાં ઈન્ફોસિસના કર્મચારીઓમાં ઘોર નિરાશ જન્મી હતી.



તાતા જૂથમાં રતન તાતા અને સાયરસ મિસ્ત્રી વચ્ચે બબાલ થતાં પણ સ્થિતિઓ પ્રતિકૂળ થવા લાગી હતી. તે પહેલાં તાતા સ્ટીલમાં રૂસી મોદી અને જમશેદ ઈરાની વચ્ચેનો વિવાદ તો જગજાહેર જ છે. આવી સ્થિતિમાં કંપનીના શેરહોલ્ડર્સ અને ભાવિ રોકાણકારોમાં પણ ખરાબ સંદેશો જતો હોય છે. કંપની જો શેરબજારમાં સૂચિબદ્ધ હોય તો શેરધારકોને તરત નુકસાન થવા લાગે છે. કંપનીના શેર ગગડવા લાગે છે. કંપનીના શેર ગગડવા લાગે છે. કંપનીઓના પ્રમોટર્સે તે વાત સારી રીતે સમજવી જોઈએ કે તેમની વચ્ચે ઝઘડો થતાં તેમના ગ્રૂપ કે કંપનીઓને ટોમેરથી નુકસાન થતું હોય છે. તેઓ જેને પોતાની કંપની માનતાં હોય છએ. તેને ઊભી કરવા માટે બેન્કોના ધિરાણ, શ્રમિકોનો શ્રમ અને શેરધારકોના મહેનતના નાણાં પણ લાગેલાં હોય છે. તેથી પ્રમોટર્સે તેમની વચ્ચેના વિવાદ સમયસર ઉકેલી લેવા જોઈએ. તેમણે એવું ના વિચારવું જોઈએ કે ગ્રુપ કે કંપનીની સંપૂર્ણ માલિકી માત્ર તેમની જ છે. એક વાત એવી પણ લાગે છે. કે આ ભાઈઓ વચ્ચે નાણાં મુદ્દે આવા વિવાદ એટલા માટે વકરતા હોય છે કે તેમની નિયત ખરાબ હોય છે અને કાર્યપદ્ધતિમાં પારદર્શકતા પણ નથી હોતી. આ બિઝનેસમેનને કોઈ એ સમજાવી શકે કે પરસ્પરના વિવાદથી તેઓ પોતાનું જ નુકસાન કરી રહ્યા છે તો આવી સ્થિતિ સર્જાય જ નહીં. હજી પણ અનેક સ્થાને ભાઈ ભાઈ મળીને પોતાના સમૂહોને આગળ લઇ જાય છે. દાખલા તરીકે ઓમપ્રકાશ જિંદલે જિંદલ સ્ટીલ જૂથની સ્થાપના કરી હતી. તેમના ચારેય પુત્રો ક્રમશઃ પૃથ્વી, સજ્જન, રતન અને નવીન હવે સફળતાપૂર્વક પોતપોતાની કંપનીનું સંચાલન કરે છે. જિંદલ ગ્રૂપ હવે સ્ટીલ, પાવર, સિમેન્ટ ક્ષેત્રે કાર્યરત છે. ભારતીય એરટેલ ગ્રૂપના ત્રણ ભાઈ ક્રમશઃ સુનીલ ભારતી મિત્તલ, રાકેશ ભારતી મિત્તલ અને રાજભારતી મિત્તલ હળીમળીને કંપની સંચાલન કરે છે. એસ્સાર જૂથના શશિ અને રવિ રૂઈઆ પણ આમ કરતાં જ જોવા મળે છે. આપણા દેશમાં જ આપણને આવા અનેક જૂથ જોવા મળશે.એક વાત નથી સમજાતી કે આપસમાં લડનારાઓને આટલો સમય કઇ રીતે મળે છે. લડાઈ કરીને તમે તમારી ઊર્જાનો નાશ કરો છો. તમે એક જ કાર્ય કરી શકો છે.



# બ્રેક ફાસ્ટને ટેવ બનાવવાની જરૂર

## હેલ્થી ટ્રિક્સ : જંક ફુડથી દુર રહીને કેટલીક બિમારીને ટાળી શકાય

આધુનિક ભાગદોડની લાઈફમાં દરેક વ્યક્તિ ફિટ અને એનર્જેટિક રહેવા માટે ઈચ્છુક હોય છે પરંતુ તે જરૂરી સમય કાઢી શકતો નથી. ટેક્સાસમાં હાલમાં કરવામાં આવેલા નવા અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે શરીરમાં બે ટકા પાણીની કમી થવાની સ્થિતીમાં પણ એનર્જી લેવલ ખુબ ઓછુ થઇ જાય છે. ડિહાઈડ્રેશનના કારણે બ્લડવોલ્યુમ ઘટી જાય છે. જેના કારણે લોહી ગાઢ બની જાય છે. જેના કારણે હાર્ટ ઓછા અસરકારક રીતે કામ કરે છે. આનાકારણે ઓક્સીજન અને પૌષક તત્વો ઓછી ગતિથી આપની મસલ્સ અને ઓર્ગન્સ સુધી પહોંચે છે. આના માટે રહી રહીને પાણી પીતા રહેવાની જરૂર હોય છે. નિષ્ણાંત લોકો કહે છે કે સવારે ઉઠી ગયા બાદ વધારે સમય સુધી ભુખ્યા રહેવાની બાબત યોગ્ય નથી. બ્રેકફાસ્ટ કરવાથી આપના મેટાબોલિજમ યોગ્ય રહે છે. જો તમે બ્રેક ફાસ્ટમાં પૌષ્ટિક ભોજન લઇ રહ્યા છો તો દિવસ દરમિયાન ઉર્જા રહે છે. સવારના સમયમાં ભુખ્યા રહેવાની સ્થિતીમાં દિવસ દરમિયાન માથુ ચકરાવે છે. આના કારણે ખુબ થાક લાગે છે. જેથી સવારના સમયમાં નાસ્તાને પ્રાથમિકતા આપવામાં આવે તે જરૂરી છે.જંક ફુડથી દુરી રાખવામાં આવે તે પણ જરૂરી છે. જંક ફુડ ખાવાથી શરીરને કોઇ ઉર્જા મળતી નથી. આ માત્ર સ્વાદમાં ગમી શકે છે. જંક ફુડથી બ્લડ શુગર વધી જાય છે. જેના કારણે આપને વધારે થાક લાગે છે. આપને ભોજનમાં પ્રોટીનયુક્ત ચીજોનો ઉપયોગ કરવાની સલાહ મોટા ભાગના નિષ્ણાંત લોકો આપે છે. ૨૪ કલાક ફિટ અને એનર્જેટિક રહેવા માટે કેટલીક ખરાબ ટેવ છોડી દેવાની જરૂર છે. ખોટી ટેવ છોડી દેવાના કારણે ફિટ રહેવામાં મદદ મળશે.ફિટ અને હેલ્થી રહેવા માટે નિયમિત કસરત જરૂરી બની ગઈ હોવાનું તારણ નવા અભ્યાસમાં બહાર આવ્યું છે. અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે કસરતથી શરીરમાં બ્લડ સરક્યુલેશનમાં ઉલ્લેખનીય વધારો થાય છે. સાથે સાથે આનાથી કુશળતા પણ વધી જાય છે. નોકરીની જગ્યાએ લાંબા સમય સુધી કોમ્પ્યુટરની સામે બેસી રહેવાથી ઘણી તકલીફ ઉભી થઈ શકે છે આવી સ્થિતિમાં નિયમિતપણે કસરત ખૂબ જ જરૂરી છે. નિયમિતપણે કસરત નહીં કરવાથી શરીરમાં બ્લડ સરક્યુલેશનની ગતિ ધીમી પડી જાય છે. યાદશક્તિ અને ધ્યાનશક્તિને વધારવા નિયમિત કસરત જરૂરી બની ગઈ છે. આનાથી શરીરમાં ટોકસીન ફોર્મેશનની ગતિ ધીમી પડે છે. કસરતના સંબંધમાં વારંવાર તારણો સપાટી પર આવી ચૂક્યા છે. નિષ્ણાંતોનું કહેવું છે કે શરીરને ફિટ અને હેલ્થી રાખવા માટે વોકિંગ, સ્વીમીંગ, એરોબીક્સ, સાઈકલીંગ અને બેલી ડાન્સીંગ હવે ઉપયોગી બન્યા છે. વોકિંગને સર્વશ્રેષ્ઠ કસરત તરીકે ગણવામાં આવે છે. દરરોજ જીમમાં જવા માટે આધુનિક સમયમાં સમય નથી. આવી સ્થિતિમાં વોકિંગ

કરવાથી ફાયદો થાય છે. દરરોજ ઓછામાં ઓછા ૩૦ મિનિટ સુધી વોકીંગમાં સમય ગાળવામાં આવે તે જરૂરી છે. ભોજન લીધા બાદ ઓછામાં ઓછા પાંચ મિનિટ સુધી ઓફિસના પ્રાંગણમાં વોકિંગ કરવાથી ફાયદો થાય છે. જીમમાં કસરત કરવાથી ડર લાગે છે તો આવી સ્થિતિમાં સ્વીમીંગ પણ વિકલ્પ તરીકે છે. સ્વીમીંગથી શારીરિક પ્રવૃત્તિ વધી જાય છે. બટર ફલાય સ્ટ્રોક, બેગ સ્ટ્રોક, બિગ સ્ટ્રોકથી ફાયદો થાય છે. એરોબીક્સને પણ હવે મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. સંગીતના પ્રેમીઓ માટે એરોબીક્સનો વિકલ્પ પસંદ કરવો જોઈએ. આનાથી ટેન્શન ઓછું થાય છે. એરોબીક્સની ક્લાસમાં પણ હાલમાં મોટી સંખ્યામાં લોકો જોવા મળે છે. સાઈકલીંગથી હાર્ટ અને બ્લડ સરક્યુલેશનમાં સુધારો થાય છે. સાઈકલીંગ નિયમિત કરવાથી પગના સ્નાયુ પણ મજબૂત બને છે. તાજેતરમાં જ કરવામાં આવેલા એક નવા અભ્યાસમાં જાણવા મળ્યું છે કે માત્ર ત્રણ મિનીટ સુધીની સામાન્ય કસરત પણ સ્થૂળતાને ઘટાડવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. ફેટને દૂર કરવામાં કસરતની મહત્વપૂર્ણ ભૂમિકા છે. નવા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે જે લોકો જીમમાં જવામાં આળસ અનુભવ કરે છે અને જે લોકો કસરત માટે સમય નથી તેવી દલીલ કરે છે તે લોકો માટે એક નવા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે માત્ર ત્રણ મિનીટની કસરત મહત્વપૂર્ણ થઈ શકે છે અને ઘરમાં જ આ કસરત કરી શકાય છે.

## આ પ્રકારના સંબંધથી કેટલાક લોકોને ખાસ ખુશી મળે છે...

# એક્સ્ટ્રા મૈરિટલ અફેયરથી ખુશી

અમારામાંથી મોટા ભાગના લોકો નક્કરપણે અને સ્પષ્ટપણે માને છે કે કોઇ રિલેશનશીપમાં બેવફાઇ માટે કોઇ જગ્યા નથી. બે લોકોની વચ્ચે કોઇ ત્રીજાની કોઇ શક્યતા હોતી નથી. પરંતુ હાલમાં કરવામાં આવેલા સર્વેમાં કેટલીક અન્ય રોચક બાબત સપાટી પર આવી છે. જેમાં જાણવા મળ્યુ છે કે કેટલાક દંપત્તિ એવા પણ છે જે એક્સ્ટ્રા મૈરિટલ અફેયર્સ અથવા તો લગ્ન થયા હોવા છતાં બહાર પણ સંબંધ રાખે છે. આ પ્રકારના સંબંધને તેઓ પોતાની ખુશી તરીકે પણ ગણે છે. અમેરિકાની મિસોરી સ્ટેટ યુનિવર્સિટીમાં હાલમાં કરવામાં આવેલા અભ્યાસમાં આ મુજબના તારણ સપાટી પર આવ્યા છથે. યુનિવર્સિટીના પ્રોફેસર એલિસિયા વોકર દ્વારા એશ્લે મેડિસીન નામની એક ડેટિંગ સાઇટ મારફતે એક હજારથી વધુ લોકોને આવરી લઇને અભ્યાસ કરાવવામાં આવ્યા બાદ કેટલીક રોચક બાબત સપાટી પર આવી હતી. ડેટિગ સાઇટ મારફતે સર્વેમાં કેટલીક બાબત સપાટી પર



આવી હતી. આ ડેટિંગ સાઇટ પર અનોખી તરીકે રહેલી છે. જે માત્ર પરિણિત દંપત્તિ અનો રિલેશનશીપમાં રહેલા દંપત્તિ માટે જ ડેટિંગની સુવિધા ઉપલબ્ધ કરાવે છે. આ સર્વેમાં સામેલ કરવામાં આવેલા લોકોને પ્રશ્ન કરવામાં આવ્યા કે પોતાના ગૃહસ્થ જીવનની બહાર કોઇની સાથે સંબંધ રાખવાની શુ અસર થઇ છે. તેમના જીવનને કેટલા હદ સુધી અલગ ખુશી મળી છે. હેરાનીની બાબત એ છે કે ૧૦ પૈકી સાત લોકોએ કહ્યુ હતુ કે લગ્ન સંબંધો બાદ બહારના સંબંધ સ્થાપિત કરીને તેમની લાઇફ વધારે સંતોષજનકરીતે આગળ વધી રહી છે. આંકડાના કહેવા મુજબ પુરૂષો કરતા મહિલાઓ વધારે પોતાના લગ્ન સિવાયના સંબંધોના કારણે વધારે સંતુષ્ટ દેખાઇ છે. આ સંતુષ્ટી માટેના કેટલાક કારણ જવાબદાર રહ્યા છે. જેમ કે ગૃહસ્થીમાં પાર્ટનર સાથે સેક્સ સંબંધ રાખવાની બાબતમાં સંતોષ ન મળવાની બાબત પણ સામેલ છે. બહારના પાર્ટનર સાથે સેક્સ સંબંધ રાખવાની સ્થિતીમાં સંતોષ મળે છ. આ આઉટસાઇટ પાર્ટનરની સાથે સપ્તાહમાં બે વખત સેકસ સંબંધો બનાવવા માટેની બાબત સામેલ છે. એવુ પણ જાણવા મળ્યુ છે કે જ્યારે આ પ્રકારના લગ્ન બાદના સંબંધો ખતમ થઇ જાય છે ત્યાર પાર્ટનરની સાથે વિશ્વાસઘાત કરવાનો કોઇ અનુભવ થાય છે કે કેમ તેને લઇને પણ પ્રશ્નો સર્વેના ભાગરૂપે પુછવામાં આવ્યા હતા. હેરાન કરનાર બાબત તો એ છે કે શોધમાં સામેલ કરવામાં આવેલા મોટા ભાગના લોકોએ કહ્યુ છે કે લગ્નના સંબંધનો અંત આવ્યા બાદ તો જીવનમાં પહેલા કરતા વધારે ખુશી મળે છે. માત્ર આ જ સર્વેમા સંબંધ અને બેવફાઇ વચ્ચેના સંબંધ જોડવામાં આવ્યા નથી. એક જર્નલમાં પ્રકાશિત અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે જે લોકો પોતાના લગ્ન સિવાય બહારના સંબંધ રાખે છે અને તેની માહિતી પાર્ટનરોને આપતા નથી તે લોકો વધારે ખુશ રહે છે. આ બાબત વાસ્તવિકતા છે કે આ સર્વેના પરિણામ દર્શાવે છે કે જે લોકોએ પોતાના ગહસ્થીની બહાર સંબંધ બનાવ્યા છે તે ખુશ દેખાયા છે પરંતુ આનો અર્થ એ નથી કે પરિણિત લાઇફમાં રહેલી સમસ્યાનો ઉકેલ લાવવા માટે આ સમસ્યાનો ઉકેલ છે. તમામ જાણકાર લોકો કહે છે કે થોડાક સમયની ખુશી કેટલાક પરિવારને બરબાદ કરી નાંખે છે. પોતાના પાર્ટનરની સાથે વિશ્વાસઘાત કરીને હાંસલ કરવામાં આવેલી ખુશી થોડાક સમય માટેની હોય છે. સાથે સાથો જોખમી હોય છે. આના કારણે અનેક લોકોની લાઇફ ખોરવાઇ જવાનો ખતરો રહે છે. પારસ્પરિક સમસ્યાનો ઉકેલ વાતચીત મારફતે જ આવી શકે છે. વાતચીત મારફતે અને સંતોષની લાઇફ મારફતે પરિણિત જીવનને વધારે સાનુકુળ બનાવી શકાય છે. પરિણિત લાઇફમાં ખુશી લાવવા માટે વિશ્વાસ સૌથી ઉપયોગી બાબત છે .

# ફિટનેસ માટે કસરત, પુરતી ઉંઘ જરૂરી

આધુનિક ભાગદોડની લાઇફમાં ફિટનેસને લઇને કાળજી લેવાતી નથી. લોકો ફિટનેસને હાંસલ કરવા માટે શોર્ટ કટ અપનાવે છે. ફિટનેસ સાથે જોડાયેલા જાણકાર નિષ્ણાંતો કહે છે કે ફિટનેસ હાંસલ કરવા માટે નિયમિત કસરત કરવાની જરૂર હોય છે. સાથે સાથે પૌષ્ટિક ભોજનની પણ જરૂર હોય છે. ઉપરાંત પુરતા પ્રમાણમાં ઉંઘ પણ જરૂરી હોય છે. સ્પાઇન સાથે જોડાયેલી કસરત કરવાથી શરીરની તાકાતમાં વધારો થાય છે. આધુનિક સમયમાં યુવક યુવતિઓ ફિટનેસ હાંસલ કરવા માટે જીમિંગ અને સ્પેશિયલ ડાઇટને પ્રાથમિકતા આપે છે. પરંતુ યોગ્ય રીતે ડાઇટ ન લેવાના કારણે શાનદાર રિઝલ્ટ મળી શકતા નથી. પાંચમી મેના દિવસે હાલમાં જ વર્લ્ડ એથલીટિક્સ ડેની ઉજવણી કરવામાં આવી હતી. એથલીટ જેવી બોડી મેળવી લેવા માટે તમામ ઈચ્છા રાખે છે પરંતુ શારરિક ગતવિધી આડેધડ કરે છે. શારરિક ગતિવિધી કરતા પહેલા કેટલાક પાસા પર ધ્યાન આપવામાં આવે તે જરૂરી છે. કેટલીક સાવચેતી



રાખવાની જરૂર છે. ફિટનેસને લઈને યુવાનો સવારમાં અને સાંજે ખુબ પરસેવો કાઢે છે.

વ્યસ્ત જીવન શેલીની વચ્ચે યુવાઓ ૩૦ મિનિટની લઈને દોઢ કલાક સુધી સમય કાઢે છે. પોતાને ફિટ રાખવા માટેનો ક્રેઝ હાલમાં વધી રહ્યો છે. આમાં ૨૦થી ૪૫ વર્ષની વયના લોકોમાં ક્રેઝ સૌથી વધારે જોવા મળે છે. ઉપરાંત સ્થુળતાના કારણે પરેશાન થયેલા યુવાનો પણ ફિટનેસ હાંસલ કરવા માટે તમામ પ્રયાસો કરી રહ્યા છે. વજનને ઘટાડી દેવા માટે કસરત કરી રહ્યા છે. આધુનિક સમયમાં મહિલાઓની સંખ્યા પણ જીમમાં વધી રહી છે. જુમ્બા અને એરોબિ કસરત કરતી મહિલાઓ પણ મોટા પ્રમાણમાં જોવા મળે છે. જાણકાર નિષ્ણાંતો કહે છે કે ફિટનેસ માટે પ્રોટીન ખુબ જરૂરી છે. તે વજન ઘટાડી દેવામાં પણ મદદ કરે છે. તેના કારણે ફેટ સેલ્સ સરળતાથી બર્ન થાય છે. જે પ્રોટીન મારફતે ૨૫-૩૦ ટકા કેલોરી મેળવે છે તેમનુ વજન ઝડપથી ઓછુ થાય છે. સોયા પ્રોટીન, ઈન્ડા સૌથી ઉપયોગી છે. સોયા અને ઈન્ડા પ્રોટીનના સારા સોર્સ તરીકે છે. સોયા પ્રોટીનની વાત કરવામાં આવે તો તમામ નૌ એમિનો એસિડ હોય છે. પ્રોટીન ત્રણ પ્રકારના હોય છે. ફિટનોસનો લઇનો કેટલાક અભ્યાસકરવામાં આવી રહ્યા છે. એથલીટ જેવી શારરિક ફિટનેસને હાંસલ કરવા માટે કેટલાક પ્રયોગ કરવાની જરૂર હોય છે. મજબુત અનો તાકતવર શરીર માટે ભોજનની સાથે સાથે નિયમિત કસરત જરૂરી છે. સામાન્ય એથલીટનો ૫૦૦૦-૬૦૦૦ કેલોરીની જરૂર હોય છે. ભોજનમાં ૬૦-૭૦ ટકા કેલોરી કાર્બોહાઈડ્રેડ, ૧૨ ટકા કેલોરી પ્રોટીન, ૧૮-૨૮ ટકા કેલોરી ફેટથી લેવામાં આવે તે જરૂરી છે. આ શારરિક ગતિવિધી પર આધારિત હોય છે.

રનિંગ, શોલ્ડર સ્ટ્રેચ, ક્રંનેચેજ, પુશઅપ્સ અને ચેસ્ટ સ્ટ્રેચ કસરત કરવાથી ફાયદો થાય છે. સાથે સાથે પુરતા પ્રમાણમાં ઉંઘ પણ જરૂરી છે. ખાવા પીવાની ચીજોની વાત કરવામાં આવે તો ભોજનમાં કાર્બોહાઇડ્રેટવાળી ચીજો ઉપયોગમાં લઈ શકાય છે. આના કારણે શરીરને સ્ટાર્ચ અને શર્કરા મળે છે. માંસપેશી મજબુત બને

છે. ભોજનમાં વિટામિન, મિનરલ , કેલ્શિયમઅને પ્રોટીન યુક્ત ચીજ સામેલ કરવાથી લાભ થાય છે. સાથે સાથે સ્પાઇન સાથે જોડાયેલી કસરત કરવાથી લાભ થાય છે.છે. ભોજનમાં વિટામિન, મિનરલ , કેલ્શિયમઅને પ્રોટીન યુક્ત ચીજ સામેલ કરવાથી લાભ થાય છે. સાથે સાથે સ્પાઇન સાથે જોડાયેલી કસરત કરવાથી લાભ થાય છે.

## તંત્રી લેખ...

ગુરૂવાર, તા. ૨૧ મે ૨૦૨૬

# અયોધ્યા બાદ ભોજશાળાનો ચાવીરૂપ અદાલતી ચુકાદો

ધાર્મિક અને સાંસ્કૃતિક વિવિધતા ધરાવતા ભારત જેવા વિશાળ દેશમાં વિવિધ બાબતોએ મતમતાંતર એક સ્વાભાવિક પ્રક્રિયા રહી છે. ઐતિહાસિક ધાર્મિક આધારોના અર્થઘટનને લીધે જાગતા આવા મતભેદના ઉકેલમાં અદાલતોની દરમ્યાનગીરી નિર્ણાયક રહી છે. દેશ-વિદેશમાં ભારે ચર્ચાસ્પદ રહેલા રામજન્મભૂમિ મામલામાં અદાલતના આદેશ બાદ હવે મધ્યપ્રદેશની વડી અદાલતે ધાર જિલ્લાના ભોજશાળા પરિસરમાં મા વાગ્દેવીનું એટલે કે સરસ્વતી માતાનું પ્રાચિન મંદિર હોવાનું જાહેર કરીને હિન્દુ સમુદાયની તરફેણમાં ચુકાદો આપ્યો છે. આમ તો અયોધ્યાના કેસની સરખામણીએ ભોજશાળાનો મુદ્દો એટલો ચર્ચાસ્પદ નથી પણ તેનું મહત્ત્વ ઓછું તો નથી જ. અયોધ્યામાં રામમંદિરનો મુદ્દો ૧૫૨૯થી પ્રકાશમાં આવ્યો હતો, પણ ધારની ભોજશાળાનો મુદ્દો તો છેક વર્ષ ૧૩૦૫નો છે. આમ આ વિવાદ અયોધ્યા, કાશી અને તેના જેવા અન્ય સ્થળો કરતાં જૂનો રહ્યો છે. આ કેસમાં રામજન્મભૂમિના સંદર્ભમાં સર્વોચ્ચ અદાલતે પુરાતત્ત્વના આધારો અને આસ્થાના મહત્ત્વ જેવા મુદ્દાને ધ્યામાં લઈને ૨૦૧૯માં આપેલા ચુકાદાના સિદ્ધાંતોનું ભોજશાળાના આ કેસમાં વડી અદાલતે અનુસરણ કર્યું છે. ભોજશાળા કેસના ચુકાદાનો મુસ્લિમ પક્ષકાર અયોધ્યાના આદેશની જેમ અસ્વીકાર કરી રહ્યો છે. તેઓ આ ચુકાદાની સામે સર્વોચ્ચ અદાલતમાં જવાના છે. જો કે, ઈતિહાસ જાણતો મુસ્લિમ વર્ગ પણ એમ માને છે કે, વડી અદાલતના ચુકાદામાં કોઈ પરિવર્તન થાય તેમ નથી. ઉલ્લેખનીય છે કે, વડી અદાલતે આ આદેશ આપતાં પહેલાં લાંબી અને ઝીણવટભરી ચકાસણી કરી છે. ઐતિહાસિક તથ્યો, પુરાતત્ત્વીય સર્વેક્ષણ અને સ્થળ પરના પુરાવાને ધ્યાને લઈને બે ન્યાયમૂર્તિની બેંચે મુસ્લિમ પક્ષકારની તમામ દલીલ અને દાવા નકારી કાઢયા હતા. આ મામલામાં ચાવીરૂપ પુરાવા આપનાર આર્કિયોલોજિકલ સર્વે ઓફ ઈન્ડિયાએ વડી અદાલતને જણાવ્યું હતું કે, તેમના સર્વેક્ષણ દરમ્યાન મુસ્લિમ સમુદાયના જાણકારો પણ હાજર હતા અને મુસ્લિમ પક્ષકારના પ્રતિનિધિ પણ જોડાયા હતા. સ્પષ્ટ છે કે, ભોજશાળામાં સ્તંભો પર દેવ દેવીઓની મૂર્તિઓ, સંસ્કૃતના શ્લોકો અંકિત છે. દીવાલો પર પણ સંસ્કૃતના વ્યાકરણ સહિતના લખાણો પણ વાંચી શકાય તેમ છે. આ બધા પુરાવાને ધ્યાને લીધા બાદ વડી અદાલતે આપેલા ચુકાદાનો મુસ્લિમ પક્ષકાર સ્વીકાર શા માટે કરે છે એ એક મોટો સવાલ છે. તેમના આ વલણથી સમાન્ય મુસ્લિમોમાં એવી લાગણી જાગે છે કે, ન્યાયતંત્ર, સરકાર અને હિન્દુ સમુદાય તેમનની વિરુદ્ધ છે. હકીકતમાં સદીઓ પહેલાં હિન્દુ ધર્મસ્થળોને ધ્વસ્ત કરીને તેમને મુસ્લિમ ધાર્મિક કેન્દ્રો બનાવવાની પ્રવૃત્તિ બેલગામ હતી, પણ તેમાં હજી હિન્દુ ધર્મના પુરવા હજી અંકિત થયેલા છે. હવે એમ જણાય છે કે, અયોધ્યા અને તે પછી ભોજશાળાના અદાલતી ચુકાદા બાદ આવા અન્ય વિવાદોના ઉકેલનો આધાર બની શકશે. ખેરખર તો આવા કેસોમાં મુસ્લિમ સમુદાયે વાસ્તવિકતા સમજીને દેશહિતમાં હકારાત્મક વલણ લેવું જોઈશે.

## રાષ્ટ્રીય સન્માન રાજકીય મતભેદથી ઉપર

મહારાષ્ટ્રની રાજનીતિના મહારથી શરદ પવારે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ફરીથી વખાણ કરીને રાજકીય ક્ષેત્રે ફરી ચર્ચા છેડી દીધી છે. વડાપ્રધાનના વિદેશ પ્રવાસથી લઈને તેમણે ત્યાંથી આપેલી ચેતવણીની વાતો આંતરરાષ્ટ્રીય માધ્યમો ઉપર છે. પરદેશી પત્રકાર પણ સતત સોશિયલ મીડિયા ઉપર ચમક્યા છે . તેમનો આક્ષેપ મોદીજી પાસેથી સંતોષકારક જવાબ ન મળવાનો છે, પણ હકીકત એ છે કે, પીએમ સ્તરનાં પ્રેસ બ્રિફિંગમાં પત્રકારોના પ્રશ્નો લેવાતા જ હોતા નથી તેનું શું ? રાહુલ ગાંધીએ વળી સાવ જુદી રીતે વડાપ્રધાન ઉપર તીર છોડયાં, પરંતુ વરિષ્ઠ રાજકારણી શરદ પવારે જે વાત કરી છે તે ફક્ત નરેન્દ્રભાઈના સંદર્ભે નહીં, લોકશાહી અને રાજકીય ક્ષેત્રની પરિપક્વતા માટે અગત્યની છે. જે ઊંચાઈ શરદ પવારે બતાવી છે તેવી અપેક્ષા દેશના તમામ નેતાઓ, વિશેષતઃ આવા ઉચ્ચસ્તરીય નેતાઓ પાસે રહે. મહારાષ્ટ્રના પૂર્વ મુખ્યમંત્રી, એનસીપીના સ્થાપક શરદ પવારે મંગળવારે પૂણેમાં લક્ષ્મણરાવ ગુટ્ટે રૂરલ ડેવલપમેન્ટ ફાઉન્ડેશન દ્વારા આયોજિત એક કાર્યક્રમમાં સંબોધન કરતાં કહ્યું કે, અમારી રાજકીય વિચારધારા ભલે નરેન્દ્ર મોદીથી અલગ હોય, પરંતુ પ્રધાનમંત્રીના રૂપમાં તેઓ ભારતની વૈશ્વિક છબીને મજબૂત બનાવવામાં સાતત્યપૂર્ણ પ્રયાસ કરી રહ્યા છે. તેમણે કહ્યંઅ કે, જ્યારે દેશના સન્માનની વાત હોય ત્યારે આપણે આપણા રાજકીય મતભેદ વચ્ચે લાવવા જોઈએ નહીં, પવારે આ વાત બરાબર ત્યારે જ કરી છે, જ્યારે રાહુલ ગાંધી વડાપ્રધાનના વિદેશ પ્રવાસ વિશે વિવિધ પ્રકારનાં નિવેદનો કરી રહ્યા છે. પવારની આ વાત અત્યંત અગત્યની છે. છેલ્લા ઘણા સમયથી નેતાઓ વિવેક ચૂકી જાય છે. કોઈને સાપ કહેવા તો કોઈને આતંકવાદી કહેવાના બનાવ વારંવાર ગાજે છે. રાજકીય કે સાર્વજનિક ક્ષેત્રે ભિન્નમત, વિચારભેદ તો રહેવાના અને તે વ્યક્ત પણ થવા જોઈએ, પરંતુ વ્યક્તિગત સન્માન અલગ છે. બંધારણીય પદનું સન્માન વળી સાવ અલગ બાબત છે. કોઈ પણ નેતાએ તે મૂલ્યો જાળવવા જ જોઈએ. પવારે તેમનાં વક્તવ્યમાં પંડિત નેહરુને યાદ કરીને કહ્યું કે, પોતે ૧૯૫૮માં તેઓને મળવા ગયા ત્યારે અનેક પ્રશ્નોની યાદી લઈને ગયા, પરંતુ તેમના પ્રભાવશાળી વ્યક્તિત્વ સામે ઊભા રહ્યા અને બધું ભૂલી ગયા. ઈન્દિરા ગાંધીએ સોવિયત પ્રવાસ વખતે કોઈ સમાધાન ન કરીને દેશનું ગૌરવ વધાર્યું હતું તે પણ તેમણે યાદ કર્યું હતું. ઉલ્લેખનીય છે કે, આ જ શરદ પવાર કોંગ્રેસમાંથી પછીથી અલગ થયા હતા. ૨૦૨૨માં પણ તેમણે નરેન્દ્ર મોદીની પ્રશંસા કરી હતી. કોઈ એક પક્ષના નેતા અન્ય પક્ષના નેતાની વિરુદ્ધ જ બોલે તે માનસિકતા નબળી છે. સારી વાત હોય તો તેના વખાણ થવા જ જોઈએ. વિચારભેદ શત્રુતા નથી અને રાષ્ટ્રીય સન્માન રાજકીય અલગતા કરતાં ઉપર છે. આ બન્ને બાબતે પવાર સાથે સંમત થવું જોઈએ, દરેક પક્ષના નેતાએ પવારની આ વાતનું અનુસરણ કરવું જોઈએ, વિશ્વની સૌથી મોટી લોકશાહી તો જ પરિપક્વ કહેવાય.

**દવાઓની દુકાનોવાળાઓનું કહેવું છે કે, ઓનલાઈન દવાઓનું બેફામ વેચાણ થઈ રહ્યું છે**

# દુકાનદારોનું દુઃખે છે પેટ ને કૂટે છે માથું

## કદી ગ્રાહકોને એક પૈસાનો ફાયદો આપ્યો નથી. હવે હરીફાઈ તીવ્ર બની તેનો ફાયદો ગ્રાહકોને મળી રહ્યો

ભારતમાં દવાઓના ઓનલાઈન વેચાણ મુદ્દે લાંબા સમયથી કકળાટ ચાલી રહ્યો છે અને દવાઓની દુકાનોનું બનેલું એસોસિએશન ઑલ ઈન્ડિયા ઑર્ગેનાઈઝેશન ઑફ કેમિસ્ટ્સ એન્ડ ડ્રગિસ્ટ્સ' (એઆઈઓસીડી) ઓનલાઈન દવાઓના વેચાણ એટલે કે ઈ-ફાર્મસી પર પ્રતિબંધની માગ કરી રહ્યો છે. આ માગના સમર્થનમાં બુધવારે ઑલ ઈન્ડિયા ઑર્ગેનાઈઝેશન ઑફ કેમિસ્ટ્સ એન્ડ ડ્રગિસ્ટ્સ (એઆઈઓસીડી) દ્વારા ૨૪ કલાકની દેશવ્યાપી હડતાલ પાડવામાં આવી.દેશભરમાં લગભગ ૧૫ લાખ દુકાનદારો આ હડતાળમાં જોડાયા તેથી સામાન્ય લોકો પરેશાન થઈ ગયા. ગુજરાત સહિતનાં રાજ્યોમાં તો હડતાળ જડબેસલાક રહી તેથી લોકો વધારે પરેશાન થઈ ગઈ. એક સમયે હડતાળનું શસ્ત્ર ન્યાયી અને વાજબી માગણી માટે વાપરવામાં આવતું. હવે સાવ ગેરવાજબી અને હાસ્યાસ્પદ માગણી માટે હડતાળનું હથિયાર ઉગામવામાં કોઈને છોછ નથી તેનો નાદાર નમૂનો આ હડતાળ દરમિયાન જોવા મળ્યો. હડતાલ દરમિયાન દર્દીઓને જીવનરક્ષક દવાઓ સરળતાથી મળી રહે તે માટે એસોસિએશને ખાસ વ્યવસ્થા ગોઠવી હોવાથી ઘણાં સ્ટોર ખુલ્લા રખાયેલા. મોટી હૉસ્પિટલો કે દવાખાના ના હોય એવા ગ્રામ્ય વિસ્તારોમાં દર્દીઓની સુવિધા માટે ગામ દીઠ ઓછામાં ઓછી એક દવાની દુકાન ખુલ્લી રખાયેલી. સરકારી તંત્રે પણ થોડીક ગોઠવણો કરેલી. કેટલાંક રાજ્યોમાં ડ્રગ્સ કંટ્રોલ એડમિનિસ્ટ્રેશને જનતા માટે એડવાઈઝરી અને ટોલ-ફ્રી નંબર જાહેર કર્યા હતા તથા કોર્પોરેટ સ્ટોર્સને ફરજિયાત ખુલ્લા રહેવા આદેશ આપ્યા હતા. દેશભરમાં તમામ 'પ્રધાનમંત્રી જનઔષધિ કેન્દ્રો' પર પણ દવાઓનું વેચાણ રાબેતા મુજબ ચાલુ રખાયેલું તેથી સાવ અંધાધૂંધી ના થઈ પણ લોકોને તકલીફો તો પડી જ છે. કોઈ પણ સ્ટોર પર મળે એવી દવાઓ લેવા માટે પણ લોકોએ ક્યાં ક્યાં ધક્કા ખાવા પડ્યા ને છતાં દવાઓ ના મળી હોય એવી ઘટનાઓ બની જ છે. કાળઝાળ ગરમીમાં લોકોએ રખડવું પડ્યું ને પેટ્રોલની કરકસરની જરૂર છે ત્યારે પેટ્રોલ બાળું પડ્યું તેના કારણે ખિસ્સાં ખાલી પણ થયાં.

દવાઓની દુકાનોવાળાઓનું કહેવું છે કે, ઓનલાઈન દવાઓનું બેફામ વેચાણ થઈ રહ્યું છે અને ઈ-ફાર્મસી ભારે ડિસ્કાઉન્ટ આપી રહી છે તેના કારણે મેડિકલ સ્ટોરના ધંધાને ફટકો પડ્યો જ છે પણ મોટો ખતરો નકલી દવાઓનો છે. ઓનલાઈન ફાર્મસીઓ દ્વારા નકલી દવાઓનું વેચાણ વધી રહ્યું છે તેના કારણે દર્દીઓની સુરક્ષા સામે મોટો ખતરો ઊભો થયો છે. આ ખતરાને રોકવા માટે ઓનલાઈન દવાઓના વેચાણ પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકી દેવો જોઈએ. મેડિકલ સ્ટોર એસોસિએશને ત્રણ માગણીઓ મૂકી છે ને તેનો સૂર એ જ છે કે, ભારતમાં ધોળે ધરમેય ઓનલાઈન દવાઓનું વેચાણ ના થવું જોઈએ. આ પૈકી પહેલી માગણી આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા ડ્રગ્સ અને કોસ્મેટિક્સ નિયમો, ૧૯૪૫માં સુધારો કરવા માટે ૨૦૧૮માં બહાર પડાયેલું ડ્રાફ્ટ નોટિફિકેશન જીએસઆર ૨૧૭ રદ કરવાની છે.

આ નોટિફિકેશનમાં ઈ-ફાર્મસીઓના નિયમન માટેનું માળખું બનાવવાની દરખાસ્ત છે. ઈ-ફાર્મસીનું રજિસ્ટ્રેશન, પ્રિસ્ક્રિપ્શન ચકાસણી, ફરિયાદ વગરે મુદ્દાને તેમાં આવરી લેવાયા છે પણ મેડિકલ સ્ટોર્સના વિરોધને કારણે તેને લગતો કાયદો બન્યો નથી. સામે મોદી સરકારે આ નોટિફિકેશન રદ પણ કર્યું નથી તેથી ઈ-ફાર્મસી બિઝનેસ ધમધોકાર ચાલે છે. આ સિવાય કોરોના દરમિયાન દવાઓની ઓનલાઈન ખરીદી અને હોમ ડીલીવરીને લગતાં બે નોટિફિકેશન રદ કરવાની પણ માગ છે. ત્રીજી માગ એ છે કે, ઓનલાઈન કંપનીઓ દ્વારા ગ્રાહકોને અપાતા બેફામ ડિસ્કાઉન્ટ પર પ્રતિબંધ મુકાય અથવા ડ્રગ પ્રાઈસ કંટ્રોલ ઑર્ડર (ડીપીસીઓ)માં સુધારો કરીને સ્થાનિક રિટેલ દુકાનદારોનું માર્જિન વધારવામાં આવે કે જેથી તેઓ બજારની હરીફાઈમાં ટકી શકે.

એસોસિએશનો લાંબા સમયથી આ માગણીઓ કરે છે પણ નરેન્દ્ર મોદી સરકાર તેમને કાને નથી ધરતી કેમ કે આ માગણીઓ વાજબી નથી. દુકાનદારોનાં એસોસિએશનોએ સૌથી પહેલાં તો એ વિચારવાની જરૂર છે કે, લોકો મેડિકલ સ્ટોરના બદલે ઓનલાઈન દવાઓની ખરીદી તરફ કેમ વળી રહ્યા છે? કારણ બિલકુલ સ્પષ્ટ છે. લોકોને સ્ટોરમાં જ મળતી દવાઓ ઓનલાઈન સસ્તા ભાવે મળી રહી છે તેથી લોકો સ્ટોરને બદલે ઓનલાઈન ખરીદી કરી રહ્યા છે.જે દવા સ્ટોરમાં મેક્સિમમ રીટેઈલ પ્રાઈસ (એમઆરપી) કરતાં એક પૈસા ઓછામાં નથી મળતી એ જ દવા ઓનલાઈન પંદર-વીસ ટકા ઓછા ભાવે મળતી હોય તો લોકો દુકાનદારોને વધારે પૈસા આપીને તેમની પાસેથી જ દવા ખરીદે એવા મૂરખ થોડા છે? લોકો પોતાનો ફાયદો જુએ કે નહીં? આ દવાઓ ગેરકાયદેસર નથી પણ સરકારે માન્યતા આપેલી ઈ-ફાર્મસી દ્વારા વેચાય છે તેથી તેની વિશ્વસનિયતા સામે પણ કોઈ શંકા નથી. ઓનલાઈન દવાઓની ખરીદી કરનારાંને સમસ્યાઓની ફરિયાદો પણ બહુ નથી તેથી લોકો માટે ઈ-ફાર્મસી સારા વિકલ્પ બની ગયો છે.દવાના દુકાનદારોની હાલત દુઃખે છે પેટ ને કૂટે છે માથું જેવી છે.

એ લોકોએ વરસો લગી લોકોને લૂંટ્યા જ છે અને કદી ગ્રાહકોને એક પૈસાનો ફાયદો આપ્યો નથી. હવે હરીફાઈ તીવ્ર બની તેનો ફાયદો ગ્રાહકોને મળી રહ્યો છે એ તેમનાથી સહન થતું નથી. મેક્સિમમ રીટેઈલ પ્રાઈસ (એમઆરપી)નો અર્થ મહત્તમ કિંમત થાય છે પણ દુકાનદારોએ તેને જ ભાવ બનાવી દીધો છે. આ ભાવથી ઓછા ભાવે પણ દવા આપી શકાય પણ ઈ-ફાર્મસી નહોતી ત્યારે કોઈ દુકાનદાર એમઆરપીથી ઓછા ભાવે દવાઓ વેચતો હોવાનું સાંભળ્યું નથી. હવે રેલો આવ્યો છે ત્યારે મેડિકલ સ્ટોર પણ ઓછામાં ઓછું ૧૫ ટકા ડિસ્કાઉન્ટ ને ૨૦ ટકા ડિસ્કાઉન્ટ એવી સ્કીમો લાવ્યા છે. તેનો અર્થ એ થયો કે, ૨૦ ટકા જેટલું ડિસ્કાઉન્ટ આપ્યા પછી પણ તેમને નફો તો મળે જ છે ને અત્યાર લગી ગ્રાહકોને કોઈ ફાયદો નહીં કરાવીને તેમણે આખો લાડવો જ ખાધો છે.

દવાના દુકાનદારો એક બીજી ગરબડમાં પણ સામેલ છે. ડોક્ટરો ફાર્મા કંપનીઓની ગિફ્ટ વગેરેની લાલચમાં ચોક્કસ દવાઓ જ લખે ને મેડિકલ સ્ટોરવાળા એ જ દવાઓ રાખીને ગ્રાહકોની લૂંટમાં ભાગીદાર બને એ ગોરખધંધો વરસો લગી ચાલ્યો. નરેન્દ્ર મોદી સરકારે પુણ્યનું કામ કરીને 'પ્રધાનમંત્રી જનઔષધિ કેન્દ્રો' શરૂ કરાવ્યાં અને લોકોને સાવ સસ્તા ભાવે દવા મળે એવી ગોઠવણ કરી પછી આ ગંદા ધંધા પર થોડીઘણી બ્રેક વાગી છે પણ સાવ બંધ નથી થયો.

ઈ-ફાર્મસી નકલી દવાઓનું વેચાણ કરીને દર્દીઓના જીવ સામે જોખમ ઊભું કરે છે એ દલીલ પણ આધારભૂત નથી. કેટલાક કિસ્સામાં એવું બન્યું હશે પણ એમ તો મેડિકલ સ્ટોરવાળા પણ ક્યાં દૂધે ધોયેલા છે? મેડિકલ સ્ટોર્સ પર નકલી કે એક્સપાયરી ડેટવાળી દવાઓ નથી વેચાતી? સંખ્યાબંધ એવા કિસ્સા બને છે ને ઘણા સ્ટોરવાળાનાં લાઈસંસ પણ રદ થયાં છે એ જોતાં માત્ર ઈ-ફાર્મસીને કઠેડામાં ઊભી ના કરી શકાય.

ભારતમાં લોકો કોઈ પણ વસ્તુની ખરીદી માટે વધુ ને વધુ પ્રમાણમાં ઓનલાઈન પ્લેટફોર્મ્સ તરફ વળી રહ્યા છે કેમ કે તેમાં આર્થિક ફાયદો છે. દુકાનદારો પણ લોકોને ફાયદો કરાવતા થશે તો લોકો તેના તરફ નહીં વળે એટલી સાદી વાત દુકાનદારોને સમજાતી નથી કે સમજવી નથી તેની બધી મોંકાણ છે.

**શીમાજીની ધરપકડના સમયે તેમની સાથે એવું વર્તન કરાઈ રહ્યું હતું જાણે કે તે રીઢા અપરાધી ન હોય!**

# પાકિસ્તાનમાં આ બે મહિલાની ધરપકડથી કેમ જાગ્યો છે વિવાદ?

> સૈનિકોના આ અમીર ગણાતા વિસ્તારમાં મેડમ પિન્કી ઉચ્ચ ( ! ) ગુણવત્તાનું ડ્રગ્સ પૂરું પાડતી હતી. તેનું એ બહુ જાણીતું સૂત્ર છેઃ

પાકિસ્તાનમાં મહિલાઓની સ્થિતિ ખૂબ કફોડી છે, પણ કઈ મહિલાઓની? જે સારું કામ કરે છે તેમની... ને જે ખરાબ કામ કરે છે તેની ધરપકડ થાય છે તો પણ તેને જલસા છે! આ બન્ને મહિલાઓની ધરપકડે પાકિસ્તાનમાં ખળભળાટ સર્જ્યો છે. પહેલાં વાત કરીએ ક્વીન મૅડમ પિન્કીની. ૧૩ મેએ કરાચીમાં કોકેઈન વેચતાં એ ઝડપાઈ હતી, પરંતુ તેની ધરપકડ પછી વિવાદ સર્જાયો છે. ૩૦ વર્ષની મૅડમ પિન્કી કરાચીમાં સૈનિકો રહે છે તે વિસ્તારોમાં કોકેઈન સપ્લાય કરે છે, તેમાં ડિફેન્સ હાઉસિંગ ઑથોરિટી (ડીએચએ)નો પણ સમાવેશ થાય છે.

સૈનિકોના આ અમીર ગણાતા વિસ્તારમાં મેડમ પિન્કી ઉચ્ચ (!) ગુણવત્તાનું ડ્રગ્સ પૂરું પાડતી હતી. તેનું એ બહુ જાણીતું સૂત્ર છેઃ 'ક્વીન મૅડમ પિન્કી ધ નેમ ઈઝ એલોન ઈનફ, એન્જૉય.' કરાચીમાં ડ્રગ્સ પૂરું પાડતી મૅડમ પિન્કીનું નેટવર્ક જોકે ઈસ્લામાબાદ, લાહોર અને અન્ય શહેરોમાં પણ વિસ્તરેલું છે. પ્રશ્ન એ થાય કે આ વિવાદ કેમ સર્જાયો? તેની ધરપકડનો જે વીડિયો પ્રસારિત થયો તેમાં આ પિન્કી ન્યાયાલયના કૉરિડોરમાં પોતે આરોપી નહીં, પણ કોઈ વીઆઈપી હોય એમ પોલીસરક્ષણ સાથે દેખાઈ! આ વિવાદ થયો પછી સિંધના ગૃહ પ્રધાન ઝિયા ઉલ હસન લંજારે સંકળાયેલા અધિકારીઓ સામે શિસ્તનાં પગલાં લેવાનો આદેશ આપી દીધો. 'ધુરંધર' દિગ્દર્શક આદિત્ય ધર જો આના પર ફિલ્મ બનાવશે તો પાકિસ્તાન તો ઠીક, પણ ભારતના કેટલાક લોકોને આની સામે વાંધો આવશે કે આદિત્યની ફિલ્મ નફરત ફેલાવે છે. હવે આ પણ જાણી લો કે આ જ પાકિસ્તાનમાં એક ૭૫ વર્ષીય શાસ્ત્રીય નૃત્યાંગના, જેમણે પોતાના નૃત્યથી ભારતીય નૃત્ય શૈલીઓને પાકિસ્તાનમાં જીવંત રાખી છે તેમની ધરપકડ થઈ છે!

આ મહિલા છે શીમા કેરમાણી. તે પાકિસ્તાનનાં બહુ જ સન્માનનીય સાંસ્કૃતિક હસ્તી છે. શાસ્ત્રીય નૃત્ય, રંગમંચ અને મહિલાઓના અધિકારોની ચળવળ માટે ખૂબ જ જાણીતાં છે. ૧૬ જાન્યુઆરી ૧૯૫૧એ જન્મેલાં શીમાજી એકાદ નહીં, પરંતુ ત્રણ-ત્રણ શાસ્ત્રીય નૃત્યમાં પારંગત છે. તે ભરત નાટ્યમ, કથક અને ઓડિશીનાં નિષ્ણાત છે.

પાકિસ્તાનમાં એક સમયે જ્યારે ભારતીય શાસ્ત્રીય નૃત્યો સામે સામાજિક અને રાજકીય પ્રતિબંધો હતા તેવા કપરા સમયમાં પણ તેમણે નીડર રીતે શાસ્ત્રીય નૃત્યો કરવાનું ચાલુ રાખ્યું હતું. કળા દ્વારા પ્રતિકારનું તે પ્રતીક બની ગયું હતું. તેમણે 'તેહરિક એ નિશ્વાન' નામનું સાંસ્કૃતિક કાર્ય જૂથ બનાવ્યું છે. તેમણે રંગમંચ, નૃત્ય અને સામાજિક જાગૃતિની પહેલો દ્વારા મહિલા સશક્તીકરણની તરફેણ કરી છે, પરંતુ જોવાની વાત એ છે કે શીમાજીની ધરપકડ સમયે તે હિન્દુ પોશાક અને પ્રતીકો સાડી અને કપાળ પર ગોળ ચાંદલા સાથે હતાં, જ્યારે તેમને પકડવા આવેલી મહિલા પોલીસ બુરખામાં હતી... આ છે પાકિસ્તાનનું મહિલા સશક્તીકરણ!

શીમાજીની ધરપકડના સમયે તેમની સાથે એવું વર્તન કરાઈ રહ્યું હતું જાણે કે તે રીઢા અપરાધી ન હોય! શીમા કેરમાણીની ધરપકડ અને તેમની સાથે થયેલા વર્તનની પાકિસ્તાનના સાશ્યલ મીડિયામાં ખૂબ જ ટીકા થઈ. પાકિસ્તાનની એક 'ઍક્સ' વપરાશકાર ટૂબા સૈયદે લખ્યું છે : પાકિસ્તાન પીપલ્સ પાર્ટીની લોકશાહી જુઓ. ૭૫ વર્ષનાં વૃદ્ધા, દેશમાં સૌથી સન્માનનીય પૈકીનાં એક મહિલા કલાકાર, શીમા કેરમાણી સાથે એવી રીતે (પોલીસ દ્વારા) વર્તન કરાઈ રહ્યું છે જાણે રીઢા અપરાધી હોય. તે ત્યાં 'ઔરત માર્ચ' દ્વારા આયોજિત પત્રકાર પરિષદ માટે આવ્યાં હતાં.' આ બધા વચે ભારતમાં આ મહિલાની ધરપકડના કોઈ પડઘા નથી. ભારતની ફેમિનિસ્ટો મૌન છે. તેમને મન ભારતમાં હિન્દુ મહિલાનું દુઃખ જ દુઃખ છે. તેમના માટે પાકિસ્તાનની મલાલા યુસૂફઝાઈ તો એક આદર્શ મોડલ છે, પરંતુ તમે ક્યારેય શીમા કેરમાણીનું નામ નહીં સાંભળ્યું હોય. મલાલા યુસૂફઝાઈ જમ્મુ-કાશ્મીરમાં અનુચ્છેદ ૩૭૦ દૂર થાય તેનો વિરોધ કરે છે. ભારતની ફેમિનિસ્ટ હિન્દુ મહિલાઓને જે કપડાં પહેરવાં હોય તે પહેરવાની છૂટની તરફેણ કરે છે. દીપિકા પદુકોણ 'માય લાઈફ માય ચૉઈસ'નો વિડિયો બનાવે છે. પરંતુ મલાલા યુસૂફઝાઈ કર્ણાટકમાં મુસ્લિમ વિદ્યાર્થિનીઓને હિજાબ પહેરવાની છૂટ અંગે કહે છે કે 'મુસ્લિમ વિદ્યાર્થિનીઓ ને હિજાબ પહેરવા પર પ્રતિબંધ મૂકવો કેટલું ભયાનક છે!'આવી મલાલા યુસૂફઝાઈને મીડિયાના એક વર્ગે ભારતની મહિલાઓ માટે આદર્શ બનાવી દીધી છે, જ્યારે અહીં શીમા કેરમાણી અંગે ન તો સમાચાર છે, ન તો ભારતના સોશ્યલ મીડિયામાં હોહા.

**કોણ જાણે બીજું શું શું મફતમાં મળે છે? ભથ્થું લીધા વગર એ લોકો સંસદની બેઠકમાં બેસતા નથી.**

# ખર્ચ વધશે કે ખર્ચ ઘટશે?

## વહીવટી ખર્ચમાં ઘટાડો શું હાઈ શકે? કાગળ પર પિન ઓછી લગાવવામાં આવશે, એક જ કાર્બન પેપરનો વધારે વખત ઉપયોગ કરવામાં આવશે, એક જ ફાઈલમાં બે કેસના કાગળો રહેશે, અધિકારી પ્રવાસે જશે નહીં અથવા જશે તો વહીવટી ખર્ચમાં ઘટાડાના કારણે અડધે રસ્તે ઊતરી જશે.

...સરકાર પાસેથી તાજેતરમાં બે વાત એકસાથે સામે આવી છે. પહેલી વાત એ કે વહીવટી ખર્ચમાં ઘટાડો થશે અને બીજી વાત એ કે સંસદના સભ્યોને જે દર મહિને પૈસા મળી રહ્યા છે, એમાં વધારો કરાશે. સંસદના સભ્યોના પૈસા વધશે તો થોડા દિવસમાં વિધાનસભાના સદસ્યોના પૈસા પણ વધી જશે. એટલે હાલ પૂરતો ઠરાવ એ છે કે અધિકારી તંત્રને થોડી તકલીફમાં રાખીએ અને નેતા લોકોને થોડાં ખુશ કરીએ. આવી જ વાતોથી આપણને દેશના સ્પષ્ટ આર્થિક વલણની ખબર પડે છે.

વહીવટી ખર્ચમાં ઘટાડો શું હાઈ શકે? કાગળ પર પિન ઓછી લગાવવામાં આવશે, એક જ કાર્બન પેપરનો વધારે વખત ઉપયોગ કરવામાં આવશે, એક જ ફાઈલમાં બે કેસના કાગળો રહેશે, અધિકારી પ્રવાસે જશે નહીં અથવા જશે તો વહીવટી ખર્ચમાં ઘટાડાના કારણે અડધે રસ્તે ઊતરી જશે.

તો શું આજકાલ સમિતિની બેઠકમાં પણ ચા સાથે બે બિસ્કિટ જ અપાશે? ખર્ચને પહોંચી વળવા માટે સરકારી કચેરીઓનો થોડોક ભાગ પ્રાઈવેટ પાર્ટી માટે, બૅન્કોને અથવા ભાડેથી આપી દેવામાં આવશે. જે પગાર મળે છે એમાં વધારે કામ કરાશે. બે લોકો ત્રણ લોકો જેટલું કામ કરશે. ટેન્ડરો છપાશે નહીં, મૌખિક



આપવામાં આવશે. સ્ટોર માટે સામાન ખરીદવાને બદલે વેચવામાં આવશે. પુસ્તકાલય માટે પુસ્તકો ખરીદાશે નહીં, દાનમાં માગવામાં આવશે. ખુરસી તૂટી જાય તો રીપેર કરાશે નહીં. આ સિવાય વહીવટી ખર્ચમાં ખોટ શું હોય? પૈસાની ખોટના કારણે પોલિસના ડંડાની લંબાઈ તો ઓછી નહીં થાય. પણ શું ટીયર ગૅસ છોડવામાં કરકસર કરવામાં આવશે?

જો સંસદના સભ્યોને વધારે પૈસા મળી ગયા તો આગામી ચૂંટણી લડવા માટે શું પૈસાની બચત કરશે? સંસદના સભ્યોને સસ્તામાં સરસ ખાવાનું મળે છે. દૂધ, દવાઓ, માખણ, ચિકન અને મધ વગેરે ઓછા ભાવે લઈ શકે છે. નેતા લોકો કપડાં સસ્તામાં ખરીદી શકે એટલા માટે આખા દેશમાં લાંબા સમય સુધી ખાદી ભંડારમાં સેલ ચાલતું રહે છે. સંસદના સભ્યોની યાત્રાઓ મફત થાય, મકાન મફતમાં મળે, સમાચારપત્ર મફતમાં મળે, નોકરો મફતમાં મળે, ફોન મફતમાં મળે...

કોણ જાણે બીજું શું શું મફતમાં મળે છે? ભથ્થું લીધા વગર એ લોકો સંસદની બેઠકમાં બેસતા નથી. બિલ વસૂલ કર્યા વગર સંસદમાંથી ઘરે પાછા આવતા નથી. ચૂંટણીમાં હારી ગયા પછી પણ સરકારી મકાનમાં અને કામ વગરના થયા પછી પણ રાજકારણમાં ટકી રહે છે. છતાં પણ આપણે એમને બે લાખ નહીં, પાંચ લાખ રૂપિયા આપવા જોઈએ. જેથી એ લોકો માથું ઊંચું રાખીને ફરે અને દરેક પૈસાવાળા, ફેક્ટરીવાળા અથવા વેપારીને જોઈને ભીખ માગવા લાગે નહીં. એ લોકોને અમીરોના પગ પાસે બેસી રહેવા માટે થોડા ચૂંટવામાં આવ્યા છે!?

ગમે તે કહો, આપણો દેશ એ આપણો દેશ છે! સરકાર, આખરે સરકાર છે! ક્યાંક પૈસા વધારી રહી છે તો ક્યાંક ઘટાડો કરી રહી છે. જેને જરૂર નથી એને પૈસા આપી રહી છે. જેને પૈસા જોઈએ છે એના રોકીને વિચાર કરી રહી છે. કોઈ ઓછા પૈસા મળવા પર રડી રહ્યું છે તો કોઈ વધારે મળવા પર હસી રહ્યું છે, પણ તમે એ નહીં કહી શકો કે આપણી સરકાર આર્થિક બાબતોમાં સાવ વિચાર્યા વગર કામ કરે છે.

સરકાર વિચાર તો કરે જ છે. પછી તો જેણે જે સમજવું હોય તે સમજે અને જે વિચારવું હોય તે વિચારે બાકી જેવા જેના નસીબ!

# ‘હીર સારા ઔર પોંડિચેરી’માં બે છોકરીઓનાં બાઇક પ્રવાસની રોમાંચક વાર્તા



માનવી ગગરૂ ‘ફોર મોર શોટ્સ પ્લીઝ!’ અને ટ્રિપલિંગ જેવા શોમાં પોતાની યાદગાર ભૂમિકાઓ માટે જાણીતી છે, હવે પાત્રલેખા સાથે ‘હીર સારા ઔર પોંડિચેરી’માં જોવા મળશે, જે ૨૯ મેના રોજ થિયેટર્સમાં રિલીઝ થવાની છે. કાર્તિક ચૌધરી દ્વારા નિર્દેશિત આ ફિલ્મ બે મહિલાઓની વાર્તા કહે છે, જે પોંડિચેરી સુધીની બાઈક યાત્રા પર નીકળે છે અને આ સફર તેમને સ્વતંત્રતા, પોતાની જાતને ફરી શોધવાની અને પોતાની જાત માટે ફરી ઉર્જા મેળવવા તરફ લઈ જાય છે.ફિલ્મમાં તેને કઈ બબાતે આકર્ષી તે વિશે વાત કરતાં માનવીએ કહ્યું, “જ્યારે મેં પહેલી વાર સ્ક્રિપ્ટ વાંચી, ત્યારે તે એક હળવી અને સરળ પુસ્તક જેવી લાગી. ડાયલોગ્સ રમૂજી અને ભાવુક પણ હતા. આ એક સરળ વાર્તા હતી, પરંતુ તેમાં એવી પળો હતી જે દિલને સ્પર્શી જાય અને એ જ વાત મને તેની તરફ ખેંચી ગઈ.”તેનાં પાત્ર ‘હીર’ વિશે વાત કરતાં માનવીએ તેને નિર્ભય, સ્વાભાવિક અને પોતાને લઈને નિઃશંક વ્યક્તિ તરીકે વર્ણવી. માનવી જણાવે છે, “હીરમાં એક પ્રકારની બેફિકરી છે. તેને ખબર છે કે તેને શું જોઈએ છે અને તે તેને મેળવવામાં ડરતી નથી, ભલે પરિણામ ગમે તે હોય. તે જિદ્દી છે, ખુશમિજાજ છે અને દુનિયાને પોતાની ગુલાબી નજરથી જુએ છે. હીર એવી વ્યક્તિ નથી જે દરેક બાબત ઊંડાણથી વિચારે, છતાં તેને એટલી સમજ છે કે શું તેના માટે સારું છે અને શું નથી. તે આત્મવિશ્વાસથી ભરપુર છે અને પોતાની ઓળખ સાથે સહજ છે, એ જ વાત મને તેમાં સૌથી વધુ ગમે છે.” પાત્રલેખા સાથે સ્ક્રીન શેર કરવાની વાત કરતાં માનવીએ જણાવ્યું કે તેની ઓફ-સ્ક્રીન મિત્રતા સમય સાથે સ્વાભાવિક રીતે વિકસતી ગઈ. “ખરેખર, તેમની વચ્ચેના સંબંધમાં એક સફર છે. તેઓ શરૂઆતથી મિત્રો નથી, પરંતુ મુસાફરી દરમિયાન તેમનો સંબંધ વિકસે છે. અમારું પણ કંઈક આવું જ થયું. અમે એકબીજાને સામાજિક રીતે ઓળખતા હતા અને કામ કરતી વખતે એક સુંદર મિત્રતા થઈ ગઈ.”

# ‘રોમકોમ’ ભારતીય સિનેમાનો નિષ્ફળ પ્રયોગ હોવા છતાં મને ગમે છે-સૈફ અલી ખાન



સૈફ અલી ખાન લાંબા સમયથી બોલિવૂડની સૌથી લોકપ્રિય રોમેન્ટિક કોમેડી ફિલ્મો સાથે જોડાયેલો રહ્યો છે. જોકે હવે તેનું માનવું છે કે પરંપરાગત રોમકોમ શૈલી આજના દર્શકો સાથે પહેલા જેવી રીતે જોડાઈ શકતી નથી.

તાજેતરમાં એક ઈન્ટરવ્યુમાં સૈફે ભારતીય સિનેમામાં બદલાતા રોમેન્ટિક કોમેડીના ટ્રેન્ડ વિશે પોતાના વિચારો વ્યક્ત કર્યા અને સમજાવ્યું કે કેમ તેને લાગે છે કે આ શૈલી ધીમે ધીમે દર્શકોને પસંદ નથી પડી રહી અને ખાસ ચાલતી પણ નથી.

પોતાની કારકિર્દી વિશે વાત કરતાં સૈફે કહ્યું, “મને રોમકોમ્સ કરવી બહુ ગમતી હતી, પરંતુ મને લાગે છે કે ભારતીય સિનેમામાં તે એક પ્રકારની વિશેષતા હતી, જે કદાચ મારી સાથે જ શરૂ થઈ અને પુરી પણ થઈ ગઈ. મને લાગે છે કે રોમકોમ્સ એક નિષ્ફળ પ્રયોગ છે, ભલે તે ખુબ સુંદર રહ્યો હોય.”

સૈફે આગળ જણાવ્યું કે પ્રેમકથાઓ પ્રત્યે દર્શકોની અપેક્ષાઓ વર્ષોથી ઘણી બદલાઈ ગઈ છે. તેના જણાવ્યા અનુસાર આજના દર્શકો હવે સુવિધાઓ વચ્ચે જીવતા શહેરી મુશ્કેલીઓમાં આગળ વધતા યુવાનો પર આધારિત વાર્તાઓ કરતાં ભાવનાત્મક ઊંડાણ અને પોતાને સ્પર્શી શકે એવાં પાત્રો શોધી રહ્યા છે.

તેણે કહ્યું, “ભારતીય સમાજમાં પ્રેમકથા માટેની ઈચ્છા વધુ ઊંડાણ સાથે હાજર છે. ટેકનિકલી રોમકોમમાં એવો સુવિધાઓ વચ્ચે જીવતો માણસ હોય છે, જેને બધું મળ્યું છે છતાં પણ તે મુંઝવણમાં છે. હવે લોકો એવા પાત્રો સાથે પોતાની જાતને જોડી શકતા નથી. તેઓ વિચારે છે કે આ માણસની સમસ્યા શું છે?” સૈફ અલી ખાને સ્વીકાર્યું કે ઉંમર અને જીવનના અનુભવો સ્ક્રીન પર આવા પાત્રોને જોવાની દ્રષ્ટિ બદલી નાખે છે. પત્ની કરીના કપૂર ખાન સાથેનો એક રમુજી પ્રસંગ યાદ કરતા સૈફે કહ્યું, “મારી પત્નીએ મને કહ્યું કે હવે તો તારી પરિસ્થિતિઓ યોગ્ય રીતે ગોઠવાઈ ગઈ હોવી જોઈએ, તું હજુ પણ મુંઝવણમાં જીવતાં માણસોના પાત્રો કેવી રીતે ભજવી શકે?”

તેણે મજાકમાં ઉમેર્યું કે હવે આગામી પેઢીએ રોમકોમની પરંપરા આગળ વધારવી જોઈએ. “હવે ઈબ્રાહીમ અલી ખાને વધુ રોમકોમ્સ કરવી જોઈએ, આખરે આ તો અમારો ફેમિલી બિઝનેસ છે.”

રોમકોમ ફિલ્મોના ઘટાડા વિશે પોતાના અવલોકનો હોવા છતાં, સૈફે સ્પષ્ટ કર્યું કે તેને આજે પણ રોમેન્ટિક કોમેડી ફિલ્મો પ્રત્યે ખુબ લગાવ છે અને ભવિષ્યમાં ફરી એક લવ સ્ટોરી કરવા માટે તે તૈયાર છે. તેણે કહ્યું, “મને એ ફિલ્મો ખુબ ગમતી હતી અને તે મારા માટે બહુ મહત્વ ધરાવે છે. એમાં કામ કરીને મને બહુ આનંદ આવતો હતો. હું ફરી એક લવ સ્ટોરી કરવા માગું છું, અથવા એવી કોમેડી જે અંતે રોમાંસ સુધી પહોંચે. મને લાગે છે કે મારી અંદર હજુ પણ એક રોમકોમ બાકી છે.”




# રિતેશ દેશમુખની ‘રાજા શિવાજી’ બની અત્યાર સુધીની સૌથી વધુ કમાણી કરનાર મરાઠી ફિલ્મ

૨૦૧૬માં ‘સૈરાટ’એ ૧૦૦ કરોડનો આંક પાર કરનારી પ્રથમ મરાઠી ફિલ્મ બની ઈતિહાસ રચ્યો હતો. લગભગ દાયકાભર સુધી કોઈ પણ મરાઠી ફિલ્મ આ રેકોર્ડ તોડી શકી નહોતી. હવે રિતેશ દેશમુખની ઐતિહાસિક ડ્રામા ફિલ્મ ‘રાજા શિવાજી’એ આ સિદ્ધિ મેળવી છે અને અત્યાર સુધીની સૌથી વધુ કમાણી કરનાર મરાઠી ફિલ્મ તરીકે ઉભરી આવી છે. ફિલ્મે રિલીઝ પછીથી બોક્સ ઓફિસ પર મજબુત અને સતત પ્રદર્શન કર્યું છે. ‘રાજા શિવાજી’એ શાનદાર ઓપનિંગ મેળવી અને પ્રથમ વીકએન્ડમાં જ ૩૦ કરોડથી વધુ કમાણી કરી હતી. ત્યારબાદ પણ ફિલ્મની સફળ દોડ ચાલુ રહી અને પ્રથમ અઠવાડિયાના અંતે ૫૭.૭૦ કરોડ તથા બીજા અઠવાડિયાના અંતે ૮૪ કરોડ નેટ સુધી પહોંચી ગઈ હતી. ત્રીજા અઠવાડિયામાં પણ ફિલ્મે થિએટર્સમાં મજબૂત પકડ જાળવી રાખી છે. તાજેતરના બોક્સ ઓફિસના આંકડા મુજબ, ‘રાજા શિવાજી’એ ત્રીજા શુક્રવારે ૧.૭૦ કરોડ, ત્રીજા શનિવારે ૨.૯૦ કરોડ અને ત્રીજા રવિવારે ૩.૮૦ કરોડની કમાણી કરી. આ સાથે ફિલ્મનું ઈન્ડિયામાં કુલ કલેક્શન ૧૦૯.૯૦ કરોડ સુધી પહોંચી ગયું છે, જ્યારે ઈન્ડિયામાં કલેક્શન ૯૩ કરોડ છે. ફિલ્મે વિદેશમાં પણ ૪.૯૦ કરોડની કમાણી કરી છે, જેના કારણે તેનું વર્લ્ડવાઇડ કલેક્શન કુલ ૧૧૪.૮૦ કરોડ થયું છે.આ સિદ્ધિ સાથે ‘રાજા શિવાજી’એ સત્તાવાર રીતે ‘સૈરાટ’ના ૧૧૦ કરોડની કમાણના લાઈફટાઈમ વર્લ્ડવાઇડ કલેક્શનને પાછળ છોડી દીધું છે. આ માઈલસ્ટોન શેર કરતાં જિયો સ્ટુડિયોએ ઈન્સ્ટાગ્રામ પર લખ્યું, “હિંદવી સ્વરાજ્યની ગૌરવગાથાએ દરેક હૃદયમાં ગર્વ જગાવ્યું છે!”

# રણવીર-આદી મોટી ફિલ્મ માટે સાથે કામ કરવા હવે આતુર

## આદિત્ય ચોપરા અને રણવીર સિંહ વચ્ચે એક બંધ બારણે બેઠક યોજાઈ



રણવીર સિંહ હાલમાં સિઝનનો સૌથી મોટો સ્ટાર બની ગયો છે, કારણ કે સુપરસ્ટારે સતત ઈન્ડસ્ટ્રીની બે હિટ ફિલ્મો આપી છે. આજે દરેક નિર્માતા, દિગ્દર્શક અને બ્રાન્ડની યાદીમાં તે ટોચ પર છે. માત્ર ચાર મહિનામાં જ તેણે ધમાકેદાર પરિણામો સાથે પોતાને બોક્સ ઓફિસના કિંગ તરીકે સાબિત કરી દીધો છે.


હવે એવા અહેવાલો છે કે, આ મહિનાની શરૂઆતમાં આદિત્ય ચોપરા અને રણવીર સિંહ વચ્ચે એક બંધ બારણે બેઠક યોજાઈ હતી. એક સુત્રે જણાવ્યું, “રણવીર સિંહની સફળતા આદિત્ય ચોપરાને વ્યક્તિગત ખુશી જેવી લાગી, કારણ કે રણવીરને લોન્ચ કરનાર અને હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં તેની કારકિર્દીનો પાયો નાખનાર તેઓ જ હતા. ગયા શુક્રવારે બંને રૂઈલ્ હ ખાતે મળ્યા હતા અને આ બેઠક દરમિયાન તેમણે એકબીજાને ભેટીને જૂના મતભેદો પણ દૂર કર્યા હતા. બંને વચ્ચે લાંબી ચર્ચા થઈ, જેમાં ભવિષ્યની યોજનાઓ, સાથે કામ કરવાની ઈચ્છા અને ‘ધુરંધર’ની સફળતા જેવા મુદ્દાઓ સામેલ હતા.”

સુત્રે વધુમાં જણાવ્યું કે આદિત્ય ચોપરા અને રણવીર સિંહે ભવિષ્યમાં સંભવિત કામ અંગે પણ ચર્ચા કરી હતી. સુત્રએ આગળ જણાવ્યુ, “રણવીર અને આદી બંને મોટા પાયાની ફીચર ફિલ્મ માટે સાથે કામ કરવા આતુર છે. આદિત્ય ચોપરાએ રણવીરને આગામી છ મહિનામાં એક મોટી ફિલ્મ સાથે સંપર્ક કરવાનો વાયદો કર્યો છે અને રણવીર પણ આ પ્રતિભાશાળી ફિલ્મમેકરની ઓફરની રાહ જોઈ રહ્યો છે.” રણવીર સિંહ હાલમાં જબરદસ્ત ફોર્મમાં છે. તેણે અમીશ ત્રિપાઠીની બેસ્ટસેલિંગ નવલકથા ‘ઈમોર્ટલ્સ ઓફ મેલુહા’ના અધિકારો પણ મેળવી લીધા છે અને આ પ્રોજેક્ટ હાલમાં ડેવલપમેન્ટ સ્ટેજમાં છે. હવે રણવીર સિંહ અને રૂઈલ્ હનાં ફરી જોડાણની આતુરતાપૂર્વક રાહ જોવામાં આવી રહી છે, કારણ કે આ બેનર સાથે તેનું પુનરાગમન રણવીર માટે ઘરવાપસી જેવું માનવામાં આવે છે.

# ’પેદ્દી’ માટે આમિર-સલમાન પાસેથી આત્મવિશ્વાસ મળ્યો’

## રામ ચરણે કહ્યું- ડિરેક્ટર ના પાડે છતાં હું મારા સ્ટંટ જાતે કરું છું, સેટ પર ઘણી ઈજાઓ થઈ

RRRને ઓસ્કરમાં મળેલી જીત પછી ગ્લોબલ સ્ટાર બની ચૂકેલા રામ ચરણની ફિલ્મ ’પેદ્દી’ ૪ જૂને રિલીઝ થઈ રહી છે. ફિલ્મમાં તેની સાથે જહાનવી કપૂર જોવા મળવાની છે. ફિલ્મ રિલીઝ પહેલાં રામ ચરણે દિવ્ય ભાસ્કર સાથેની વાતચીતમાં જણાવ્યું છે કે આ તેના કરિયરની એવી પહેલી ફિલ્મ છે, જેના માટે તેણે સૌથી વધુ નિષ્ઠાપૂર્વક કામ કર્યું છે.૨૦૦ દિવસના શૂટિંગ શેડ્યૂલમાં તે ફક્ત સૂવા માટે જ ઘરે જતા હતા અને બીજા દિવસે સવારે વહેલા સેટ પર પહોંચી જતા હતા. શૂટિંગ દરમિયાન રામ ચરણને ઘણી ઈજાઓ થઈ. તે તેને ગિફ્ટ માને છે, તેનું માનવું છે કે જાતે સ્ટંટ કરવા જરૂરી છે, કારણ કે આજના સમયમાં લોકો સીન જોઈને સમજી જાય છે કે કયો સ્ટંટ બોડી ડબલે કર્યો છે અને કયો એક્ટરે. રામ ચરણનું એ પણ કહેવું છે કે સલમાન ખાનની ’સુલતાન’ અને ’દંગલ’ની સફળતા જોયાપછી તેમને કુસ્તી પર ફિલ્મ બનાવવાનો આત્મવિશ્વાસ મળ્યો.રામ ચરણ- મને લાગે છે કે મારી બીજી ફિલ્મોની સરખામણીમાં મેં આ ફિલ્મમાં સૌથી વધુ નિષ્ઠાપૂર્વક કામ કર્યું છે. ખૂબ જ આદરપૂર્વક કામ કર્યું છે, કારણ કે તેમાં નિષ્ઠાની જરૂર હતી. આ ફિલ્મ ૧.૮ અબજ લોકોનું પ્રતિનિધિત્વ કરે છે. આ ફિલ્મ ઓળખ માટે જીવે છે. જે પેદ્દીનું પાત્ર છે, તે પોતાના અને પોતાની કોમ્યુનિટી માટે ઓળખની શોધમાં છે.ભારત જેવા દેશમાં જો તમે નકશામાં નથી, ઘણા ગામો જેમાં લોકો રહે છે, તેઓ મત આપી શકતા નથી, તેમની પાસે પરિવહન નથી, શાળા નથી, પોસ્ટલ બોક્સ નથી, કોઈ સેવાઓ નથી. તે ફક્ત ત્યાં જ રહે છે. આવા ઘણા ગામો છે. આ એક એવા છોકરાની વાર્તા છે, જે આવા ગામમાંથી નીકળીને કેવી રીતે ઓળખ બનાવે છે.



# આશુતોષ રાણા ચારધામ યાત્રા પર પહોંચ્યા

## કેદારનાથ-બદ્રીનાથના દર્શન કર્યા, પુરુષોત્તમ માસમાં યાત્રાના વિશેષ ધાર્મિક મહત્ત્વનો ઉલ્લેખ કર્યો

અભિનેતા આશુતોષ રાણા આ દિવસોમાં ઉત્તરાખંડની ચારધામ યાત્રા પર છે. બાબા કેદારનાથ અને ભગવાન બદ્રી વિશાળના દર્શન કર્યા પછી, તેમણે યાત્રાની વ્યવસ્થા અને સુરક્ષા વ્યવસ્થાપનની પ્રશંસા કરી.

રાણાએ કહ્યું કે, ’લાખો શ્રદ્ધાળુઓની ભીડ હોવા છતાં, પ્રશાસન કુશળતાપૂર્વક અને શાંતિપૂર્ણ રીતે યાત્રાનું સંચાલન કરી રહ્યું છે, જે પ્રશંસનીય છે.’ તેમણે પુરુષોત્તમ માસમાં ચારધામ યાત્રાના વિશેષ ધાર્મિક મહત્વનો પણ ઉલ્લેખ કર્યો.

રાણાએ જણાવ્યું કે તેમને એક જ દિવસમાં બાબા કેદારનાથ અને ભગવાન બદ્રીનાથના દર્શન કરવાનો અવસર મળ્યો. તેમણે કહ્યું કે, અહીંની વ્યવસ્થા જોઈને તેમને અત્યંત પ્રસન્નતા થઈ.

આશુતોષ રાણાએ સ્થાનિક પોલીસ, રાજ્ય પ્રશાસન, સેના અને સીઆઈએસએફના જવાનોની કાર્યશૈલીની વિશેષ પ્રશંસા કરી. તેમણે કહ્યું કે, ’સુરક્ષાકર્મીઓ શ્રદ્ધાળુઓ માટે સહયોગીની ભૂમિકા ભજવી રહ્યા છે અને યાત્રીઓની મુશ્કેલીઓને શાંતિ અને કુશળતાથી દૂર કરી રહ્યા છે.’

તેમણે ભારપૂર્વક જણાવ્યું કે, ’ચારધામ યાત્રા ફક્ત પર્યટન નથી, પરંતુ કરોડો લોકોની આસ્થાનું કેન્દ્ર છે. દેશ-વિદેશથી આવતા શ્રદ્ધાળુઓને અહીં સુરક્ષિત, સરળ અને સન્માનજનક વાતાવરણ મળી રહ્યું છે.’

અભિનેતાએ સફળ યાત્રા સંચાલન માટે ઉત્તરાખંડ પ્રશાસન અને સુરક્ષા એજન્સીઓનો આભાર વ્યક્ત કર્યો. તેમણે કહ્યું કે શ્રદ્ધાળુઓને મળી રહેલો સહયોગ, સ્નેહ અને સુવિધા ઉત્તરાખંડની ’અતિથિ દેવો ભવઃ’ પરંપરાને દર્શાવે છે.



## ‘જો હોસ્પિટલમાં કોઈ પાપરાઝી દેખાયા તો...પ’ સલમાનની હોસ્પિટલમાં તસવીરો પાડવા બદલ પાપારાઝીને ચેતવણી

# સલમાન ખાનનો પાપરાઝીને મગજ વિનાના કહેતો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ

સલમાન ખાન છેલ્લા થોડા દિવસોથી ખૂબ જ ગુસ્સામાં છે. તેના સોશિયલ મીડિયા પરથી સલમાનના સતત બદલાતા મૂડની ઝલક મળી રહી છે. તેણે પોતાનો ગુસ્સો દબાવી રાખ્યો નથી. મુંબઈની એક હોસ્પિટલ બહાર પાપારાઝી સાથે થયેલી એક અયોગ્ય ઘટના પછી જાણે સલમાનનો ગુસ્સો ફાટી નીકળ્યો હોય એવું લાગતું હતું. બુધવારે વહેલી સવારે સલમાને ઈન્સ્ટાગ્રામ પર ચાર સેલ્ફી પોસ્ટ્સ શેર કરી અને મીડિયા માટે સ્પષ્ટ ચેતવણી પણ આપી હતી.

મંગળવારે રાત્રે સલમાન ખાન મુંબઈની હિન્દુજા હોસ્પિટલમાં કોઈ વ્યક્તિને મળવા માટે ખાનગી મુલાકાતે ગયો હતો. તેની બહારના વાયરલ વીડિયો અનુસાર, ફોટોગ્રાફર્સે પહેલાં તેની કારને ટ્રાફિક સિગ્નલ પર જોઈ અને ત્યારબાદ હોસ્પિટલ સુધી તેનો પીછો કર્યો.જ્યારે સલમાન હોસ્પિટલમાંથી બહાર નીકળ્યો, ત્યારે પાપારાઝીએ પ્રવેશદ્વારને ઘેરી લીધો અને જોરજોરથી ‘ભાઈ, ભાઈ’ તેમજ તેની આગામી ફિલ્મ માતૃભૂમિનું નામ બોલવાનું શરૂ કર્યું. સ્થળ પરના હોબાળાથી નારાજ સલમાને ગુસ્સામાં પૂછ્યું, “પાગલ હો ક્યા?” (શું તમે પાગલ છો?). ત્યારબાદ ફોટોગ્રાફર્સે તરત જ માફી માગી. પોતે હોસ્પિટલમાં કોઈની ખબર અંતર પૂછવાના વ્યક્તિગત કામ માટે ગયો હતો એ સ્થિતિની ગંભીરતા જોતા એણે એ વખતે કોઈ ફોટા નહીં ખેંચાવવાનું મુનાસિબ માન્યું હતું અને એટલે જ ફોટોગ્રાફરે ફોટા પાડવા દેવાનું કહ્યું ત્યારે સલમાનનો ગુસ્સો ભભૂકી ઉઠ્યો હતો. જેને બાદમાં સલમાન સોશિયલ મીડિયા પર પોતાનો આક્રોશ ઠાલવીને વ્યક્ત કર્યો હતો.સલમાને પોતાના સોશિયલ મીડિયા પર નિશાન સાધતી ચાર પોસ્ટ્સ શેર કરી. પોતાની પ્રથમ પોસ્ટમાં તેણે પ્રેસ માટેના પોતાના લાંબા સમયના સમર્થનની યાદ અપાવી અને લખ્યું, “મીડિયાને મેં હંમેશા સપોર્ટ કર્યો, સાથે વાતચીત કરી, તેમનું ધ્યાન રાખ્યું અને કાળજી રાખી કે તેઓ પણ પોતાની રોજી-રોટી કમાઈ શકેપ”

બીજી પોસ્ટમાં તેણે સવાલ કર્યો, “પણ જો તેઓ મારી મુશ્કેલીઓમાંથી પૈસા કમાવવા માંગે છેપ તો શાંતિ રાખો, મજા ન લો. ભાઈ ભાઈ ભાઈ, ફોટો મહત્વનો છે કે જિંદગી?” પછી તેણે કડક ચેતવણી આપી. “આવા સમયે હું સો લોકોને સળગાવી દઈશ. ભાઈના દુઃખ પર હવે મારી સાથે અજમાવી જુઓ.



બસ એક વાર અજમાવી જુઓ. જ્યારે તમારામાંથી કોઈ હોસ્પિટલમાં હશે, ત્યારે શું હું આવું વર્તન કરીશ?”પોતાની મોડીરાતની પોસ્ટ્સ પુરી કરતા સલમાને લખ્યું, “હું સાઠ વર્ષનો થઈ ગયો છું, પણ લડવાનું ભુલ્યો નથી, એ યાદ રાખજો. જેલમાં નાખશો? હા હા હા.” સલમાન ખાનનો પાપરાઝીને મગજ વિનાના કહેતો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતા સલમાનના ચાહકો અને અન્ય વ્યૂઅર્સમાં ચકચાર મચી હતી. ઘણાએ તેને માટે જાતભાતની કોમેન્ટ્સ પણ લખી હતી.જો સલમાનની ફિલ્મની વાત કરવામાં આવે તો ચિત્રાંગદા સાથેની તેની માતૃભૂમિ અને વામશી પૈડીપલ્લીની નયનતારા સાથેની ફિલ્મમાં તે જોવા મળશે. આ ઘટનાના વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયા પછી સલમાનના ચાહકોએ સોશિયલ મીડિયા પર તેના આ ઉગ્ર પ્રતિસાદ અંગે પોતાના મત વ્યક્ત કર્યા હતા.

# ગુજરાત પ્રથમ બે સ્થાને રહેવા મક્કમ, રેસમાં રહેવા ચેન્નાઈએ જીતવું પડશે

## નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે આજે ગુજરાત અને ચેન્નાઈ સુપર કિંગ્સ વચ્ચે મુકાબલો, સાંજે ૭.૩૦થી પ્રારંભ

ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ)ની ટી૨૦ ક્રિકેટ ટુર્નામેન્ટ તેના આખરી તબક્કામાં છે ત્યારે પ્લે ઓફ માટેની ચાર પૈકીની ત્રણ ટીમ નક્કી થઈ ગઈ છે અને તેમાંની એક એટલે ગુજરાત ટાઈટન્સ ગુરુવારે અહીંના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે રમશે ત્યારે તેનો ઈરાદો મોખરાની બે ટીમમાં ટકી રહેવાનો હશે. હાલમાં બીજા ક્રમે રહેલી ટાઈટન્સ ગુરુવારે ચેન્નાઈ સુપર કિંગ્સ સામે રમશે. આ મેચ ચેન્નાઈ માટે વધારે મહત્વની છે કેમ કે તેના માટે જીતવું ફરજિયાત છે. ચેન્નાઈનો મહાન ખેલાડી મહેન્દ્રસિંહ ધોની આ મેચમાં રમશે કે નહીં તે અંગે હજી પણ અટકળો ચાલી રહી છે. સમગ્ર સિઝનમાં એકેય મેચ નહીં રમેલા ધોનીના રમવા અંગે અનિશ્ચિતતા જારી છે. ગુરુવારે સાંજે ૭.૩૦ કલાકથી મેચનો પ્રારંભ થશે.

ચેન્નાઈ સુપર કિંગ્સ આ મેચ જીતે તો તેના ૧૪ પોઈન્ટ થશે અને તેમ છતાં તેનો પ્લે ઓફ પ્રવેશ નક્કી નથી કેમ કે તેને અન્ય ટીમ અને ખાસ કરીને રાજસ્થાન અને પંજાબની ટીમની સ્થિતિ પર આધાર રાખવો પડશે. બીજી તરફ ગુજરાત હાલમાં બીજા ક્રમે છે અને કવોલિફાઈ થઈ ચૂક્યું છે ત્યારે તેનો ઈરાદો સ્વાભાવિકપણે પ્રથમ બે સ્થાને રહેવાનો હોય જેથી ક્વોલિફાયરમાં એકાદ મેચનું નબળું પ્રદર્શન પણ તેને ફાઈનલમાં પ્રવેશવા બે તક આપે છે.



હાલમાં ૧૬ પોઈન્ટ સાથે બીજા ક્રમે રહેલી ગુજરાત ટાઈટન્સ માટે આ મેચ એ રીતે નિર્ણાયક છે કે રોયલ ચેલેન્જર્સ બેંગલોર (૧૮ પોઈન્ટ) અને સનરાઈઝર્સ હૈદરાબાદ (૧૬ પોઈન્ટ) સાથેની સ્પર્ધામાં ટાઈટન્સ જીત મેળવીને પોતાનું સ્થાન મજબૂત કરવા ઈચ્છશે. જો ગુજરાત મોટી જીત મેળવે તો તેનો નેટ રનરેટ પણ સુધરી શકે છે. રસપ્રદ વાત એ છે કે જો હૈદરાબાદ પણ તેની છેલ્લી મેચ જીતે તો બીજા સ્થાન માટે રનરેટનો જંગ જામશે જેમાં ગુજરાતનો નેટ રનરેટ (+૦.૪૦૦) હૈદરાબાદ (+૦.૩૫૦) કરતા થોડો સારો છે. બીજી તરફ પાંચ વખતની ચેમ્પિયન ચેન્નાઈ સુપર કિંગ્સ આ સિઝનમાં નિરાશાજનક પ્રદર્શન બાદ પ્લેઓફની રેસમાંથી લગભગ બહાર છે. ઋતુરાજ ગાયકવાડની આગેવાની હેઠળની ટીમ માટે હવે માત્ર સન્માન બચાવવાનો જ વિકલ્પ રહ્યો છે. પ્લેઓફની અદ્રશ્ય આશા ટકાવી રાખવા માટે ચેન્નાઈએ માત્ર જીતવું જ જરૂરી નથી પરંતુ અન્ય ટીમોના પરિણામો પણ તેમની તરફેણમાં રહે તે જરૂરી છે.

ગુજરાતની બેટિંગ દર મેચની માફક આ વખતે પણ કેપ્ટન શુભમન ગિલ અને સાઈ સુદર્શન પર આધારીત છે અને ત્યાર બાદ જોઝ બટલર અને છેલ્લે કોલકાતા સામે ત્રીજા ક્રમે રમવા આવેલા નિશાન્ત સિંધૂ પર છે જેમાંથી સિંધૂને બાદ કરતાં બાકીના ત્રણ શાનદાર ફોર્મમાં છે. પાવર પ્લે દરમિયાન ચેન્નાઈના બોલિંગ આક્રમણ અને સ્વિંગ બોલર્સને સંભાળવા તેમના માટે પડકાર બની શકે છે.

ગુજરાતનો સ્ટાર સ્પિનર રાશીદ ખાન ચેન્નાઈના મિડલ ઓર્ડર માટે મોટો પડકાર બનશે. બીજી તરફ ચેન્નાઈનો સ્ટાર બેટર સંજુ સેમસન રાશીદ ખાનની સ્પિનને કેવી રીતે રમે છે તેના પર ટીમનો સ્કોર નિર્ભર રહેશે.

ચેન્નાઈની ટીમ ગુજરાતના ગિલને જલ્દી આઉટ કરવા માટે લેફ્ટ-આર્મ સ્પિનર અકીલ હુસૈનનો ઉપયોગ કરી શકે છે, જેણે અગાઉ ભારતના ટેસ્ટ કેપ્ટન ગિલને બે વાર આઉટ કર્યો છે.

# કોલકાતાએ આશા જીવંત રાખતાં મુંબઈ ઈન્ડિયન્સને હરાવ્યું

## મુંબઈનો ૧૪૭ રનનો સામાન્ય સ્કોર કોલકાતાએ છ વિકેટે વટાવ્યો, મનીષ પાંડે ઝળક્યો



સૌરભ દૂબે, કેમરૂન ગ્રીન અને કાર્તિક ત્યાગીની બોલિંગમાં કમાલ બાદ મનીષ પાંડે અને રોવમેન પોવેલે ઉપયોગી યોગદાન આપતાં કોલકાતા નાઈટ રાઈડર્સે બુધવારે રમાયેલી આઈપીએલની ટી૨૦ ક્રિકેટ મેચમાં મુંબઈ ઈન્ડિયન્સને ચાર વિકેટે હરાવ્યું હતું. વર્તમાન લીગમાં મુંબઈનો આ નવમો પરાજય હતો જ્યારે કોલકાતાએ આ મેચ જીતીને તેના પોઈન્ટનો આંક ૧૩ ઉપર પહોંચાડ્યો છે. આમ છેલ્લી મેચ જીતીને તથા બહેતર નેટ રનરેટ જાળવી રાખીને કોલકાતા હજી પણ આગળ વધી શકે છે.

અહીંના ઈડન ગાર્ડન્સ ખાતે રમાયેલી મેચમાં કોલકાતાએ ટોસ જીતીને મુંબઈ ઈન્ડિયન્સને પ્રથમ બેટિંગ કરવાનું આમંત્રણ આપ્યું હતું પરંતુ મુંબઈનો ધબડકો થયો હતો. વરસાદના વિઘ્ન વચ્ચે રમાયેલી મેચમાં મુંબઈ ઈન્ડિયન્સે તેની ૨૦ ઓવરમાં આઠ વિકેટે ૧૪૭ રનનો સ્કોર નોંધાવ્યો હતો જેના જવાબમાં કોલકાતા નાઈટ રાઈડર્સે ૧૮.૫ ઓવરમાં છ વિકેટે ૧૪૮ રન કર્યા હતા. ૧૪૮ રનના ટારગેટ સામે રમતાં કોલકાતા નાઈટ રાઈડર્સ માટે પણ માર્ગ આસાન રહ્યો ન હતો કેમ કે તેણે પણ ફિન એલન (૦૮) અને કેપ્ટન અજિંક્ય રહાણે (૨૧)ની વિકેટ શરૂઆતમાં જ ગુમાવી દીધી હતી. મનીષ પાંડેએ ઘણા સમય બાદ આઈપીએલમાં મક્કમ બેટિંગ કરી હતી અને ૩૩ બોલમાં ૪૫ રન ફટકાર્યા હતા. જેમાં છ ચોગ્ગા સામેલ હતા તો રોવમેન પોવેલે આકર્ષક બેટિંગ કરીને ૩૦ બોલમાં બે સિક્સર અને ચાર ચોગ્ગા સાથે ૪૦ રન ફટકાર્યા હતા. જોકે ટીમને જરૂર હતી ત્યારે મનીષ પાંડે બુમરાહની બોલિંગમાં બોલ્ડ થયો હતો તો પોવેલને અફઘાન બોલર ગાઝનફરે આઉટ કર્યો હતો.

અગાઉ કોલકાતા નાઈટ રાઈડર્સના બોલરોએ શાનદાર પ્રદર્શન કરતા મુંબઈને સાધારણ સ્કોર પર અટકાવી દીધું હતું. વરસાદ અને વાદળછાયા વાતાવરણ વચ્ચે પિચનો ભરપૂર ફાયદો ઉઠાવીને નાઈટ રાઈડર્સના બોલરોએ મુંબઈના બેટ્સમેનોને શરૂઆતથી જ દબાણમાં રાખ્યા હતા. પહેલી ચાર ઓવરમાં જ મુંબઈએ રોહિત શર્મા, રાયન રિકલ્ટન અને નમન ધીરની વિકેટ ગુમાવી દીધી હતી. સૂર્યકુમાર યાદવ પણ રોહિતની માફક ૧૫ રન કરીને આઉટ થયો હતો.

# `NEET' લીકના મામલાની IPL માં એન્ટ્રી : ચાલુ મેચમાં NTA વિરૂધ્ધ પોસ્ટર પ્રદર્શન





નીટ પેપર લીકના મામલામાં સીબીઆઈ તપાસ ચાલી રહી છે અને અનેક લોકોની ધરપકડ કરવામાં આવી છે તેમ છતાં આ મામલે દેખાવો ચાલુ છે. કોંગ્રેસના છાત્ર સંગઠન એનએસયુઆર માર્ગો પર ઉતરીને નેશનલ ટેસ્ટીંગ એજન્સી-એનટીએને હટાવવાની માંગ કરી રહ્યું છે.

ત્યારે જયપુરમાં રાજસ્થાન રોયલ્સ અને લખનૌ વચ્ચે ચાલતી મેચ દરમિયાન એનએસયુઆઈના કાર્યકર્તાઓ મેચમાં પહોંચી ગયા હતા, જ્યાં તેમણે કેટલાક બેનરો લહેરાવી એનટીએ પર બાન મુકવાની માંગ કરી હતી. હવે આ વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થઈ રહ્યો છે.રાજસ્થાન અને લખનૌની આઈપીએલ મેચમાં જ્યારે લોકો વૈભવ સૂર્યવંશીની ધુંઆધાર બેટિંગનો આનંદ લૂંટી રહ્યા હતા ત્યારે બીજી બાજુ કેટલાક લોકો ખુરશી પર ઉભા થઈને નીટ પેપર લીક સામે દેખાવો કરી રહ્યા હતા. તેમના હાથોમાં બાન એનટીએ વાળા બેનર હતા. આ ઉપરાંત આ યુવાનો નારાબાજી પણ કરી રહ્યા હતાં.

મેચ દરમિયાન વિરોધ પ્રદર્શનનો કેટલાક લોકોએ સોશિયલ મીડિયામાં વિરોધ કરી કહ્યું છે. મેચ દરમિયાન આવી હરકતો બરાબર નથી, આવા લોકો સામે સખ્ત કાર્યવાહી થવી જોઈએ, જ્યારે કેટલાક લોકોનું કહેવું છે કે ખરેખર છાત્રોના મુદ્દાને દેશભરના લોકો સુધી પહોંચાડવો જરુરી છે.

# પાક. પર બાંગ્લાદેશના વિજયથી WTCમાં ભારતને નુકસાન



વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ (WTC) ના તાજા રેન્કિંગમાં ભારતીય ક્રિકેટ ટીમને મોટો ફટકો પડ્યો છે. બુધવારે પ્રવાસી પાકિસ્તાન સામેની બે ટેસ્ટ મેચની સિરીઝ જીતીને શાનદાર પ્રદર્શન સાથે ૨-૦ના ક્લીન સ્વિપ બાદ બાંગ્લાદેશે રેન્કિંગમાં પાંચમુ સ્થાન મેળવી લીધું હતું જ્યારે ભારત છઠ્ઠા સ્થાને ધકેલાઈ ગયું હતું.

બાંગ્લાદેશે મિરપુરમાં પ્રથમ ટેસ્ટમાં ૧૦૪ રનથી મોટો વિજય મેળવ્યા બાદ બુધવારે રમાયેલી બીજી ટેસ્ટમાં પણ પાકિસ્તાનને કારમી હાર આપી હતી. આ જીત સાથે બાંગ્લાદેશ આઈસીસી (ICC) ના ક્રમાંકમાં ભારતને પાછળ છોડીને ટોપ-૫ માં પહોંચી ગયું છે. હાલમાં બાંગ્લાદેશ ૫૮.૩૩ ટકા પોઈન્ટ સાથે પાંચમા સ્થાને છે, જ્યારે ભારત ૪૮.૧૫ પોઈન્ટ્સ સાથે છઠ્ઠા સ્થાને છે. શુભમન ગિલની આગેવાની હેઠળની ભારતીય ટીમ માટે આ વર્ષ અત્યાર સુધી ટેસ્ટ ક્રિકેટની દ્રષ્ટિએ નિષ્ક્રિય રહ્યું છે. ભારતે આ વર્ષે હજી સુધી એક પણ ટેસ્ટ મેચ રમી નથી. છઠ્ઠી જૂનથી તેને અફઘાનિસ્તાન સામે એક ટેસ્ટ મેચ રમાવાની છે પરંતુ તે ટેસ્ટ WTC સાઈકલનો ભાગ નથી.

# બાંગ્લાદેશે બીજી ટેસ્ટ જીતી પાકિસ્તાનનો વ્હાઇટવોશ કર્યો

## બીજી ટેસ્ટમાં બાંગ્લાદેશનો ૭૮ રનથી વિજય, બે ટેસ્ટની સિરીઝ ૨-૦થી જીતી



તાઈજૂલ ઈસ્લામે છ વિકેટ ખેરવતાં બાંગ્લાદેશે અહીં રમાયેલી બીજી ક્રિકેટ ટેસ્ટમાં પ્રવાસી પાકિસ્તાનને ૭૮ રનથી હરાવીને બે ટેસ્ટની સિરીઝ ૨-૦થી જીતીને પાકિસ્તાનનો વ્હાઈટવોશ કર્યો હતો. પાકિસ્તાન તેની બીજી ઈનિંગ્સમાં ૩૫૮ રન કરી શક્યું હતું જ્યારે તેની સામે ૪૩૭ રનનો ટારગેટ હતો. મેચના પાંચમા દિવસે પાકિસ્તાને સાત વિકેટે ૩૧૬ રનના સ્કોરથી તેની બીજી ઈનિંગ્સ આગળ ધપાવી હતી પરંતુ તેના બાકીના ખેલાડીઓ બુધવારે સવારે ખાસ લડત આપી શક્યા ન હતા. લેફ્ટ આર્મ સ્પિનર તાઈજૂલ ઈસ્લામે પાંચમા દિવસે સવારે ત્રણમાંથી બે વિકેટ લીધી હતી અને આ ઈનિંગ્સમાં ૧૨૦ રન આપીને છ વિકેટ ઝડપી હતી. સાત વિકેટે ૩૧૬ રનના સ્કોરથી ઈનિંગ્સ આગળ ધપાવ્યા બાદ પાકિસ્તાને તેનો સ્કોર ૩૫૮ સુધી પહોંચાડ્યો ત્યાં સુધી એક પણ વિકેટ ગુમાવી ન હતી પરંતુ ૩૫૮ રનના સ્કોરે જ તેણે ત્રણેય વિકેટ ગુમાવી દીધી હતી.અગાઉ બાંગ્લાદેશે સિરીઝની પહેલી ટેસ્ટ ૧૦૪ રનથી જીતી હતી અને હવે ૭૮ રનના વિજય સાથે તેણે બીજી વાર પાકિસ્તાન સામે સિરીઝની તમામ ટેસ્ટ જીતી હતી. અગાઉ ૨૦૨૪માં પણ પાકિસ્તાનનો બાંગ્લાદેશ સામે આ જ સ્કોરથી પરાજય થયો હતો. બુધવારે સવારે પાકિસ્તાન પાસેથી ૪૩૭ રનના ટારગેટ સુધી પહોંચવાની અપેક્ષા રખાતી હતી કેમ કે તે સમયે અનુભવી મોહમ્મદ રિઝવાન બેટિંગ કરી રહ્યો હતો પરંતુ ૯૪ રનના સ્કોરે તે આઉટ થયો તે સાથે પાકિસ્તાનનો પડકાર શમી ગયો હતો.

## ફનેટિક સ્પોટ્ર્સ અને હુરુનનો રિપોર્ટ જાહેર

# IPL ની ૧૦ ફ્રેન્ચાઇઝીનું કુલ વેલ્યુએશન ૧.૬૩ લાખ કરોડ : ખેલાડીમાં કોહલી મોખરે

## સૌથી મોટું ૧૯૨૦૦ કરોડનું વેલ્યુએશન કોલકાતા નાઈટ રાઈડર્સનું : મુંબઈ તથા ચેન્નાઈ બીજા ત્રીજા ક્રમે, વ્યક્તિગત કમાણીમાં વિરાટ કોહલી ટોપ પર- ૨૩૦ કરોડ કમાયો : રોહિતની ૨૨૭ કરોડ તથા ધોનીની કમાણી ૨૦૦ કરોડ

અનુભવી બેટ્સમેન વિરાટ કોહલી ૧૮ વર્ષના IPL ઈતિહાસમાં સૌથી વધુ કમાણી કરનાર ખેલાડી છે, જેણે રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર સાથેના જોડાણથી ૨૩૦ કરોડ રૂપિયાની કમાણી કરી છે.

મંગળવારે પ્રકાશિત થયેલા ફનેટિક સ્પોટ્ર્સ અને હુરુનના અહેવાલ મુજબ, લીગની તમામ ૧૦ ફ્રેન્ચાઈઝીનું કુલ મૂલ્યાંકન રૂ. ૧.૬૩ લાખ કરોડ છે. શાહરૂખ ખાન માલિકીની કોલકાતા નાઈટ રાઈડર્સ (KKR) ૧૯,૨૦૦ કરોડથી વધુના મૂલ્યાંકન સાથે આ યાદીમાં આગળ છે.અંબાણી પરિવારની માલિકીની મુંબઈ ઈન્ડિયન્સ ૧૮,૪૦૦ કરોડ રૂપિયા અને ૧૮,૪૦૦ કરોડ રૂપિયા સાથે ચેન્નાઈ સુપર કિંગ્સ અનુક્રમે બીજા અને ત્રીજા સ્થાને છે.



ટીમોનું સરેરાશ મૂલ્યાંકન ૨૦૩૨ સુધીમાં વર્તમાન ૧.૮ બિલિયનથી વધીને ૧૫ બિલિયન થવાનો અંદાજ છે. સૌથી વધુ કમાણી કરનારા ખેલાડીઓની યાદીમાં, રોહિત ૨૨૭.૨ કરોડ રૂપિયા સાથે બીજા ક્રમે છે અને ધોની ૨૦૦ કરોડ રૂપિયા સાથે ત્રીજા ક્રમે છે.

મહિલા ક્રિકેટરોમાં, સ્મૃતિ મંધાના મહિલા પ્રીમિયર લીગ (WPL) માં ૧૩.૭ કરોડ (આશરે ૧.૭ બિલિયન) ની કુલ કમાણી સાથે આગળ છે. ટોચની ૧૦ મહિલા ખેલાડીઓએ કુલ ફક્ત ૯૦ કરોડ (આશરે ૧.૯ બિલિયન) ની કમાણી કરી છે. દેશની રાષ્ટ્રીય રમત, હોકીમાં આ અસમાનતા વધુ સ્પષ્ટ છે. રિપોર્ટ અનુસાર, ડિફેન્ડર હરમનપ્રીત સિંહ ૭.૮ મિલિયન (આશરે ૧.૭ મિલિયન) ના પગાર સાથે હોકી ઈન્ડિયા લીગમાં સૌથી વધુ કમાણી કરનાર ખેલાડી છે.

તેમના પછી ફોરવર્ડ અભિષેક નૈન ૭.૨ મિલિયન (આશરે ૭ મિલિયન) સાથે અને મિડફિલ્ડર હાર્દિક સિંહ ૭ મિલિયન (આશરે ૭ મિલિયન) સાથે આવે છે. જેમાં ૧૪ વર્ષીય કેતન કુશવાહા અને બે ૧૫ વર્ષીય ખેલાડીઓ, પૂર્તિ આશિષ તાની અને રાહુલ યાદવ જેવા ખેલાડીઓનો સમાવેશ થાય છે.

ગુવાહાટી કોલકાતા નાઈટ રાઈડર્સે ભારતના સેન્ટ્રલ કોન્ટ્રાક્ટેડ ખેલાડી વરુણ ચક્રવર્તીને પગમાં ફ્રેક્ચર હોવા છતાં રમવા માટે દબાણ કરીને વિવાદ ઉભો કર્યો છે, પરંતુ સેક્રેટરી દેવજીત સૈકિયાએ સ્વીકાર્યું કે આઈપીએલ ચાલી રહી હોય ત્યારે બોર્ડ ફ્રેન્ચાઈઝીના કામકાજમાં "દખલ" કરી શકે નહીં.

# ઓસ્ટ્રેલિયાની બિગ બેશ લીગની ઓપનિંગ મેચ ડિસેમ્બરમાં ચેન્નાઈ રમાય તેવી સંભાવના

## ક્રિકેટ ઓસ્ટ્રેલિયાના પ્રતિનિધિ મંડળે સ્ટેડિયમનું નિરીક્ષણ કર્યું

ઓસ્ટ્રેલિયાની બિગ બેશ લીગની ૨૦૨૬-૨૭ સીઝનની ઓપનિંગ મેચ ડિસેમ્બરમાં ચેન્નઈના એમએ ચિદમ્બરમ સ્ટેડિયમમાં રમાય તેવી સંભાવના છે. અહેવાલ મુજબ, ક્રિકેટ ઓસ્ટ્રેલિયા (CA) નું એક પ્રતિનિધિમંડળ આ અઠવાડિયે ચેન્નઈ પહોંચ્યું હતું, જ્યાં તેણે એમએ ચિદમ્બરમ સ્ટેડિયમનું નિરીક્ષણ કર્યું.




વાસ્તવમાં, CA નું માનવું છે કે, ભારત એક મોટું અને નફાકારક બજાર છે, જ્યાં ક્રિકેટ અત્યંત લોકપ્રિય છે. નોંધનીય છે કે ઝઇ એ BCCI પાસે ભારતમાં બિગ બેશ લીગની મેચ આયોજિત કરવાની વિનંતી કરી હતી, જેનો સ્વીકાર કરી લેવામાં આવ્યો છે.

બિગ બેશ લીગની ફ્રેન્ચાઈઝી બ્રિસ્બેન હીટના સીઈઓ ટેરી સ્વેન્સને ટૂર્નામેન્ટની ઓપનિંગ મેચ ભારતમાં આયોજિત કરવાનાં પ્રસ્તાવનું સમર્થન કર્યું હતું. તેમણે કહ્યું, "અમને ક્રિકેટ ઓસ્ટ્રેલિયા સાથે આ વિષય પર ચર્ચા કરવાની તક મળી છે અને અમે આ પહેલનું સમર્થન કરીએ છીએ. અમે ભારતમાં રમવાને લઈને ઉત્સાહિત છીએ."

બિગ બેશને આઈપીએલ પછી બીજી સૌથી મોટી અને લોકપ્રિય ટી-૨૦ લીગ માનવામાં આવે છે, જે ઓસ્ટ્રેલિયામાં આયોજિત થાય છે. આ લીગમાં કુલ આઠ ટીમો રમે છે.વાસ્તવમાં, ક્રિકેટ ઓસ્ટ્રેલિયાનું માનવું છે કે, ભારતમાં ક્રિકેટનું બહુ મોટું ફેન ફોલોઈંગ છે અને આનાથી બિગ બેશની લોકપ્રિયતાને ઘણો ફાયદો થશે. નોંધનીય છે કે બિગ બેશની મહિલા લીગમાં ભારતની ઘણી ખેલાડીઓ ભાગ લે છે.

# પાકિસ્તાની સ્ટાર બોલર મોહમ્મદ આમિરનો IPLમાં એન્ટ્રીનો માર્ગ મોકળો

પાકિસ્તાનના પૂર્વ ફાસ્ટ બોલર મોહમ્મદ આમિર માટે ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL) માં રમવાનો રસ્તો સાફ થઈ ગયો છે. ભારત અને પાકિસ્તાન વચ્ચેના રાજકીય તણાવને કારણે પાકિસ્તાની ખેલાડીઓ પર આઈપીએલમાં પ્રતિબંધ હોવા છતાં, આમિર આગામી સીઝનની હરાજી (IPL 2027 Auction) માં સામેલ થઈ શકે છે.



નિયમ મુજબ, બીસીસીઆઈ (BCCI) પાકિસ્તાની ક્રિકેટરોને આઈપીએલમાં રમવાની મંજૂરી આપતી નથી. જો કે, મોહમ્મદ આમિરને હવે સત્તાવાર રીતે બ્રિટિશ નાગરિકતા (British Citizenship) મળી ગઈ છે. આમિરે પોતાની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર એક પોસ્ટ રીપોસ્ટ કરીને પોતાના નેશનાલિટી સ્ટેટસમાં થયેલા આ ફેરફારની પુષ્ટિ કરી છે. તેની પત્ની નરગિસ ખાન બ્રિટિશ નાગરિક હોવાથી આમિર યુકે (UK) ના પાસપોર્ટ મેળવવાની પ્રક્રિયામાં હતો, જે હવે પૂર્ણ થઈ ગઈ છે. બ્રિટિશ નાગરિક બન્યા બાદ હવે આમિર 'બ્રિટિશ ઓવરસીઝ પ્લેયર' તરીકે આઈપીએલ હરાજીમાં પોતાનું નામ નોંધાવવા માટે સંપૂર્ણ લાયક (Eligible) બની ગયો છે.

# કુરુક્ષેત્ર ભૂમિ પરનો અધિકમાસ એટલે ત્રિવેણી કથાનો અનેરો સંગમ

## સુરતનું મૂળ નામ સૂર્ય પુર જેના પર ભગવાન પરશુરામજીના સદૈવ આશીર્વાદ છે :મૂળદાસબાપુ



**સુરત,તા.૨૧**

સુરત શ્રી કુરુક્ષેત્ર સ્મશાન ભૂમિ ટ્રસ્ટ પવિત્ર અધિક માસના ચોથા દિવસે રામમઢી આશ્રમના સંત શ્રી મૂળદાસ બાપુ દ્વારા પંચ નિષ્ઠાના રાજાઓની કથાઓ પૈકી રાજાશાહીના રાજા રામ ઉપર કથા કરી હતી,જેમાં પ્રમાણિકતા અને સંસ્કારીતા પર વાતો કરીને તેને અનુસરવા શ્રોતાઓને અનુરોધ કર્યો હતો

આ પ્રસંગે પાટીદાર સમાજ ના અગ્રણી તથા ટ્રસ્ટ ના સભ્ય શ્રી સુખદેવ ભાઈ પટેલ અને રાંદેર પીપલ્સ બેંકના વાઈસ ચેરમેન અને માજી આરટીઓ અધિકારી શ્રી મહેશભાઈ ભારતી ઈલાવ નિવાસી કથાકાર શ્રી ધનેન્દ્ર ભાઈ વ્યાસ વિશેષ ઉપસ્થિત રહી શ્રી મૂળદાસ બાપુનું સ્વાગત કર્યું હતું.... કથાકાર શ્રી મૂળદાસ બાપુએ જણાવ્યું કે સમાજને પ્રમાણિક માણસોની જરૂર છે અપ્રમાણિક માણસોની કોઈ જરૂરિયાત નથી. સમાજ અને દેશને આગળ વધારવા માટે પ્રમાણિક માણસોએ આગળ આવવું પડશે કથા ને અંતે મૂળદાસ બાપુને માં તાપીના સાંનિધ્યમાં નૌકા વિહાર કરાવવાનુ આયોજન ટ્રસ્ટી મંડળ દ્વારા કરવામાં આવ્યું હતું . આવતીકાલે અંતિમ દિવસે "લોકશાહીના રાજા રામ" ઉપર પૂ. શ્રી મુળદાસ બાપુ કથા કરશે

# ખેડૂતોના હિત માટે સાંસદ પ્રભુભાઈ વસાવાએ બીજી વાર પત્ર લખી રજૂઆત કરી

## હાઈવે મુદ્દે કેન્દ્રીય મંત્રી નિતિન ગડકરીને સાંસદ પ્રભુ વસાવાની રજૂઆત

સુરત, તા.૨૧

વિકાસના કાર્યો સાથે જનકલ્યાણનું સંતુલન જાળવવું એ જ સાચા લોકપ્રતિનિધિની ઓળખ છે. વાપી-શામળાજી રાષ્ટ્રીય રાજમાર્ગ-૫૬ ના પ્રસ્તાવિત બાયપાસ માર્ગને કારણે પોતાની કિંમતી ઉપજાઉ જમીન અને આવાસો ગુમાવવાની ચિંતા સાથે માંડવી અને માંગરોળ તાલુકાના ખેડૂતો તેમજ ગ્રામજનોએ સાંસદ કાર્યાલય ખાતે આવીને નમ્ર રજૂઆત કરી હતી. પ્રજાના સુખ-દુઃખમાં હંમેશા પડખે ઊભા રહેતા સાંસદ શ્રી પ્રભુભાઈ વસાવાએ આ રજૂઆતને અત્યંત ગંભીરતાપૂર્વક સાંભળી હતી.

ખેડૂતો અને ગ્રામજનોની આજીવિકા જોખમાય નહીં તે હેતુથી તાકીદે સકારાત્મક પગલાં ભર્યા છે. આ વિષયની સંવેદનશીલતા અને ગંભીરતાને સમજીને તેમણે નવી દિલ્હી ખાતે ભારતના સડક પરિવહન અને રાજમાર્ગ મંત્રી શ્રી નિતિન ગડકરીજીને બીજી વખત પત્ર લખીને આ પ્રશ્નનો સુખદ અને ન્યાયસંગત અંત લાવવા ભારપૂર્વક વિનંતી કરી છે.

# કોસંબા ખાતે રાજપૂત સમાજને સ્નેહ મિલન સમારોહમાં પ્રિન્સ મહિડા પ્રેરણા આપતું જોશીલું સંબોધન

**ઓલપાડ,તા.૨૧**

સમાજે મારા માટે શું કર્યુ એના કરતા સમાજ માટે હું શું કરી શકું એવા વિચારો સમાજ ને પ્રગતિ તરફ લઈ જશે,આ શુભ આશયથી માંગરોળ તાલુકા રાજપૂત સમાજના આગેવાનો નો સ્નેહમિલન કાર્યક્રમ ઉડાન વિદ્યાશંકુલ સાવા ચોકડી ખાતે સ્નેહ મિલન સમારોહ યોજાયો હતો,જેમાં રાજપૂત સમાજ નાં અનેક અગ્રણીઓ ઉપસ્થિત રહયા હતાં. અને સમાજ ઉપયોગી પ્રેરણાદાયક ઉદબોધન કર્યા હતાં. અને પ્રસંગે સમાજ હિત ની તમામ બાબતો પર ચર્ચા કરવામાં આવી હતી



આ પ્રસંગે સુરત જિલ્લા ભારતીય જનતા પાર્ટી ના પૂર્વપ્રમુખ અને સામાજિક અગ્રણી શ્રી,દિલીપસિંહજી રાઠોડ,કોસંબા મર્કનટાઈલબેંક ના ચેરમેન શ્રી, ભરતસિંહજી ગોહિલ,સુરત જીલ્લા ભારતીય જનતા પાર્ટીના મંત્રીશ્રી, ધર્મેન્દ્રસિંહજી સોલંકી, માંગરોળ તાલુકા પંચાયત ના પૂર્વ કારોબારી અધ્યક્ષ શ્રી, મહાવીરસિંહજી પરમાર,સામાજીક અગ્રણી શ્રી સાર્દુલસિંહજી સહિતના સર્વે મોભીશ્રીઓ ઉપસ્થિત રહ્યાં,

# ચતુર્થ દક્ષિણ ગુજરાત દિવ્યાંગ સીટીંગ વોલીબોલ ચેમ્પિયનશિપ ૨૦૨૬નું આયોજન

**સુરત,તા.૨૧**



ચતુર્થ દક્ષિણ ગુજરાત દિવ્યાંગ સીટીંગ વોલીબોલ ચેમ્પિયનશિપ ૨૦૨૬ નું આયોજન શ્રી ગોકુલચંદ્રમાજી હવેલીના સહયોગથી પેરા સ્પોર્ટ્સ એસોસિએશન સુરત અને ધી સોસાયટી ફોર ફિઝિકલી હેન્ડીકેપ્ડ-સુરત દ્વારા કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધાનો ઉદ્દેશ્ય દિવ્યાંગ ખેલાડીઓને રમતગમતની તાલીમ આપવા અને તેમની ક્ષમતાઓને પ્રદર્શિત કરવા માટે એક મંચ પૂરો પાડવાનો હતો. શ્રી વલ્લભકુળભૂષણ પૂજ્ય પાદ ગોસ્વામી ૧૦૮ શ્રી દ્વારકેશલાલજી મહારાજશ્રી, શ્રી વલ્લભકુળભૂષણ પૂજ્ય પાદ ગોસ્વામી ૧૦૮ શ્રી અનિરુદ્ધલાલજી મહોદયશ્રી , શ્રી વલ્લભકુળ ભૂષણ પૂજ્ય પાદ ગોસ્વામી ૧૦૮ શ્રી કનૈયાલાલ મહોદયશ્રી, શ્રી ડૉ. શૈલેષભાઈ અગ્રવાલ, શ્રી દક્ષેશભાઈ શાહ એસ.વી?વી. પી. પ્રમુખશ્રી, શ્રી ધવલભાઈ નાણાવટી, શ્રી ગોવર્ધનભાઈ રદડિયા ઉપસ્થિત રહ્યા હતા. સ્પર્ધામાં વિજેતા ટીમોને ટ્રોફી, સર્ટિફિકેટ અને રોકડ પુરસ્કાર આપવામાં આવ્યા હતા. ભાઈઓ પ્રથમ સુરત ટીમ, દ્વિતીય વડોદરા ટીમ, તૃતીય તાપી ટીમ બહેનો પ્રથમ વડોદરા ટીમ, દ્વિતીય સુરત ટીમ,તૃતીય ડાંગ ટીમ બેસ્ટ પ્લેયર ભાઈઓમાં શ્રી અમિતભાઈ ગવાઈકર (વડોદરા) અને શ્રી શાંતિલાલ બમ્હરોલિયા (સુરત), બહેનોમાં શ્રીમતી ગુલાબ શાહ (સુરત) અને શ્રીમતી હેમલતા માછી (વડોદરા)ને ટ્રોફી આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા. સ્પર્ધા નું સંચાલન ટ્રસ્ટી શ્રી આનંદભાઈ શાહ, શ્રીઅમિતભાઈ શાહ, શ્રી જુગનુભાઇ પરીખ, શ્રી અંકિતભાઈ મોદી, શ્રી મનીષભાઈ ગાંધી, શ્રી પ્રફુલભાઇ મહેતા સુંદર રીતે પોતાની ફરજ બજાવી હતી.

# બાંદ્રા ટર્મિનસ-અજમેર-બાંદ્રા ટર્મિનસ ટ્રેનના સ્ટોપેજમાં કામચલાઉ ફેરફાર,હવે સુરતને બદલે ઉધના સ્ટેશને ઊભી રહેશે

**સુરત,તા.૨૧**

સુરત સ્ટેશન પર ચાલી રહેલા પુનઃવિકાસ (રીડેવલપમેન્ટ)ના કામને કારણે પશ્ચિમ રેલવે દ્વારા ટ્રેન સંખ્યા ૨૦૯૯૫/૨૦૯૯૬ બાંદ્રા ટર્મિનસ–અજમેર એક્સપ્રેસનો કામચલાઉ સ્ટોપેજ સુરત સ્ટેશનના બદલે ઉધના સ્ટેશન કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. પશ્ચિમ રેલવેના જનસંપર્ક અધિકારી શ્રી અનુભવ સક્સેના દ્વારા બહાર પાડવામાં આવેલી એક અખબારી યાદી મુજબ, આ સમયગાળા દરમિયાન ટ્રેન સંખ્યા ૨૦૯૯૫/૨૦૯૯૬ બાંદ્રા ટર્મિનસ–અજમેર એક્સપ્રેસ સુરત સ્ટેશન પર ઊભી નહી રહે અને આ ટ્રેન હવે સુરતના બદલે ઉધના સ્ટેશને રોકાશે, તેમજ આ વ્યવસ્થા ૨૩ મે, ૨૦૨૬ થી ૨૩ ઓગસ્ટ, ૨૦૨૬ સુધી અમલમાં રહેશે. સમયપત્રકની વાત કરીએ તો ટ્રેન સંખ્યા ૨૦૯૯૫ અજમેર - બાંદ્રા ટર્મિનસ સુરતના બદલે ઉધના સ્ટેશને સવારે ૦૭:૪૧ વાગ્યે આવશે અને ૦૭:૪૪ વાગ્યે ઉપડશે, જ્યારે ટ્રેન સંખ્યા ૨૦૯૯૬ બાંદ્રા ટર્મિનસ - અજમેર સુરતના બદલે ઉધના સ્ટેશને સાંજે ૧૮:૧૨ વાગ્યે આવીને ૧૮:૧૫ વાગ્યે પ્રસ્થાન કરશે. આ ફેરફારને પગલે રેલવે તંત્ર દ્વારા મુસાફરોને વિનંતી કરવામાં આવી છે કે તેઓ મુસાફરી કરતા પહેલાં ટ્રેનનો સમય, સ્ટોપેજ અને અન્ય અદ્યતન માહિતી મેળવવા માટે રેલવેની સત્તાવાર વેબસાઈટ www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લે.

# પલસાણા ખાતે મેડીકલ સ્ટોરર્સ સજ્જડ હતો બંધ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૨૧**

સુરત જિલ્લા પલસાણા તાલુકાના વિસ્તાર માં ચકાસણી વગર ઓનલાઈન દવાઓના ધૂમ વેચાણ સામે વિરોધ કરી પલસાણા તાલુકાના ૧૫૦થી વધુ મેડિકલ સ્ટોર બંધ રહા હતા સ્થાનિક કેમિસ્ટોના જણાવ્યા મુજબ ઓનલાઇન પ્લેટફોર્મ પર ચકાસણી વગર દવાઓનો પુષ્કળ વેચાણ થઈ રહ્યું છે આ સિવાય નકલી અને પ્રતિબંધિત દવાઓ પણ સરળતાથી ઉપલબ્ધ બનતા સામાન્ય ગ્રાહકોના આરોગ્ય માટે ગંભીર જોખમ ઊભું થયું છે ઓનલાઇન દવા વેચાણ ના આ વિરોધ પ્રદર્શનમાં પલસાણા તાલુકાના ૧૫૦ તમામ મેડિકલ સ્ટોર એક દિવસ માટે બંધ રાખી હડતાલમાં જોડાયા હતા પલ્સાના તાલુકા એસોસિયનના પ્રમુખ ભાવેશભાઈ ગાંધી સાથે વેપારીઓએ સ્પષ્ટ શબ્દોમાં ચીમકી આપી છે કે જો સરકાર દ્વારા ઓનલાઇન દવાઓના આ ગેરકાયદે વેચાણ સામે તાત્કાલિક કડક કાયદાકીય કાર્યવાહી કરવામાં નહી આવે તો આગામી દિવસોમાં આનાથી પણ વધુ ઉગ્ર આંદોલન છેડવામા આવશે

# મજુરાના શીટ નં ૪૫ના રેકર્ડનું મહેસુલ હેઠળ પ્રમો લગે

## આ રેકર્ડ જાહેર જનતા માટે ખુલ્લુ મુકાયું છે

સુરત, તા.૨૧

સુરત શહેરના મજુરા(તા.ઉમરા)માં સિટી સર્વે દાખલ કરવા માટે મળેલી મંજૂરી અનુસાર સિટી સર્વે સુપ્રિટેન્ડન્ટ-૨ની કચેરીના શીટ નં.૪૫ના ચા.નં. ૯૭ નું રેકર્ડ તૈયાર કરીને તા.૦૯/૦૬/૨૦૨૬ના રોજ ગુજરાત જમીન મહેસુલ નિયમો મુજબ પ્રમાણિત કરવામાં આવનાર છે. તૈયાર થયેલા મજુરાના રેકર્ડને સિટી સર્વે સુપ્રિટેન્ડન્ટ-૨ની કચેરીમાં ખુલ્લું મૂકવામાં આવ્યું છે. જેથી આ પ્રોપર્ટી કાર્ડ, રેકર્ડ, નકશા સામે જો કોઈને વાંધો હોય તો તા. ૦૯/૦૬/૨૦૨૬ સુધીમાં સુપ્રિટેન્ડન્ટ-૨ની કચેરી, એ-બ્લોક, સાતમો માળ,બહુમાળી મકાન,નાનપુરા ખાતે લેખિતમાં રજૂ કરવા નાયબ નિયામક, જમીન દફતર-સુરતની યાદીમાં જણાવાયું છે.

# બકરી ઈદના તહેવાર નિમિત્તે પોલીસ કમિશનરનું જાહેરનામું

## જાહેર શાંતિ અકબંધ રાખવા પોલીસ

**સુરત, તા.૨૧**

આગામી તા.૨૭/૦૫/૨૦૨૬ના રોજ મુસ્લિમ ધર્મનો 'બકરી ઈદ'નો તહેવાર આવતો હોવાથી અન્ય ધર્મ/સમુદાયના લોકોની લાગણી ન દુભાય અને શહેરમાં શાંતિનું વાતાવરણ જળવાય રહે એ હેતુથી પોલીસ કમિશનરશ્રી અનુપમસિંહ ગહલૌતે એક જાહેરનામાં દ્વારા કેટલાક પ્રતિબંધો જાહેર કર્યા છે. જે અનુસાર સુરત શહેરમાં કોઈપણ વ્યકિતએ કોઈપણ પશુની જાહેર કે ખાનગી જગ્યામાં, શેરીઓમાં કે મહોલ્લામાં જાહેર જનતાને દેખાય તે રીતે કતલ કરવા, કોઈપણ પ્રાણીને શણગારીને એકલા અગર સરઘસ આકારે જાહેરમાં લઈ જવા કે ફેરવવા પર તેમજ 'બકરી ઈદ' તહેવાર નિમિતે કુરબાની પછી જાનવરના માંસ, હાડકા અને અવશેષો જાહેરમાં ફેંકવા પર પ્રતિબંધ ફરમાવ્યો છે. આ જાહેરનામાનો અમલ તા.૨૫/૫/૨૦૨૬ થી ૨૯/૫/૨૦૨૬ સુધી કરવામાં આવશે. તેનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર ગણાશે.

# ઓરણા ખાતે આદિજાતિના લોકો માટે સેવા સેતુ કેમ્પ યોજાયો

## કેમ્પમાં ૪૧૧થી વધુ લાભાર્થીઓ લાભાન્વિત

સુરત, તા.૨૧

દેશના નાનામાં નાના અને છેવાડાના માણસને જીવન જરૂરિયાતની તમામ સુવિધાઓ પ્રાપ્ત થાય તે માટે કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા અવિરત પ્રયાસોના ભાગરૂપે જનજાતિય ગરીમા ઉત્સવ-૨૦૨૬ જન ભાગીદારી અભિયાન-સબસે દૂર સબસે પાસ અભિયાન અંતર્ગત સુરત જિલ્લાના કામરેજ તાલુકા ઓરણા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે આદિજાતિ અને આદિમજૂથના લોકો માટે તાલુકા વિકાસ અધિકારી શ્રી પ્રકાશ પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં સેવા સેતુ કેમ્પ યોજાયો હતો.

આ અવસરે તાલુકા વિકાસ અધિકારીએ જણાવ્યું હતું કે, વંચિતોને વિકાસની અગ્રીમ હરોળમાં લાવવા અને આદિમજૂથની જાતિઓની ખૂટતી સુવિધાઓ પૂરી કરવા તથા યોજનાઓના લાભો ઘર આંગણે મળી રહે તે માટે જનજાતિય અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. આગામી તા:૨૨મીએ સેવણી ગામે કેમ્પ યોજાશે જેનો બહોળો લાભ લેવા અનુરોધ કર્યો હતો.

આ કેમ્પમાં ૪૧૧ થી વધુ લાભાર્થીઓએ હાજર રહીને કેમ્પનો લાભ લઈને સ્થળ પર વિવિધ યોજનાઓના લાભો મેળવ્યા હતા. કેમ્પ દરમિયાન ગ્રામજનોને એક જ સ્થળેથી રેશનકાર્ડ, આધારકાર્ડ, જાતિ અને ડોમિસાઈલ પ્રમાણપત્રો, વિધવા અને દિવ્યાંગ પેન્શન સહાય તેમજ પીએમ ઉજ્જવલા યોજના, ખેતીવાડી જેવી યોજનાઓના લાભો મેળવ્યા હતા. આ અવસરે અગ્રણી સુકેતનભાઈ, કૌશિકભાઈ તથા અન્ય વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

**પશ્ચિમ બંગાળમાં**
**પહેલા પાનાનું ચાલુ**

ફાલતા વિધાનસભા બેઠક અગાઉ CPI(M)નો ગઢ ગણાતી હતી, પરંતુ હવે તે તૃણમૂલ કોંગ્રેસનો મજબૂત વિસ્તાર બની ગઈ છે. TMCએ પહેલીવાર ૨૦૦૧માં આ બેઠક જીતી હતી. ૨૦૦૬માં CPI(M)એ વાપસી કરી, પરંતુ ૨૦૧૧ પછી TMC અહીં સતત જીત નોંધાવી રહી છે. ખાસ વાત એ છે કે ભાજપ અત્યાર સુધી આ બેઠક પર ક્યારેય જીતી શક્યું નથી.

ફાલ્તા દક્ષિણ ૨૪ પરગણા જિલ્લા હેઠળ આવે છે. જિલ્લામાં કુલ ૩૧ બેઠકો છે. ફાલ્તા સિવાયની બાકીની ૩૦ બેઠકોમાંથી ભાજપે ૧૦ બેઠકો જીતી લીધી. સાગર, કાકદ્વીપ, ગોસાબા અને સોનારપુરની સાથે જાદવપુર, ટોલીગંજ, બેહલા પૂર્વ-પશ્ચિમ જેવા શહેરી વિસ્તારોમાં પણ ભાજપે પહેલીવાર જીત નોંધાવી. જોકે, બાસંતી, કુલતલી, રાયદીઘી અને બજબજ જેવી બેઠકો પર TMC પોતાની પકડ જાળવી રાખવામાં સફળ રહી.

**વડાપ્રધાન મોદીને**
**પહેલા પાનાનું ચાલુ**

રિકવરી કોન્ફરન્સનું આયોજન કરશે અને આશા વ્યક્ત કરી કે યુદ્ધગ્રસ્ત યુક્રેનના પુનર્નિર્માણમાં ભારત પણ ભાગીદારી કરશે.

રશિયા-યુક્રેન યુદ્ધ પર તેમણે કહ્યું કે ભારત પાસે રશિયા પર દબાણ બનાવવાની ક્ષમતા છે, જોકે યુદ્ધ સમાપ્ત કરવાનો નિર્ણય આખરે રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનને જ લેવો પડશે. તેમણે EU-ભારત મુક્ત વ્યાપાર કરારને પણ ખૂબ જ મહત્વપૂર્ણ ગણાવતા કહ્યું કે તેનાથી યુરોપ અને ભારત બંનેને આર્થિક લાભ થશે.

**ઉત્તર પ્રદેશમાં ૪૮,**
**પહેલા પાનાનું ચાલુ**

આસપાસ અટકેલું છે. તેને આગળ વધવા માટે કોઈ તાકાત મળી રહી નથી. હવામાન વિભાગે જણાવ્યું કે ગુરુવારથી પૂર્વોત્તર અને દક્ષિણ ભારતમાં હવામાન બદલાવા લાગશે.

અરુણાચલ, આસામ, મેઘાલયમાં કેટલીક જગ્યાએ ભારેથી અતિભારે વરસાદની ચેતવણી છે, જ્યારે તમિલનાડુ, પુડુચેરી, કેરળ, લક્ષદ્વીપ, કર્ણાટકના કેટલાક ભાગોમાં ૨૪ મે સુધી વરસાદનો સારો દોર રહી શકે છે. બાકીનો દેશ તપતો રહેશે.

**ઈરાન પર હુમલા**
**પહેલા પાનાનું ચાલુ**

લઈને વિરોધ વધ્યો છે.ઈરાને બે લોકોને ફાંસી આપી દીધી છે. ન્યૂઝ એજન્સી તસ્નીમ અનુસાર, બંને પર દેશની સુરક્ષાને નુકસાન પહોંચાડવા અને એક આતંકવાદી સંગઠન સાથે જોડાયેલા હોવાનો આરોપ હતો. ઈરાની અધિકારીઓ અનુસાર, તેમના પર ગુનાહિત ગેંગ બનાવીને વિદ્રોહ કરવાનો પણ આરોપ હતો.

આ ઉપરાંત બંને પર ગોળીબાર અને હત્યાના પ્રયાસ જેવા આરોપો પણ લગાવવામાં આવ્યા હતા. તસ્નીમે કહ્યું કે આ ગતિવિધિઓ કથિત આતંકવાદી સંગઠનના ઉદ્દેશ્યો હેઠળ કરવામાં આવી રહી હતી. તાજેતરના મહિનાઓમાં ઈરાનમાં સુરક્ષા અને જાસૂસી મામલાઓમાં ધરપકડ અને ફાંસીની ઘટનાઓ વધી છે.

**તા.૨૯મીએ**
**પહેલા પાનાનું ચાલુ**

એકસચેંજમાં ગરમી-હિમવર્ષા ટ્રેડીંગ થાય છે. આ એકસચેંજ પર તમો શેરબજાર પેટર્નથી જ દાવ લગાવી શકશો. ટુંકાગાળાના અને પુરા મૌસમના બન્ને પ્રકારના દાવ લગાવી શકાશે.

જેમકે મૌસમનો પુરો વરસાદ કેટલો થશે. તમારા અનુમાનો તમે 'કરાર' કે ટ્રેડીંગ પેટર્નની જેમ વેચી શકશો. ખરીદી કરી શકશો. જો અનુમાન સાચુ પડે તો જે ભાવ હશે તે મુજબ નફો મળશે. ખોટું પડે તો નાણા ગુમાવશો. દર મહિનાના આખરે સોદા સરભર કરવા પડશે.

**પોદાર પ્રેપ,જહાંગીરબાદ**
**પેજ-૨ પાનાનું ચાલુ**

પણ આવા જ્ઞાનવર્ધક કેમ્પનું આયોજન ચાલુ રાખવા ખાસ વિનંતી કરી હતી.

સમર કેમ્પના અંતિમ દિવસે શાળાના પ્રિન્સિપાલ શ્રી મનીષભાઈ પુરાણી દ્વારા કેમ્પમાં ભાગ લેનાર તમામ નાના ભૂલકાઓની અસાધારણ ઉર્જા, ઉત્સાહ અને કળાની મુક્ત કંઠે પ્રશંસા કરવામાં આવી હતી અને તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

**જમનાબા વિદ્યાર્થી ભવનનું**
**પેજ-૨ પાનાનું ચાલુ**

ટૂંક સમયમાં થશે. બંને પ્રોજેક્ટ મળીને કુલ રૂપિયા ૨૦૦ કરોડની કિંમતના બંને ભવનનું નિર્માણ થયું છે.

તારીખ ૨૪-૦૫-૨૦૨૬ રવિવારે સાંજે ૫ કલાકે રાજ્યના માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં પટેલ સમાજના અગ્રણી શ્રી જયંતીભાઈ એકલેરા વાળા તથા અમદાવાદથી શ્રી રવજીભાઈ વસાણીના વરદ હસ્તે શુભ ઉદ્ઘાટન વિધિ થનાર છે. મુખ્ય નામકરણના દાતા શ્રી હંસરાજભાઈ ગોંડલીયા, સરદાર સાહેબની પ્રતિમા ખર્ચના સૌજન્ય દાતા શ્રી વલ્લભભાઈ પી. સવાણી, અતિથિ ભવનના નામકરણના દાતા તુષારભાઈ ઘેલાણીના ધર્મપત્ની પલ્લવીબેન તુષારભાઈ ઘેલાણી સહિત દાતાશ્રીઓની ઉપસ્થિતિમાં જમનાબા વિદ્યાર્થી ભવનનું લોકાર્પણ થનાર છે. જમનાબા વિદ્યાર્થી ભવનની બાજુમાં આવેલ સંતોકબા વિલેજ ફાર્મ ખાતે લોકાર્પણ સમારોહ યોજાનાર છે. ૦૦૦

**જિલ્લા કલેક્ટર તેજસ**
**પેજ-૨ પાનાનું ચાલુ**

કે, વસ્તી ગણતરીમાંથી મળતા આંકડાઓના આધારે આરોગ્ય, શિક્ષણ, આવાસ, રોજગાર સહિતના વિકાસલક્ષી આયોજન અને નીતિઓ ઘડવામાં આવે છે. વસ્તી ગણતરીનો પ્રથમ તબક્કો તા. ૧ જૂનથી ૩૦ જૂન દરમિયાન યોજાશે, જેમાં ગણતરીદારો ઘરે-ઘરે જઈ કુલ ૩૩ મુદ્દાઓ અંગે માહિતી એકત્રિત કરશે. જો નાગરિકોએ અગાઉ ઓનલાઈન સ્વ-ગણતરી કરી હશે તો જનરેટ થયેલ આઈડી ગણતરીદારોને આપવાની રહેશે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, તેમણે પોતે પણ સ્વ-ગણતરી પ્રક્રિયામાં ભાગ લઈને પોતાના ઘરની માહિતી નોંધાવી છે અને આ પ્રક્રિયા ખૂબ જ સરળ તથા સુલભ છે. કોઈ મુશ્કેલી જણાય તો ટોલ ફ્રી નંબર ૧૮૫૫ ઉપર સંપર્ક કરી માર્ગદર્શન મેળવી શકાય છે. તમામ નાગરિકોને આ રાષ્ટ્રીય અભિયાનમાં સક્રિય ભાગ લેવા અને દેશના વિકાસ માટે સહભાગી બનવા અનુરોધ કરવામાં આવ્યો હતો.

**સાંસદ ખાતે સાંસદ**
**પેજ-૨ પાનાનું ચાલુ**

તેમની સફર વધુ સરળ બનશે. આ સહાય દિવ્યાંગ લાભાર્થીને આત્મનિર્ભરતા અને સ્વાવલંબન તરફ આગળ વધવામાં ખૂબ જ મદદરૂપ સાબિત થશે. સમાજના દરેક વર્ગ સુધી કલ્યાણકારી યોજનાઓ પહોંચે અને દિવ્યાંગજનો પણ સંપૂર્ણ આત્મવિશ્વાસ સાથે સમાજના મુખ્ય પ્રવાહમાં આગળ વધી શકે તેવા ઉદ્દેશ સાથે આ સહાયનું વિતરણ કરવામાં આવ્યું હતું.

સાંસદશ્રી પ્રભુભાઈ વસાવા દ્વારા હંમેશા ગરીબ, વંચિત અને જરૂરિયાતમંદ લોકોના ઉત્થાન માટે વિવિધ સરકારી યોજનાઓ અને વ્યક્તિગત સહાય પૂરી પાડવાના સતત પ્રયાસો કરવામાં આવે છે. દિવ્યાંગજનોને આવા આધુનિક સાધનો ઉપલબ્ધ કરાવી તેમને શારીરિક અને આર્થિક રીતે સશક્ત બનાવવાની તેમની નેમ આ કાર્યક્રમમાં પણ જોવા મળી હતી.

આ પ્રસંગે માંડવી કાર્યાલય ખાતે ઉપસ્થિત વિવિધ પદાધિકારીઓ, અગ્રણી કાર્યકર્તાઓ તેમજ સ્થાનિક આગેવાનોએ લાભાર્થી હિતેષભાઈને ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

**અંકલેશ્વર શહેર**
**પેજ-૨ પાનાનું ચાલુ**

છે,જ્યારે જીઆઈડીસીના કનેક્ટિંગ એરિયામાં મહાવીર ટર્નિંગ અને ખાસ કરીને ટ્રાફિકથી ધમધમતી જીઆઈડીસી રેલવે સ્ટેશન પાસેની પ્રતિન ચોકડીનો સમાવેશ થયા છે.

પોલીસ તંત્રની આ સરાહનીય કામગીરીને અંકલેશ્વરના સ્થાનિક રહીશો અને વેપારી મંડળો દ્વારા ખુલ્લા દિલથી બિરદાવવામાં આવી રહી છે. લોકોમાં એવો વિશ્વાસ જાગ્યો છે કે આ આધુનિક ટેકનોલોજીના આગમનથી ગુનાહિત પ્રવૃત્તિઓ કરનારા તત્વોમાં ફફડાટ વ્યાપશે અને અંકલેશ્વર સેફ સિટી તરફ આગળ વધશે.

# બકરી ઈદ પૂર્વે ડાભેલમાં પોલીસનું ફૂટ પેટ્રોલિંગ, ડ્રોન સર્વેલન્સ

## શાંતિ જાળવવા આગેવાનો સાથે બેઠક યોજાઈ, સુરક્ષાની સમીક્ષા કરાઈ

નવસારી : નવસારી જિલ્લાના મરોલી પોલીસ સ્ટેશન હેઠળના ડાભેલ, આસણા, સીમલક અને કાલાકાછા ગામોમાં બકરી ઈદના તહેવારને ધ્યાનમાં રાખીને મરોલી પોલીસે સુરક્ષા અને શાંતિ જાળવવા માટે વિશેષ કાર્યવાહી હાથ ધરી છે.

આ કાર્યવાહીના ભાગરૂપે, મરોલી પોલીસે ડાભેલ ગામ વિસ્તારમાં સઘન ફૂટ પેટ્રોલિંગ કર્યું હતું. નવસારીના નાયબ પોલીસ અધિક્ષક એસ. કે. રાય, મરોલી પોલીસ ઈન્સ્પેક્ટર, એસ.ઓ.જી. પોલીસ ઈન્સ્પેક્ટર અને પોલીસ જવાનોએ ગામના મુખ્ય વિસ્તારોમાં પેટ્રોલિંગ કરીને લોકોને નિર્ભય વાતાવરણમાં તહેવાર ઉજવવા અપીલ કરી હતી.

સુરક્ષા વ્યવસ્થાને વધુ સઘન બનાવવા માટે, પોલીસ તંત્ર દ્વારા ડ્રોન કેમેરાની મદદથી પણ વિવિધ વિસ્તારો પર નજર રાખવામાં આવી હતી. આનાથી કોઈપણ અનિચ્છનીય ઘટના સામે સમયસર કાર્યવાહી કરી શકાય.

પેટ્રોલિંગ અને સર્વેલન્સ બાદ ડાભેલ ગ્રામ પંચાયત ખાતે શાંતિ સમિતિની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં ડાભેલ સહિત આસપાસના ગામોના આગેવાનો, સરપંચો, સામાજિક પ્રતિનિધિઓ અને સ્થાનિક નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

બકરી ઈદનો તહેવાર શાંતિપૂર્ણ, સૌહાર્દપૂર્ણ અને ભાઈચારાના માહોલમાં ઉજવાઈ શકે તે હેતુસર કાયદો અને વ્યવસ્થા સંબંધિત વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. પોલીસે જાહેર શાંતિ જાળવવા, અફવાઓ ન ફેલાવવા અને અનિચ્છનીય બનાવો અટકાવવા નાગરિકોને સતર્ક રહેવા અપીલ કરી હતી.

આ ઉપરાંત, સોશિયલ મીડિયામાં ભ્રામક અથવા ઉશ્કેરણીજનક માહિતી પ્રસારિત ન કરવા અને કોઈપણ શંકાસ્પદ પ્રવૃત્તિ અંગે તાત્કાલિક પોલીસને જાણ કરવા સૂચના આપવામાં આવી હતી.

ઉપસ્થિત આગેવાનોએ પરસ્પર ભાઈચારો, સામાજિક એકતા અને શાંતિ જાળવી રાખવા માટે પોલીસ તંત્રને સંપૂર્ણ સહકાર આપવાની ખાતરી આપી હતી.


**નામ બદલેલ છે**

**મારૂ જુનું નામ**
**(૧) મોહમ્મદ ઇકરામ હાજી મોહમદ હબીબ શેખ (૨) શેખ મોહમ્મદ ઇકરામ હબીબ**
હતું જે બદલીને **નવુ નામ મોહમ્મદ ઇકરામ મોહમ્મદ હબીબ શેખ**
રાખેલ છે. જેની સર્વેએ નોંધ લેવી.
**સહી/- મોહમ્મદ ઇકરામ મોહમ્મદ હબીબ શેખ**
**સરનામું :** પ્લોટ-૧૨,ગજાનંદ ઇંડસ્ટ્રિયલ એસ્ટેટ,ભાઠેના,સુરત-૩૯૫૦૦૨

**નામ બદલેલ છે**

**મારૂ જુનું નામ**
**(૧)જમીલા મોહમદ હબીબ (૨)શેખ જમીલા હાજી મોહમદહબીબ (૩)શેખ જમીલા મોહમદહબીબ**
હતું જે બદલીને **નવુ નામ શેખ જમીલા મોહમ્મદ હબીબ**
રાખેલ છે. જેની સર્વેએ નોંધ લેવી.
**સહી/- મોહમ્મદ ઇકરામ મોહમ્મદ હબીબ શેખ**
**સરનામું :** પ્લોટ-૧૨,ગજાનંદ ઇંડસ્ટ્રિયલ એસ્ટેટ,ભાઠેના,સુરત-૩૯૫૦૦૨


Pratap Darpan, Daily, Editor : Pravinbhai Ratnabhai Gohil. OWNER:-IMAGE PUBLICATION Printer and Publisher Rajesh Balubhai Patel "Printed at IMAGE PRINTERS, 20, 21 Bhidbhanjan Society, Bamroli Rord, Udhna, Surat-394210 . Published From: Pratap Darpan Karayalay, S-6, K.S.B Olympia, Near Kailash Chowkdi , Pandesara, Surat - 394221 , Gujarat-India : Founder Late Mrs. Kantaben Babubhai Rayka

સાંધ્ય દૈનિક
પ્રતાપ દર્પણ

# ડુમસના ઝીંગા તળાવ પાસે ગેરકાયદે સંગ્રહ કરેલો ડીઝલનો મોટો જથ્થો જપ્ત

## કીડીઆ બેટ પર ડુમસ પોલીસે છાપો માર્યો

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત,તા.૨૧**
ડુમસ વિસ્તારમાં ઝીંગા તળાવ પાસે ગેરકાયદેસર રીતે સંગ્રહ કરાયેલ ડિઝલ જેવા ભેળસેળયુક્ત જ્વલનશીલ પ્રવાહીનો મોટો જથ્થો પોલીસે ઝડપી પાડ્યો છે. આ મામલે ડુમસ પોલીસ સ્ટેશનના અ.પો.કો. જયદીપભાઈ કાળુભાઈએ ફરિયાદ નોંધાવી છે.

પોલીસને મળેલી બાતમીના આધારે ગત ૨૦ મેના રોજ ચોર્યાસીના ગવીયર ગામ નજીક ડંકા ઓવારાથી પશ્ચિમ તરફ તાપી નદી વચ્ચે આવેલા કીડીયાબેટ વિસ્તારમાં રેઈડ કરવામાં આવી હતી. ત્યાં મહેશભાઈ અમૃતભાઈ પટેલ અને મોનીલ રસીકભાઈ પટેલના કબ્જા-ભોગવટાવાળા ઝીંગા તળાવની બાજુમાં ઝાડી-ઝાંખરામાં તપાસ કરતા ડિઝલ જેવા જ્વલનશીલ પ્રવાહીથી ભરેલા ૨૦૦ લીટરના ૧૬ બેરલ મળી આવ્યા હતા. દરેક બેરલમાં અંદાજે ૨૦૦ લીટર મુજબ કુલ ૩૨૦૦ લીટર જ્વલનશીલ પ્રવાહી મળી આવ્યું હતું, જેની કિંમત અંદાજે રૂ.૨.૪૦ લાખ થાય છે. પોલીસે સ્થળ પરથી મહેશભાઈ અમૃતભાઈ પટેલને ઝડપી પાડ્યા હતા જ્યારે મોનીલ રસીકભાઈ પટેલ ફરાર હોવાનું જાણવા મળ્યું છે. પ્રાથમિક તપાસમાં આરોપીઓએ આ જ્વલનશીલ પ્રવાહી ગેરકાયદેસર રીતે આર્થિક ફાયદા માટે સંગ્રહ કરી રાખ્યું હોવાનું સામે આવ્યું છે. ઉપરાંત વિસ્ફોટક અને જોખમી પ્રવાહી માનવજીવન માટે ખતરો ઉભો કરે તેવી સ્થિતિમાં બેદરકારીપૂર્વક રાખવામાં આવ્યો હતો.



**પેટ્રોલ-ડીઝલ તથા ગેસના ભાવ વધતા મોંઘવારી બેકાબુ બની ગઈ છે. બેફામ બનેલી મોંઘવારીને પગલે ગરીબ તથા મધ્યમ વર્ગના લોકોએ પણ ભારે મુશ્કેલી વેઠવી પડે છે. મોંઘવારીમાં પીસાતી જનતાને રાહત આપવાની માંગણી સાથે સુરત આમ આદમી પાર્ટી દ્વારા સુરત જિલ્લા કલેક્ટર કચેરીએ વિરોધ પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. (તસવીર :હનીફ મલેક)**

# અમરોલીમાં હિરાલાલ ગરાસીયાની હત્યા કરી આરોપીએ વીડિયો પણ બનાવ્યો

## હિરાલાલને મે માર્યો હોવાની કબુલાત કરતો વીડિયો વાયરલ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૨૧**
સુરતના અમરોલી વિસ્તારમાં થયેલી હીરાલાલ ગરાસીયાની હત્યાના બનાવમાં એક વીડિયો મહત્વનો પુરાવો બની સામે આવ્યો છે. આરોપીએ પોતે જ બનાવેલો વીડિયો મૃતકના પરિવાર સુધી પહોંચતા સમગ્ર ઘટનાનો ભેદ ખુલ્યો હતો. આ વીડિયો અને ફોટોના આધારે અમરોલી પોલીસ સ્ટેશનમાં હત્યાનો ગુનો નોંધવામાં આવ્યો છે.

મળતી માહિતી મુજબ, મૂળ રાજસ્થાનના બાંસવાડા જિલ્લાના જીરાકોટ ગામના રહેવાસી અને હાલ અમરોલી ઓવરબ્રિજ નીચે ભગુનગર-૨ સોસાયટી સામે રહેતા હીરાલાલ ચંપા ગરાસીયા (ઉ.વ. આશરે ૩૫) પર ગત ૧૫ મેના રોજ હુમલો કરવામાં આવ્યો હતો. હુમલામાં હીરાલાલને માથા, પગ અને શરીરના અન્ય ભાગોમાં ગંભીર ઈજાઓ પહોંચતા તેનું મોત નીપજ્યું હતું. બનાવ બાદ મૃતકના પરિવારજનોને હીરાલાલના મોત અંગે ચોક્કસ માહિતી મળી રહી નહોતી. દરમિયાન ફરિયાદીના મોટા ભાઈના દીકરાએ એક વીડિયો બતાવ્યો હતો. વીડિયોમાં હીરાલાલનો ફોટો જોવા મળતો હતો તેમજ આરોપી રમેશ ઉર્ફે પાયલટ પારસીગ ગરાસીયા બોલતો હતો કે, “હીરાલાલ મારો ભાઈ છે અને મેં તેને માર માર્યો છે.” આ વીડિયોએ પરિવારજનોમાં ભારે ચકચાર મચાવી દીધી હતી. પરિવારે વીડિયો અને અન્ય માહિતીના આધારે અમરોલી પોલીસનો સંપર્ક કર્યો હતો. પોલીસે પ્રાથમિક તપાસ બાદ આરોપી રમેશ ઉર્ફે પાયલટ પારસીગ ગરાસીયા, રહે. માંડલી ચોટી તા. સજ્જનગઢ જી. બાંસવાડા (રાજસ્થાન) સામે હત્યાનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# કોઝવેમાં ન્હવા પડેલા યુવક દિનેશ વિશ્વકર્માનું મોત

## ન્હાતી વખતે પગ લપસી જતા યુવક ઊંડા પાણીમાં ગરક

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૨૧**
પાલનપુર જકાતનાકા વિસ્તારમાં રહેતા એક ૨૭ વર્ષીય યુવકનું તાપી નદીમાં કોઝવે ખાતે નાહતી વખતે પગ લપસી જતાં પાણીમાં ડૂબી જવાથી કરૂણ મોત નિપજ્યું છે.

ઘટનાની વિગત મુજબ, સુરત શહેરના પાલનપુર જકાતનાકા પાસે આવેલી જીવનજ્યોત બિલ્ડિંગના ગ્રાઉન્ડ ફ્લોરમાં રહેતો ૨૭ વર્ષીય યુવક દિનેશ નારાયણભાઇ વિશ્વકર્મા ગઈકાલ તારીખ ૨૦/૦૫/૨૦૨૬ના રોજ બપોરે ૧૪:૩૦ વાગ્યાના અરસામાં તાપી નદીના પાણીમાં કોઝવે ખાતે નાહવા માટે ગયો હતો. તે સમયે કોઝવે બ્રિજની રેલિંગ પકડીને પાણીમાં નાહતી વખતે અચાનક તેનો પગ લપસી ગયો હતો અને તે ઊંડા પાણીમાં ડૂબી ગયો હતો.

આ અકસ્માત બાદ શોધખોળ હાથ ધરીને બપોરે કલાક ૧૫:૪૮ વાગ્યે તેને તાપી નદીના પાણીમાંથી બહાર કાઢવામાં આવ્યો હતો. જો કે, તેને પાણીમાંથી બહાર કાઢીને તપાસતા ફરજ પરના તબીબોએ તેને મરણ જાહેર કર્યો હતો. આ ઘટનાને પગલે મૃતક યુવકના પરિવારમાં ભારે અરેરાટી સાથે શોકની લાગણી વ્યાપી ગઈ છે. સ્થાનિક પોલીસે આ મામલે તપાસ હાથ ધરી છે.

# સોનાના નકલી બાર આપી વેપારી સાથે ૨૨.૮૯ લાખની છેતરપિંડી

## સોનાના ઘરેણાના સાટામાં મેળવેલા સોનાના બાર નકલી નીકળતા પોલીસ ફરિયાદ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૨૧**
જહાંગીરપુરા વિસ્તારમાં રહેતા વેપારી સાથે નકલી ગોલ્ડ બાર આપી લાખોની છેતરપીંડી કરવામાં આવી હોવાનો મામલો સામે આવ્યો છે. આ અંગે મહેશકુમાર સવજીભાઈ જીકાદરા (ઉ.વ.૩૮)એ કતારગામ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ મુજબ, અશોક એમ. જૈન નામના શખ્સે પોતે રાજસ્થાન સ્થિત “અંબીકા ગોલ્ડ” નામની હોલસેલ ફર્મ સાથે સંકળાયેલ હોવાનું જણાવી મહેશકુમાર સાથે સોનાના વેપારનો સંપર્ક કર્યો હતો. ત્યારબાદ ૧૫ મે થી ૧૬ મે દરમિયાન કતારગામ લિંબાચીયા ફળીયા ખાતે આવેલી નેમીનાથ એપાર્ટમેન્ટના પાર્કિંગમાં સોદો કરવામાં આવ્યો હતો. આરોપીએ ફરિયાદી પાસેથી ૨૨ કેરેટની કુલ ૩૦ સોનાની રીંગ્સ, જેનું નેટ વજન ૧૪૬.૦૬૯ ગ્રામ અને મજૂરી સહિત અંદાજિત કિંમત રૂ.૨૨,૯૮,૯૯૪ જેટલી થાય છે, તે મેળવી લીધી હતી. સોનાના બદલામાં આરોપીઓએ ૧૦૦-૧૦૦ ગ્રામના કંપનીના નામ અને પ્યોરિફિકેશન લખેલા ગોલ્ડ બાર આપ્યા હતા. પરંતુ બાદમાં ગોલ્ડ બારનું ટેસ્ટિંગ કરાવતા તેમાં સોનાની જગ્યાએ કોપર અને ઝીંક નીકળતા વેપારી ચોંકી ઉઠ્યો હતો. આરોપીઓએ પૂર્વ આયોજિત કાવતરું રચી નકલી ગોલ્ડ બાર આપી છેતરપીંડી આચરી હોવાનું બહાર આવ્યું હતું. આ મામલે કતારગામ પોલીસે અશોક એમ. જૈન તથા અભિષેક જૈન સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ઉધના-મગદલ્લા રોડ પર દુકાન, આર્ટ ગેલેરીમાં આગ

## ફાયર બ્રિગેડે ભારે જહેમતે આગ પર કાબુ મેળવ્યો

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૨૧**
ભટાર-ઉધના મગદલ્લા રોડ પર વહેલી સવારે દુકાનમાં આગ આર્ટ ગેલેરી અને હોમ ડેકોર શોરૂમમાં આગ લાગતા દોડધામ મચી ગઈ હોવાનું જાણવા મળે છે.

સુરતના ન્યૂ ભટાર વિસ્તારમાં ઉધના-મગદલ્લા રોડ પર આવેલી બ્લેક રોક બિલ્ડિંગમાં વહેલી સવારે આગ લાગતા અફરાતફરી મચી ગઈ હતી. આગ “બાલાજી” નામની દુકાનમાં લાગી હોવાનું જાણવા મળ્યું છે.

મળતી માહિતી મુજબ, દુકાનના માલિક હસમુખ પુરોહિતની આર્ટ ગેલેરી અને હોમ ડેકોરની દુકાનમાં અચાનક ધુમાડા સાથે આગ ભભૂકી ઊઠી હતી. ઘટનાની જાણ ફાયર કંટ્રોલ રૂમને કરવામાં આવતા ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી.

ફાયર જવાનોએ ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવી વધુ નુકસાન અટકાવ્યું હતું. આગના કારણે દુકાનમાં રાખેલ હોમ ડેકોર અને અન્ય સામાનને નુકસાન પહોંચ્યું હોવાનું પ્રાથમિક રીતે જાણવા મળ્યું છે. જોકે આગ લાગવાનું ચોક્કસ કારણ હજુ બહાર આવ્યું નથી.


**ઈન્કમ ટેક્સ એક્ટ-૨૦૨૫ અંગે ઈન્કમ ટેક્સ વિભાગ દ્વારા આઉટ રીચ કાર્યક્રમ પરામર્શ-૨૦૨૬નું આયોજન સુરતના સીટીલાઈટ ખાતે આવેલા દ્વારકા હોલમાં કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ઈન્કમ ટેક્સ વિભાગના ઉચ્ચ અધિકારીઓ દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. (તસવીર : હનીફ મલેક)**

# વેસુમાં વહેલી સવારે મહિલાના બે લાખના અછોડાની ચીલઝડપ

## કેનાલ રોડ પર મંદિરે દર્શન કરવા નીકળેલી મહિલાની ચેઈન બાઈક સવારોએ ઝૂંટવી લીધી

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત,તા.૨૧**
સુરતના વેસુ વિસ્તારમાં વહેલી સવારે મંદિર દર્શન કરવા જઈ રહેલી મહિલાના ગળામાંથી બાઈક સવાર બે તસ્કરોએ સોનાની ચેઈન ઝૂંટવી ફરાર થઈ જતા ચકચાર મચી છે. આ અંગે વેસુ વિસ્તારમાં રહેતી લલિતાબેન રમેશભાઈ રાખીએ ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદ મુજબ, ગત ૨૦ મેના રોજ સવારે ૬ વાગ્યાથી ૬:૧૫ દરમિયાન લલિતાબેન પોતાના પાડોશી લતાબેન અને વિનીતાબેન શાહ સાથે ઓ.એન.જી.સી. કોલોની ફેઝ-૨ નજીક આવેલા મહાદેવ મંદિરે દર્શન કરવા પગપાળા જઈ રહ્યા હતા. તે દરમિયાન કેનાલ રોડ ઉપર પાછળથી એક મોટરસાયકલ પર આવેલા બે અજાણ્યા શખ્સો અચાનક તેમની નજીક આવ્યા હતા. બાઈકની પાછળ બેઠેલા શખ્સે લલિતાબેનના ગળામાં પહેરેલી અંદાજે ૨૫ ગ્રામ વજનની મશીન કટ ડિઝાઈનની સોનાની ચેઈન ઝૂંટવી લીધી હતી. ચેઈનની કિંમત અંદાજે રૂ.૨ લાખ હોવાનું જણાવાયું છે. બનાવ બાદ બંને તસ્કરો બાઈક પર ફરાર થઈ ગયા હતા. આરોપીઓ પૈકી બાઈક ચલાવનાર શખ્સે સફેદ રંગનો શર્ટ પહેર્યો હતો જ્યારે પાછળ બેઠેલા શખ્સે બ્રાઉન રંગનો શર્ટ અને કાળા રંગનું પેન્ટ પહેર્યું હતું. પોલીસે ગુનો નોંધી સીસીટીવી ફૂટેજ અને અન્ય આધારોના આધારે આરોપીઓને શોધવા તપાસ હાથ ધરી છે.

# કેળાની આડમાં છુપાવેલો ચાર લાખનો વિદેશી દારૂ ઝડપાયો

## પલસાણા ટોલ નાકા પાસેથી ટેમ્પા ચાલકની ધરપકડ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૨૧**
કેલાની આડમાં વિદેશી દારૂની હેરાફેરી નો સુરત ગ્રામ્ય પોલીસે પર્દાફાશ કર્યો હતો પોલીસે એક ટેમ્પો માંથી ચાર લાખથી વધુનો વિદેશી દારૂનો જથ્થો કબજે કરી ટેમ્પો ચાલકની ધરપકડ કરી હતી સુરત ગ્રામ્ય પોલીસે પલસાણા ના એના ટોલનાકા નજીકથી એક શંકાસ્પદ જણાતા ટેમ્પો રોક્યો હતો ટેમ્પા ચાલકની પૂછપરછ કરતા તેને કેળાઓ હોવાનું જણાવ્યું હતું ત્યારબાદ પોલીસે ટેમ્પોમાં તપાસ કરી હતી ટેમ્પો માંથી વિદેશી દારૂનું જથ્થ મળી આવતા દારૂના જથ્થાની ગેરકાયદેસર હેરાફેરી કરતા હોવાનું જાણવા મળ્યું હતું સુરત ગ્રામ્ય પોલીસે મહારાષ્ટ્ર પાર્સિંગની બોલેરો પીક અપ નંબર એમએચ 06 b g 0624 માંથી પોલીસે ૪.૪૨ લાખની કિંમતની ૩૪ ૨૦ નંગ દારૂની બાટલીઓ અને બિયરના ટીન જપ્ત કર્યા છે પોલીસે દારૂ ગાડી અને મોબાઈલ મળી કુલ ૯.૪૭ લાખથી વધુનો મુદ્દા માલ કબજે કરી ચાલક અકીબ ગફાર ખાન રહે નવાપુર ની ધરપકડ કરી છે. પૂછપરછમાં સામે આવ્યું કે ૧૦,૦૦૦ ની લાલા છે આ જથ્થો શિરપુરથી ભરૂચ હાઈવે પહોંચાડવાનો હતો પોલીસે દારૂ મંગાવનાર સુરત ના નાના સહિત અન્ય ત્રણ વોન્ટેડ આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે

# યુવતીની છેડતી અંગે ઠપકો મળતા યુવક દ્વારા મારામારી

## પિડીતાના પિતાને ઢીકમુક્કીનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૨૧**
ડિંડોલી વિસ્તારમાં યુવતી સાથે અશ્લીલ હરકત અને છેડતીનો મામલો સામે આવ્યો છે. આ અંગે પીડિતાના પિતાએ ડિંડોલી પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ મુજબ, આરોપી પંકજ રાજકુમાર સોની, રહે. શિવાજીનગર ડિંડોલી, ગત ૧૮ થી ૧૯ મે દરમિયાન ફરિયાદીની ૧૮ વર્ષીય દીકરીના ઘરના દરવાજા પાસે બેસી અશ્લીલ હરકતો કરતો હતો. આરોપીએ પોતાના શરીર ઉપર પહેરેલી લુંગી કાઢી ઈશારા કર્યા હતા તેમજ યુવતીને ઘરમાં બોલાવવાના ઈશારા કરી અનિચ્છનીય જાતીય માંગણી કરી હતી. આ બાબતે યુવતીના પિતા આરોપીને સમજાવવા જતા આરોપીએ ગાળાગાળી કરી ઢીકમુક્કીનો માર માર્યો હતો અને જાનથી મારી નાખવાની ધમકી આપી ફરાર થઈ ગયો હતો. ડિંડોલી પોલીસે આરોપી વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



**સુરત શહેરના ડીંડોલી વિસ્તારમાં સુમુલ ડેરી દ્વારા ન્યુ પાર્લર શરૂ કરવામાં આવ્યું છે. એમ્પાયર બિઝનેસ હબ ખાતે સુમુલના નવા પાર્લરનો શુભારંભ આજરોજ થઈ ગયો છે. નવા પાર્લર દ્વારા સુમુલ ડેરીની તમામ પ્રોડક્ટનો લાભ સ્થાનિક ગ્રાહકોને મળી રહેશે.**

# સરદાર બ્રિજ નીચે પાર્કિંગમાં કાર હેઠળ કચડાતા આધેડ મહિલાનું મોત

## હોસ્પિટલમાં સારવાર દરમિયાન ઈજાગ્રસ્ત મહિલાનું મોત


**પ્રતાપ પ્રતિનિધિ, સુરત,તા.૨૧**
અડાજણ ગેસ સર્કલ નજીક સરદાર બ્રિજ નીચે પાર્કિંગમાં એક ગંભીર અકસ્માતની ઘટના સામે આવી છે. જેમાં બેદરકારીપૂર્વક કાર ચલાવીને એક આધેડ મહિલાનું મોત નિપજાવનાર ચાલક વિરૂદ્ધ અડાજણ પોલીસ મથકમાં કાયદેસરની ફરિયાદ નોંધાવવામાં આવી છે.

મળતી વિગત મુજબ,અડાજણ, બદ્રીનારાયણ મંદિરની સામે રેવાનગર ઝુંપડપટ્ટી ખાતે રહેતા અને મજૂરીકામ કરતા ૩૯ વર્ષીય કૈલાશ જયંતી ઓડે અડાજણ ગામ ચોકીના ઈન્ચાર્જ પો.સ.ઈ. જી.એલ. નિમાવત સમક્ષ ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ અનુસાર, ગત તારીખ ૧૮/૦૫/૨૦૨૬ના રોજ બપોરના આશરે એકાદ વાગ્યાના અરસામાં અડાજણ ગેસ સર્કલ ખાતે સરદાર બ્રિજ નીચે પાર્કિંગમાં આ અકસ્માત સર્જાયો હતો.

અમદાવાદના થલતેજમાં સાલ હોસ્પિટલની સામે ઉત્સવ બંગ્લોઝમાં રહેતા તેમજ સુરતના અડાજણના હરીશનગરમાં રહેતા ૩૮ વર્ષીય જતીન નાનજી પાનસુરીયાએ પોતાની સ્વિફ્ટ ડિઝાયર ગાડી (રજી. નં. GJ-05-JB-7908) ગફલતભરી રીતે ચલાવીને કૈલાશભાઈના વૃદ્ધ માતા શારદાબેનને ટક્કર મારી હતી. આ અકસ્માતમાં ગંભીર ઈજાઓ થવાના કારણે તેમને ખાનગી હોસ્પિટલમાં દાખલ કરાયા હતા જ્યાં ગઈકાલે તેમનું સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. અડાજણ પોલીસે સ્વિફ્ટ ડિઝાયર કારના ચાલક જતીન પાનસુરીયા વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. વધુમાં જાણવા મળ્યું હતું કે શારદાબેન કામ માટે નીકળ્યા હતા અને છાયડો જોઈ બ્રીજની નીચે ગરમીમાં બેસ્યા હતા, અને અકસ્માત સર્જાયો હતો. કાર ચાલક વૃદ્ધાને હોસ્પિટલ લઈ લઈ ગયો હતો.

# માતા જીણને ૫૧ કિલો આમનો ભોગ ધરાવાયો

**સુરત,તા.૨૧**
શ્રી જીણ માતા સેવા ટ્રસ્ટ દ્વારા મંગળવારે ન્યૂ સિટી લાઈટ રોડ પર આવેલા દેવસર માતા મંદિર સ્થિત જીણ માતા મંદિરમાં માતાજીને ૫૧ કિલો હાફુસ આમનો ભોગ ધરાવવામાં આવ્યો હતો. આ પ્રસંગે હાજર રહેલા ભક્તોએ માતાજીના જયકારા લગાવ્યા હતા. ત્યારબાદ આ આમ ભક્તોને પ્રસાદ સ્વરૂપે વહેંચવામાં આવી હતી. આ અવસરે ટ્રસ્ટના અમિત દોદરાજકા સહિત મોટી સંખ્યામાં સભ્યો હાજર રહ્યા હતા.



# પગારના વિવાદમાં આધેડના મોતના કેસમાં બે આરોપીઓને શંકાનો લાભ

## પિતાના મોત અંગેની ટ્રાયલમાં પુત્રએ યોગ્ય જુબાની નહીં આપતા બે નિર્દોષ છૂટ્યા

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૨૧**
પગારના વિવાદમાં પિતાના મોત અંગેના કેસમાં પુત્ર ઉલટતપાસમાં ફરી જતાં અદાલતે પુરાવાના અભાવે બે આરોપીને શંકાનો લાભ આપી નિર્દોષ મુક્ત કર્યા હતા.

આ કેસમાં આરોપી પ્રકાશચંદ્ર સુરેશચંદ્ર ભાટી અને મિલન ઉર્ફે મિલિંદ જીતેન્દ્ર અજમેરી વિરૂદ્ધ ડ્રાઈવિંગના પગારના પૈસા બાબતે ઝઘડો કરી, ફરિયાદીના પિતા પાંડુરંગ પવારને ધક્કો મારી બ્રેઈન હેમરેજથી મોત નીપજાવવાનો આરોપ હતો. જોકે, સુનાવણી દરમિયાન મૂળ ફરિયાદી ગણેશ પવાર પોતાના કેસને સમર્થન ન આપી હોસ્ટાઈલ જાહેર થયા હતા. તેમણે ઉલટતપાસમાં સ્વીકાર્યું કે આરોપીઓ સાથે કોઈ મારામારી થઈ નહોતી અને એફ.આઈ.આર. પણ અન્ય લોકોના કહેવાથી વિલંબથી નોંધાવી હતી. પરિણામે, અદાલતે નોંધ્યું કે ફરિયાદ પક્ષ આરોપીઓની સંડોવણી અને ગુનાના આવશ્યક તત્વો સાબિત કરવામાં નિષ્ફળ રહ્યો છે. આથી કોર્ટે શંકાનો લાભ આપી બંને આરોપીઓને બી.એન.એસ.ની વિવિધ કલમો હેઠળના ગુનાઓમાંથી નિર્દોષ છોડી મૂકવાનો આખરી હુકમ કર્યો છે. બચાવ પક્ષે વકીલ સ્મૃતિ રાવલે દલીલો કરી હતી.